વર્ષઃ 6 અંકઃ 14

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 જાન્યુઆરી, 2026 (નિઃશુલ્ક)




ભારત ચૂંટણી પંચ

## સમૃદ્ધ લોકશાહી નો સશક્ત આધાર

‘એક વ્યક્તિ, એક વોટ, એક મૂલ્ય’ના બંધારણીય સંકલ્પ સાથે લોક-ભાગીદારી અને વિશ્વાસના નવા પરિમાણો રચતું ભારત ચૂંટણી પંચ કરી રહ્યું છે લોકશાહીની આત્માને સશક્ત...

ઈ-કોપી માટે QR સ્કેન કરો



# 'વિકસિત ભારત' નો સંકલ્પ જરૂર સિદ્ધ થશે

***દર મહિનાના છેલ્લાં રવિવારે રેડિયો પર પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમના માધ્યમથી દેશવાસીઓને સમાજની ભલાઈ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવાની સારી તક મળે છે. નવી ઊર્જા, નવા વિષય અને પ્રેરણાથી ભરી દેનારી 'મન કી બાત'ની અગણિત ગાથાઓ દેશવાસીઓને પરસ્પર જોડે છે. 28 ડિસેમ્બરના રોજ આ કાર્યક્રમનો 129મો એપિસોડ પ્રસારિત થયો, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2025ની ઉપલબ્ધિઓ વિશે ચર્ચા કરી. સાથે જ કહ્યું કે 2026માં દેશ નવી આશાઓ, નવા સંકલ્પોની સાથે આગળ વધવા માટે છે તૈયાર...***

- **ભારતીયને ગર્વ:** વર્ષ 2025એ આપણને એવી ઘણી ક્ષણો આપી જેના પર દરેક ભારતીયને ગર્વ થયો. દેશની સુરક્ષાને લઈને રમતના મેદાન સુધી, વિજ્ઞાનની પ્રયોગશાળાઓથી લઈને દુનિયાના મોટા મંચ સુધી. ભારતે દરેક જગ્યા પર પોતાની મજબૂત છાપ છોડી.
- **ઓપરેશન સિંદૂર:** આ વર્ષ 'ઓપરેશન સિંદૂર' દરેક ભારતીય માટે ગર્વનું પ્રતિક બની ગયું. દુનિયાએ સ્પષ્ટપણે જોયું કે આજનું ભારત પોતાની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરતું નથી. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતના ખૂણે-ખૂણેથી મા ભારતી પ્રત્યે પ્રેમ અને સમર્પણની તસ્વીરો સામે આવી.
- **એન્ટિબાયોટિક:** ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચનો એક રિપોર્ટ જણાવે છે કે ન્યુમોનિયા અને યુટીઆઈ જેવી બીમારીઓમાં એન્ટિબાયોટિક દવાઓ નબળી સાબિત થઈ રહી છે. તેનું એક મોટું કારણ સમજ્યા વિચાર્યા વગર તેનું સેવન છે. આથી મારો આગ્રહ છે કે ડૉક્ટરની સલાહ વગર એન્ટિબાયોટિક દવાઓ ન લો.
- **યુવા શક્તિ:** આજે દુનિયા ભારતને ઘણી જ આશાઓ સાથે જોઈ રહી છે. ભારતથી આશાનું સૌથી મોટું કારણ છે આપણી યુવા શક્તિ, વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણી ઉપલબ્ધિઓ, નવા-નવા વિચારો ટેક્નોલોજીનો વિસ્તાર, આનાથી દુનિયાભરના દેશ ખૂબ જ પ્રભાવિત છે.
- **સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન:** આજે દેશની અંદર યુવાઓને પ્રતિભા દર્શાવવાની તક મળી રહી છે, જ્યાં યુવા પોતાની યોગ્યતા અને રુચિ અનુસાર ટેલેન્ટ બતાવી શકે છે. આવો જ એક મંચ છે- 'સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન', જ્યાં આઈડિયાઝ, એક્શનમાં બદલાય છે.
- **સોલર પેનલ:** મણીપુરના મોઈરાંગથેમ સેઠ જે વિસ્તારમાં રહેતા હતા ત્યાં વીજળીની મોટી સમસ્યા હતી. એવામાં તેમણે સોલર પેનલ લગાવવાનું અભિયાન ચલાવ્યું. આ અભિયાનના કારણે આજે સેંકડો ઘરમાં સોલર પાવર પહોંચ્યો છે. આજે સરકાર 'પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના' અંતર્ગત દરેક લાભાર્થી પરિવારને સોલર પેનલ લગાવવા માટે લગભગ 75 થી 80 હજાર રૂપિયા આપી રહી છે.
- **કાશી તમિલ સંગમમ:** આ વર્ષે વારાણસીમાં 'કાશી તમિલ સંગમમ' દરમિયાન તમિલ શીખવા પર ભાર આપવામાં આવ્યો. તમિલ શીખો- 'તમિલ કરાકલમ' આ થીમ અંતર્ગત વારાણસીમાં 50થી વધુ સ્કૂલોમાં વિશેષ અભિયાન પણ ચલાવવામાં આવ્યું.
- **પાર્વતી ગિરિ:** જાન્યુઆરી 2026માં ઓરિસ્સાની પાર્વતી ગિરિની જન્મ-શતાબ્દી ઊજવવામાં આવશે. જેમણે 16 વર્ષની ઉંમરમાં 'ભારત છોડો આંદોલન'માં ભાગ લીધો હતો. બાદમાં તેમણે પોતાનું જીવન સમાજસેવા અને જનજાતિય કલ્યાણને સમર્પિત કરી દીધું. તેમણે અનેક અનાથ આશ્રમોની સ્થાપના કરી. તેમનું પ્રેરણાદાયી જીવન દરેક પેઢીને માર્ગદર્શન આપતું રહેશે.
- **લેસ ક્રાફ્ટ:** આંધ્રપ્રદેશના નારસાપુરમ જિલ્લાની લેસ ક્રાફ્ટની ચર્ચા હવે સમગ્ર દેશમાં વધી રહી છે. આંધ્રપ્રદેશ સરકાર અને નાબાર્ડ સાથે મળીને કારીગરોને નવી ડિઝાઈન શીખવી રહ્યા છે, વધુ સારૂ કૌશલ્ય પ્રશિક્ષણ આપી રહ્યા છે અને નવા બજારો સાથે જોડી રહ્યા છે.
- **કચ્છ રણોત્સવ:** આ વર્ષે કચ્છ રણોત્સવનું આયોજન 20 ફેબ્રુઆરી સુધી ચાલશે. અહીં કચ્છની લોક સંસ્કૃતિ, લોક સંગીત, નૃત્ય અને હસ્ત શિલ્પની વિવિધતા જોવા મળે છે. કચ્છના સફેદ રણની ભવ્યતા જોવી એ એક સુખદ અનુભવ છે.
- **વિકસિત ભારત:** દર મહિને મને એવા અનેક સંદેશા મળે છે જેમાં 'વિકસિત ભારત'ને લઈને લોકો પોતાના વિઝન શેર કરે છે. લોકો તરફથી મળતા સૂચન અને તેમના પ્રયત્નોની વાતો જ્યારે મારા સુધી પહોંચે છે ત્યારે એ વિશ્વાસ દિનપ્રતિદિન મજબૂત બનતો જાય છે કે 'વિકસિત ભારત'નો સંકલ્પ જરૂર સિદ્ધ થશે.

'મન કી બાત' આખી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

न्यू ईन्डिया
# સમાચાર

વર્ષઃ 6 | અંકઃ 14 | 16-31 જાન્યુઆરી, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

# અંદરના પાનાં પર...




**કવર સ્ટોરી**

ભારત દુનિયાની સૌથી મોટી અને સૌથી જીવંત લોકશાહી છે. લોકશાહીમાં જનાદેશ જ સર્વોપરિ છે અને જનાદેશ નક્કી થાય છે નાગરિકોના વોટના અધિકારથી. એવામાં મતદાર યાદીનું શુદ્ધિકરણ હોય કે નીતિ, પહેલ તથા આધુનિક તકનીકથી ચૂંટણી પ્રણાલીને વધુ અસરકારક બનાવવી, આ ચૂંટણી સુધારાના માધ્યમથી લોકશાહીને સશક્ત અને સમૃદ્ધ બનાવવાની એક નિરંતર પ્રક્રિયા છે. એવામાં બાબાસાહેબ આંબેડકરના બંધારણ સભામાં આપવામાં આવેલા સિદ્ધાંત- 'વન પર્સન, વન વોટ, વન વેલ્યુ'ના આદર્શ જ વર્તમાન અને ભવિષ્યના સુધારાઓનો આધાર છે... | 10-29

**પ્રધાનમંત્રીનો વિશેષ લેખ**




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025ની ઉપલબ્ધિઓ પર એક લિંક્ડઈન પોસ્ટ શેર કરી... | 6-9




પીએમ મોદીએ આસામની ધરતી પરથી કહ્યું કે પૂર્વોત્તરથી જ થશે દેશના ભવિષ્યનો નવો સૂર્યોદય... | 38-40


સમાચાર સાર | 4-5

મનરેગાનો નવો અવતાર, વિકસિત ભારત- જી રામ જી બિલ
સંસદના શિયાળુ સત્રમાં મળી ગ્રામીણ ભારતમાં રોજગારની નવી ગેરંટી | 30-33

સશક્ત બેટીઃ સમૃદ્ધ અને વિકસિત ભારત
રાષ્ટ્રીય બાલિકા દિવસ 2026: દીકરીનો જન્મ બને ઉત્સવ, બોજ નહીં | 34-35

પરંપરાગત ચિકિત્સા ગંભીર સ્વાસ્થ્ય પડકારોનો ઉકેલ
ડબ્લ્યુએચઓ પરંપરાગતના બીજા શિખર સંમેલનમાં પીએમ મોદીનું સંબોધન | 36-37

કેન્દ્રીય મંત્રીમંડળનાં નિર્ણયઃ દિલ્હી મેટ્રોનો થશે વધુ ફેલાવો
મહારાષ્ટ્ર અને ઓરિસ્સાના મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મંજૂરી | 41

પશ્ચિમ બંગાળની પ્રગતિને નવી ગતિ
પીએમ મોદીએ પશ્ચિમ બંગાળને આપી 3,200 કરોડ રૂપિયાની ભેટ | 42-43

નેતાજીએ પરાક્રમથી સ્વતંત્રતા સંગ્રામને આપી નવી શક્તિ
પરાક્રમ દિવસ-23 જાન્યુઆરીઃ નેતાજીની જયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રના વંદન | 44-45

આત્મસન્માન, એકતા અને સેવાના પ્રતીક
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખનઉમાં કર્યું રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું લોકાર્પણ | 46-47

વીર બાળ દિવસઃ અસાધારણ સાહસ અને પ્રતિભા દર્શાવતા યુવાનોનું સન્માન
રાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારનું વિતરણ કર્યું | 48-49

સુરક્ષિત, સ્વચ્છ અને મજબૂત ભવિષ્યનો પાયો
પરમાણુ ઊર્જાઃ સંસદમાં શાંતિ બિલ, 2025 પસાર | 50-52

જેની કળા પથ્થરોમાં પૂરતી રહી આત્મા
શ્રદ્ધાંજલિઃ મહાન મૂર્તિકાર રામ વનજી સુથારનું નિધન | 53

ત્રણ દેશ, એક સંદેશઃ સહયોગ, વિકાસ અને વિશ્વાસ
પીએમ મોદીની જોર્ડન, ઈથિયોપિયા અને ઓમાનની યાત્રા | 54-58

વ્યક્તિત્વઃ મુનીશ્વર ચંદ્ર ડાવર
ગરીબ દર્દીઓના મસીહા | 59

વિશ્વ પુસ્તક મેળોઃ "ભારતીય સૈન્ય ઈતિહાસ શૌર્ય તથા પ્રજ્ઞા@75"
પીએમ-યુવા લેખક માર્ગદર્શન યોજનાના ત્રીજા પડાવમાં 43 યુવા લેખકોની પસંદગી | 60



પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) મુદ્રણઃ જેકે ઑફસેટ ગ્રાફિક્સ પ્રા લિ., બી-278, ઓખલા ઔદ્યોગિક ક્ષેત્ર, ફેઝ-1, નવી દિલ્હી-110020, પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

# રાષ્ટ્રીય મતદાતા દિવસ
# જીવંત લોકશાહીની શક્તિ

સાદર નમસ્કાર.

જ્યારે ભારતના બંધારણનું અમલીકરણ કરવામાં આવી રહ્યું હતું ત્યારે બાબાસાહેબ આંબેડકરે બંધારણ સભામાં આપેલા એમના ઐતિહાસિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કેવી રીતે ભારતમાં લોકશાહી પ્રક્રિયા પ્રાચીન કાળથી જ અસ્તિત્વમાં હતી. આ દેશના 140 કરોડ નાગરિકો માટે ગર્વની વાત છે કે આપણી લોકશાહી વિશ્વની સૌથી પ્રાચીનતમ લોકશાહી હોવાની સાથે-સાથે વિશ્વની સૌથી વિશાળ, વિવિધતાપૂર્ણ, યુવા, સમાવેશી અને સંવેદનશીલ લોકશાહી પણ છે. આ સમાવેશી લોકશાહીની પ્રભાવશાળી ઝલક ચુંટણીમાં જોવા મળે છે. દેશમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાની બંધારણીય જવાબદારી ચૂંટણી પંચની છે, જેણે સાત દાયકાથી વધુની યાત્રામાં એને સાબિત પણ કરી છે. એના મહત્વનો અંદાજ એનાથી પણ લગાવી શકાય છે કે ભારત ગણતંત્ર ઘોષિત થવાના બરાબર એક દિવસ પહેલા જ ચૂંટણી પંચની સ્થાપના થઈ હતી. આ સમયે ડૉ. આંબેડકરે એ મતદાનના અધિકારને સર્વોપરિ માન્યો હતો.

મતદાન કોઈપણ લોકશાહીમાં સૌથી પવિત્ર દાન હોય છે, જે દેશનું ભવિષ્ય નક્કી કરે છે. આથી એ જરૂરી છે કે સમયાંતરે ચૂંટણીની પ્રક્રિયામાં સુધારા લાવવામાં આવે, સાથે જ મતદાર યાદીનું શુદ્ધિકરણ પણ થતું રહે.

પોતાની 76 વર્ષની યાત્રામાં ચૂંટણી પંચે મહત્વના સુધારા, તકનીકના ઉપયોગથી પ્રક્રિયાને સહજ બનાવવા અને મતદાન પ્રત્યે લોકોને જાગૃત કરવા માટે અસરકારક ભૂમિકા નિભાવી છે. એ જ કારણ છે કે આજે ભારતની ચૂંટણી પ્રક્રિયા તથા પ્રબંધનમાંથી વિશ્વના અનેક દેશો બોધપાઠ લઈ રહ્યાં છે. ભારતની લોકશાહી વિશ્વ સમુદાય માટે નવા આદર્શ સ્થાપિત કરી રહી છે. આ યાત્રામાં ભારતના મતદારો અને ચૂંટણી પંચ, ભાગીદારી અને ઉત્કૃષ્ટતાનાં નવા દષ્ટાંત સ્થાપિત કરી રહ્યા છે. ભારતનું ચૂંટણી પંચ એક એવી સંસ્થા છે જે હંમેશા નિષ્પક્ષ અને નિર્ભય રહીને ન્યાય પર આધારિત નિર્ણય લે છે. લોકશાહીની રક્ષા કરનારી સંસ્થા છે આપણું ચૂંટણી પંચ.

આ 25 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ એક વિશેષ સંયોગ લઈને આવ્યો છે, જ્યારે ભારતે આંતરરાષ્ટ્રીય લોકશાહી તથા ચૂંટણી સહાયક સંસ્થા (ઇન્ટરનેશનલ આઈડીઈએ)ના સભ્ય રાષ્ટ્રોની પરિષદની અધ્યક્ષતા સ્વીકારી. આ અધ્યક્ષતા એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ અવસરે ભારત ચૂંટણી પંચની યાત્રા આપણા આ અંકની આવરણ કથા બની છે.

આ ઉપરાંત વ્યક્તિત્વની કડીમાં ગરીબ દર્દીઓના મસીહા મુનીશ્વર ચંદ્ર ડાવર, પરમાણુ ઊર્જા સાથે જોડાયેલું શાંતિ બિલ 2025, વિકસિત ભારત- રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ 2025, મહાન મૂર્તિકાર રામ વનજી સુથારને શ્રદ્ધાંજલિ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય, સુધારાનું વર્ષ બનેલું 2025 વિશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો લેખ, રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું લોકાર્પણ સહિત તેમના પખવાડિયાભરના કાર્યક્રમોને આમાં સામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ પત્રિકાના ઈનસાઈડ પેજ પર મન કી બાત અને બેક કવર પર રાજસ્થાનના અલવરમાં સિલીસેઢ સરોવર અને છત્તીસગઢના બિલાસપુરની પાસે કોપરા જળાશયને રામસર સાઈટ્સ જાહેર કરવા પર વિશેષ સામગ્રી સમાવિષ્ટ છે.

તમે તમારા સૂચન અમને મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




### વાંચવા મળે છે સચોટ માહિતી

તમારા દ્વારા મોકલવામાં આવતી પત્રિકા ન્યૂ ઈન્ડિયા સમાચાર મને સતત મળી રહી છે, એના માટે આપનો આભાર. ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકામાં ખૂબ જ સચોટ માહિતી વાંચવા મળી રહી છે જે બીજા કોઈ સ્ત્રોતથી મળતી નથી. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા ઉપયોગી છે. આ પત્રિકા ખૂબ જ સરસ રીતે ડિઝાઈન પણ કરવામાં આવી છે.

સંજય માલવીય
akhiri.aghat@gmail.com

### પત્રિકામાં ભારત સરકારની સ્કીમ વિશે તમામ માહિતી

મારું નામ કુમાર ચેલ્લપ્પન છે. હું કેરળમાં રહું છું અને એક પત્રકાર છું. હું ન્યૂ ઈન્ડિયા સમાચારનો નિયમિત વાચક છું. આ પત્રિકામાં ભારત સરકારની સ્કીમ વિશે તમામ માહિતી હોય છે. સાથે જ આ ભારતની પ્રગતિ બાબતે વિશ્વાસ પેદા કરે છે. આ પત્રિકામાં બહુપરિમાણીય જ્ઞાનવર્ધક માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે છે જેનાથી અમારા જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.

kumarchellappan@gmail.com

### કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ અને સ્કીમથી રહું છું અપડેટેડ

હું નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી, કોચ્ચિમાં પબ્લિક પ્રોસિક્યુટર તરીકે કામ કરી રહ્યો છું. હું ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા લાંબા સમયથી વાંચી રહ્યો છું. આ પત્રિકાના માધ્યમથી હું સેન્ટ્રલ ગવર્મેન્ટના પ્રોજેક્ટ અને સ્કીમ વિશે અપડેટ રહું છું.

advsreenaths@gmail.com

### ડિજિટલ ફૉલો કરીને આર્ટિકલ ધ્યાનથી વાંચું છું

મારું નામ રામૂ વર્મા છે. મેં જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનમાં એમએ કર્યું છે. હું ન્યૂ ઈન્ડિયા સમાચારને ડિજિટલી ફૉલો કરી રહ્યો છું. દરેક આર્ટિકલને ધ્યાનથી વાંચું છું. મને આ ખૂબ જ ઉત્તમ લાગે છે. આનાથી હું ઘણો જ અપડેટ રહું છું.

bjpramu27@gmail.com

### મહિલા સશક્તિકરણમાં ઝડપથી પ્રગતિ, દેશ બની રહ્યો છે આત્મનિર્ભર

ભારતીયો માટે આ ગર્વની વાત છે કે કેન્દ્ર સરકાર એનર્જી, હેલ્થની જવાબદારી, ઈનોવેશન, સ્ટ્રક્ચરલ સુધારા અને મલ્ટીપોલર દુનિયામાં ઘણું કામ કરી રહી છે. આનાથી દેશ આત્મનિર્ભર બની રહ્યો છે. નેશનલ સિક્યોરિટી, મહિલા સશક્તિકરણમાં ઝડપથી પ્રગતિ થઈ રહી છે. દેશ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનો સંકલ્પને લઈને ચાલી રહ્યો છે. દર બે અઠવાડિયામાં અપડેટ આપવા માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાનો આભાર.

bhagwan.sel@gmail.com


પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નં - 1077, સુચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી- 110003
ઈમેઈલ - response-nis@pib.gov.in

ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવાર બપોરે 3.10થી 3.25 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો




## હવે ઈન્ડિયા પોસ્ટ નવા અંદાજમાં, શરૂ કરી GenZ પોસ્ટ ઓફિસ

દેશમાં હવે પોસ્ટ ઓફિસની ઓળખ સંપૂર્ણપણે બદલાઈ રહી છે. GenZ પોસ્ટ ઓફિસ આ પરિવર્તનનું એક નવું ઉદાહરણ છે. જ્યાં ટપાલ સેવાઓ હવે યુવાઓ માટે એક જીવંત અને આકર્ષક અનુભવ બની ગઈ છે. અહીં વિદ્યાર્થીઓ પત્ર, પાર્સલ કે સ્પીડ પોસ્ટ જેવી સેવાઓનો લાભ લઈ શકશે ઉપરાંત QR કોડ આધારિત બુકિંગ સહિત ફ્રી વાઈફાઈના માધ્યમથી ડિજિટલ દુનિયા સાથે જોડાયેલા રહી શકે છે. કેફે-સ્ટાઈલ ઈન્ટીરિયર, QR કોડ પેમેન્ટ અને આધુનિક સેવાઓ સાથે GenZ પોસ્ટ ઓફિસના માધ્યમથી ઈન્ડિયા પોસ્ટ હવે યુવાઓની ભાષા અને જરૂરિયાતોને સમજી પોતાને નવા જમાના પ્રમાણે ઢાળી રહ્યું છે.

સરકારે દેશના કોલેજ કેમ્પસમાં GenZ થીમવાળી આધુનિક પોસ્ટ ઓફિસ શરૂ કરવાની પહેલ કરી છે. પહેલી આવી પોસ્ટ ઓફિસ આઈઆઈટી દિલ્હીમાં ખુલી છે, જ્યાં વિદ્યાર્થીઓ માટે વાઈફાઈ, QR કોડ આધારિત બુકિંગ, ગ્રેફિટી આર્ટ અને સ્માર્ટ સેવાઓ ઉપલબ્ધ છે. આ પહેલ યુવાઓને ટપાલ સેવાઓ સાથે નવી અને રસપ્રદ રીતે જોડી રહી છે. દિલ્હી વિશ્વવિદ્યાલય, આઈઆઈટી ગાંધીનગર, એમ્સ-વિજયપુર જેવા સંસ્થાનોમાં આધુનિક સેવાઓથી યુક્ત આ નવી પોસ્ટ ઓફિસ ખૂલી ચૂકી છે. જલ્દી 46 કૉલેજ કેમ્પસમાં આવી પોસ્ટ ઓફિસ ખુલશે જે પરંપરા અને તકનિક બંનેને એક સાથે લઈને ચાલશે.

## રસ્તાઓ લાલ, લીલા ઈરાદા: ભારતમાં પહેલીવાર ટેબલ-ટૉપ રેડ માર્કિંગ



ભારતમાં રાજમાર્ગ નેટવર્કના ઝડપી વિસ્તારની સાથે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના માર્ગદર્શનમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તાધીસ (એનએચએઆઈ) જવાબદાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની પરિભાષાને પણ નવું સ્વરૂપ આપી રહ્યું છે. મધ્યપ્રદેશના એક સંવેદનશીલ જંગલ અને ઘાટ વિસ્તાર વિરાંગના દુર્ગાવતી ટાઈગર રિઝર્વમાંથી પસાર થતા રાષ્ટ્રીય રાજમાર્ગ-45ની નજીક 12 કિલોમીટર ભાગના 25 સમર્પિત પશુ અન્ડરપાસ પર 'ટેબલ-ટૉપ રેડ માર્કિંગ'ની આ સુરક્ષા પહેલ દર્શાવે છે કે કોઈ એક પાસાં સાથે સમજૂતિ કર્યા વગર માર્ગ એન્જિનિયરિંગ કેવી રીતે માનવ સુરક્ષા, વન્યજીવ સંરક્ષણ અને પારિસ્થિતિક સંરક્ષણની વચ્ચે સમતોલન જાળવી શકે છે. એનએચએઆઈની આ પહેલની સાથે જ એનએચ-45નો આ ભાગ દેશનો પહેલો વાઈલ્ડ લાઈફ સેફ હાઈવે બની ગયો છે. દુબઈના શેખ જાયદ રોડથી પ્રેરણા લઈ એનએચએઆઈને રાષ્ટ્રીય રાજમાર્ગ પર ભારતનો પહેલો 'ટેબલ-ટૉપ રેડ માર્કિંગ' અમલી બનાવવામાં આવ્યો છે. નિર્ધારિત ભયવાળા ક્ષેત્રમાં માર્ગ ઉપર પાંચ મિલીમીટર જાડી, થર્મોપ્લાસ્ટિકની લાલ સપાટીની પરત બિછાવવામાં આવી છે. ચમકદાર લાલ રંગ ચાલકોને તરત જ સાવચેત કરે છે કે તેઓ ગતિ- પ્રતિબંધિત અને વન્યજીવ-સંવેદનશીલ કોરિડોરમાં પ્રવેશ કરી રહ્યા છે. થોડી ઊંચી સપાટીને હળવો સ્પર્શ અને શ્રવ્ય સંકેત મળે છે, જે ચાલકોને અસુવિધા કે અચાનક બ્રેક લગાવ્યા વગર સ્વાભાવિક રૂપે ગતિ ઓછી કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

## ભારતના અંતરિક્ષ ક્ષેત્રમાં એક મોટી ઉપલબ્ધિ...

# સૌથી ભારે સેટેલાઈટ લોન્ચ

એલવીએમ3-એમ6નું સફળ પ્રક્ષેપણ ભારતની અંતરિક્ષમાં એક મોટી ઉપલબ્ધિ છે. એલવીએમ3-એમ6-બ્લૂબર્ડ બ્લૉક-2 કૉમર્શિયલ મિશન છે. આ મિશનમાં ભારતીય ધરતી પરથી લૉન્ચ કરવામાં આવેલા અત્યાર સુધીના સૌથી ભારે સેટેલાઈટ અમેરિકાના 'બ્લૂબર્ડ બ્લૉક-2' સંચાર ઉપગ્રહને લો અર્થ ઑર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યો. આ ઉપગ્રહ નવી પેઢીનો ભાગ છે, આ સીધો જ સામાન્ય મોબાઈલ ફોન સુધી અંતરિક્ષમાં મોબાઈલ બ્રૉડબેન્ડ સેવા ઉપલબ્ધ કરાવી શકે. ભારતીય પ્રક્ષેપણ યાન એલવીએમ3એમ6 નું વજન લગભગ 640 ટન, ઊંચાઈ 43.5 મીટર છે. આ જિયો- સિંક્રોનસ ટ્રાન્સફર ઑર્બિટમાં 4,200 કિલોગ્રામ સુધીનો ભાર લઈ જવા માટે સક્ષમ છે. આ એલવીએમ 3ની છઠ્ઠી ઉડાન હતી. આ પહેલાના મિશનોમાં એલવીએમ3 ચંદ્રયાન-2, ચંદ્રયાન-3 અને વનવેબના બે મિશનને સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરી ચૂક્યા છે.

સફળ પ્રક્ષેપણ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખ્યું- એલવીએમ3 એમ6નું સફળ પ્રક્ષેપણ ભારતની અંતરિક્ષ યાત્રામાં એક ગર્વની ક્ષણ છે. આ અંતર્ગત અત્યાર સુધી ભારતની ધરતી પરથી છોડાયેલા સૌથી ભારે ઉપગ્રહ - અમેરિકાના બ્લૂબર્ડ બ્લૉક-2ને તેની નિર્ધારિત કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો. આનાથી ભારતની ભારે વજન ઊઠાવવાની ક્ષમતા વધુ મજબૂત થઈ છે. વૈશ્વિક વ્યાવસાયિક પ્રક્ષેપણ બજારમાં આપણી ભૂમિકા વધુ સશક્ત થઈ છે. આ ઉપલબ્ધિ આત્મનિર્ભર ભારતની દિશામાં કરવામાં આવેલા આપણા પ્રયત્નોને પણ દર્શાવે છે આપણા મહેનતુ અંતરિક્ષ વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોને હાર્દિક અભિનંદન. અંતરિક્ષ ક્ષેત્રે ભારત સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યો છે!



**પ્રગતિની 50મી બેઠક**

# 85 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને પ્રગતિએ આપી ગતિ



***ભારતે ગત દાયકામાં શાસનની સંસ્કૃતિમાં આવેલા પરિવર્તનનો અનુભવ કર્યો છે. જ્યારે નિર્ણય સમયસર લેવામાં આવે છે, સમન્વય અસરકારક હોય છે અને ઉત્તરદાયિત્વ નક્કી હોય છે ત્યારે સરકારના સંચાલનની ગતિ સ્વાભાવિક રૂપે વધી જાય છે. તેની અસર સીધી નાગરિકોના જીવનમાં જોવા મળે છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

નવું ભારત હવે કામ અટકાવતું કે ભટકાવતું નથી પરંતુ સમયથી પહેલા તેને પૂરું કરે છે. આ કડીમાં 31 ડિસેમ્બર 2025ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટે આઈટીસી-સક્ષમ બહુ-મૉડલ પ્લેટફોર્મ પ્રગતિની 50મી બેઠકની અધ્યક્ષતા કરી. આ બેઠકમાં પાંચ રાજ્યોમાં ફેલાયેલા પાંચ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની સમીક્ષા કરી, તેનો ખર્ચ 40,000 કરોડ રૂપિયાથી વધુ છે. ગત દશકમાં 'પ્રગતિ' ઈકોસિસ્ટમે 85 લાખ કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓની ગતિ વધારવામાં મદદ કરી છે.

વર્ષ 2014માં પ્રગતિની શરૂઆતથી અત્યાર સુધીમાં 377 પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં 3,162 નક્કી કરવામાં આવેલા મુદ્દાઓમાંથી 2,958 (94%) નું સમાધાન થઈ ચૂક્યું છે, જેમાં વિલંબ, ખર્ચમાં વધારો અને સમન્વય નિષ્ફળતામાં ઘટાડો થયો છે. પ્રગતિના મહત્વને લઈને પીએમ મોદીએ કહ્યું છે કે જેમ-જેમ ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે, પ્રગતિની પ્રાસંગિકતા ઘણી વધી ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે પીએમશ્રી યોજનાને સમગ્ર અને ભવિષ્યને અનુકૂળ શિક્ષણ માટે રાષ્ટ્રીય ધોરણ બનાવવું જોઈએ. તેનું અમલીકરણ માળખાગત સુવિધાઓ કેન્દ્રિત નહીં પરંતુ પરિણામોન્મુખ હોવું જોઈએ. તમામ મુખ્ય સચિવોને પીએમ શ્રી યોજનાની નજીકથી દેખરેખ કરવાનો અનુરોધ કર્યો. પ્રગતિના આગલા ચરણ માટે પીએમ મોદીએ "સરળ બનાવવા માટે સુધારા કરો, કાર્ય-પૂર્ણતા માટે કામ કરો, અસર ઊભી કરવા માટે પરિવર્તન કરો" નો મંત્ર આપ્યો છે. ■



# 2025 સુધારાનું વર્ષ

***વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પની સિદ્ધિની દિશામાં અગ્રેસર ભારતે વર્ષ 2025માં નવા અધ્યાય ઉમેર્યા છે. વર્ષ 2025 સાક્ષી બન્યું છે સાંસ્કૃતિક ગૌરવનું, અર્થવ્યવસ્થાને નવી ગતિ આપવાનું, કૃષિ, નારી શક્તિ, ગરીબ, યુવા ઉત્થાનનું, વિજ્ઞાન, સમુદ્ર, આંતરિક સુરક્ષા અને વૈશ્વિક ગૌરવની નવી ઓળખનું. વર્ષ 2025, જ્યાં વિકાસ જ વારસો, રાષ્ટ્ર નિર્માણ જ સાધના બની છે. વીતેલા 11 વર્ષોની નિરંતર વિકાસયાત્રામાં વર્ષ 2025 પણ સુધારાઓથી ભરપૂર રહ્યું છે.***

***પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષની ઉપલબ્ધિઓ પર લિંક્ડઇન પોસ્ટ શેર કરી...***

ભારત વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બનીને ઉભર્યું છે. આ આપણા લોકોના ઈનોવેટિવ જોશના કારણે શક્ય બન્યું છે. આજે, દુનિયા ભારતને આશા અને વિશ્વાસની દૃષ્ટિએ જુએ છે. તેઓ નેક્સ્ટ-જનરેશન રિફોર્મ્સના વખાણ કરે છે જેનાથી પ્રગતિની ગતિ તીવ્ર બની છે, જે રાષ્ટ્રની વિકાસ ક્ષમતાને વધુ સશક્ત બનાવે છે.

હું અનેક લોકોને કહેતો રહ્યો છું કે ભારત રિફોર્મ્સ એક્સપ્રેસ પર સવાર થઈ ચૂક્યું છે.

આ રિફોર્મ એક્સપ્રેસનું મુખ્ય એન્જિન ભારતની ડેમોગ્રાફી, આપણી યુવા પેઢી અને આપણા લોકોનો અદમ્ય જુસ્સો છે.

2025ને ભારત માટે એક એવા વર્ષ તરીકે યાદ કરવામાં આવશે, જેમાં પાછલા 11 વર્ષમાં પ્રાપ્ત કરવામાં આવેલી પ્રગતિના આધાર પર, સુધારાઓને એક સતત રાષ્ટ્રીય મિશન તરીકે અપનાવ્યા. આપણે સંસ્થાનોને મોડર્ન બનાવ્યા, ગવર્નન્સને સરળ બનાવ્યા અને લાંબા સમય સુધી ચાલનારી, સમાવેશી વિકાસ માટે પાયાને મજબૂત બનાવ્યા.

આપણે વધુ મોટા લક્ષ્ય, તીવ્ર એક્ઝિક્યુશન અને વ્યાપક પરિવર્તનની સાથે આગળ વધ્યા. સુધારાઓનો ઉદ્દેશ નાગરિકોને સન્માન સાથે જીવવા, ઉદ્યમીઓને આત્મવિશ્વાસની સાથે ઈનોવેશન કરવા અને સંસ્થાનોને સ્પષ્ટતા અને ભરોસાની સાથે કામ કરવામાં સક્ષમ બનાવવાનો છે.

**આવો, કરવામાં આવેલા સુધારાઓનાં કેટલાક ઉદાહરણ જોઈએ...**




## જીએસટી રિફોર્મ

- 5 ટકા અને 18 ટકાના દર વાળા સ્પષ્ટ બે-સ્લેબ સ્ટ્રક્ચર લાગુ કરવામાં આવ્યો છે.
- ઘર, MSMEs, ખેડૂતો અને વધુ લેબર વાળા સેક્ટર્સ પર ટેક્સના ભારને ઓછો કરવામાં આવ્યો છે.
- તેનો હેતુ વિવાદોને ઓછા કરવા અને વધુ સારા કમ્પ્લાયન્સ સુનિશ્ચિત કરવાનો છે.
- આ સુધારાથી કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ અને ડિમાન્ડને પ્રોત્સાહન મળ્યું છે. સુધારા અમલમાં આવ્યા બાદ ફેસ્ટિવ સિઝનમાં વેચાણ વધ્યું છે.

## નાના અને મધ્યમ બિઝનેસને પ્રોત્સાહન

- નાની કંપનીઓની પરિભાષાને વધારીને હવે એ ફર્મોને પણ સામેલ કરવામાં આવી છે જેનું ટર્નઓવર 100 કરોડ રૂપિયા સુધી છે.
- હજારો કંપનીઓ માટે અનુપાલનનો ભાર અને એની સાથે જોડાયેલા ખર્ચ ઓછા થશે.

## મધ્યમ વર્ગ માટે અભૂતપૂર્વ રાહત

- પહેલીવાર, વાર્ષિક 12 લાખ રૂપિયા સુધી કમાનારા લોકોને કોઈ ઈન્કમટેક્સ નહીં આપવો પડે.
- 1961ના જૂના ઈન્કમટેક્સ એક્ટને આધુનિક અને સરળ ઈન્કમટેક્સ એક્ટ, 2025માં બદલી દેવામાં આવ્યો છે.
- આ તમામ સુધારા મળીને ભારતને એક પારદર્શક, ટેક્નોલોજી આધારિત ટેક્સ એડમિનિસ્ટ્રેશન તરફ લઈ જઈ રહ્યા છે.




## 100% FDI વીમા સુધારો

- ભારતીય વીમા કંપનીઓમાં 100% પ્રત્યક્ષ વિદેશી રોકાણને મંજૂરી આપવામાં આવી છે.
- આમાં વીમા કવરેજ અને નાગરિકોની સુરક્ષાને પ્રોત્સાહન મળશે.
- પ્રતિસ્પર્ધા વધવાની સાથે લોકોને વધુ સારા વીમા વિકલ્પ મળશે.



## મેરિટાઈમ અને બ્લૂ ઈકોનૉમી રિફોર્મ

- સંસદના એક જ સત્ર, ચોમાસું સત્રમાં, પાંચ ઐતિહાસિક સમુદ્રી કાયદા પસાર કરવામાં આવ્યાઃ બિલ્સ ઑફ લેન્ડિંગ એક્ટ, 2025; કેરેજ ઑફ ગુડ્ઝ બાય સી બિલ, 2025; કોસ્ટલ શિપિંગ બિલ, 2025; મર્ચન્ટ શિપિંગ બિલ, 2025; અને ઈન્ડિયન પોર્ટ્સ બિલ, 2025
- આ સુધારા ડોક્યુમેન્ટેશનને સરળ બનાવે છે, વિવાદોને ઉકેલવા સરળ બનાવે છે અને લૉજિસ્ટિક ખર્ચને ઓછો કરે છે.
- 1908, 1925 અને 1958ના જૂના કાયદાને પણ બદલી દેવામાં આવ્યા છે.

### સિક્યોરિટીઝ માર્કેટ રિફોર્મ

- સિક્યોરિટીઝ માર્કેટ કોડ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું છે. આ SEBIમાં ગવર્નન્સના નિયમોને વધુ સારા બનાવશે. સાથે જ કન્ઝ્યુમર પ્રોટેક્શનને વધારશે, અનુપાલનના ભારને ઓછો કરશે અને વિકસિત ભારત માટે ટેક્નોલોજી-ડ્રિવન સિક્યોરિટીઝ માર્કેટને સક્ષમ બનાવશે.
- સુધારાઓથી ઓછા અનુપાલન અને બીજા ઓવરહેડ્સના કારણે બચત સુનિશ્ચિત થશે.

### જન વિશ્વાસ... અપરાધીકરણના યુગનો અંત

- અનેક જૂના કાયદાઓને રદ કરી દેવામાં આવ્યા છે.
- રિપીલિંગ એન્ડ અમેન્ડમેન્ટ બિલ, 2025 દ્વારા 71 કાયદાને રદ કરી દેવામાં આવ્યા છે.

### 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન

- સિન્થેટિક ફાઈબર, દોરા, પ્લાસ્ટિક, પૉલિમર અને બેઝ મેટલ્સ સાથે સંબંધિત કુલ 22 QCOs રદ કરવામાં આવ્યા, જ્યારે વિભિન્ન સ્ટીલ, એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ, એલૉય અને ઉપભોક્તા ઉત્પાદન શ્રેણીઓમાં 53 QCOs કાઢી નાખવામાં આવ્યા. જેમાં ઔદ્યોગિક અને ઉપભોક્તા સામગ્રીઓની એક વિસ્તૃત શૃંખલા સામેલ છે.
- આનાથી કપડાના એક્સપોર્ટમાં ભારતનો હિસ્સો વધશે; ફૂટવેર, ઑટોમોબાઈલ જેવી અલગ અલગ ઈન્ડસ્ટ્રીમાં પ્રોડક્શન કૉસ્ટ ઓછી થશે; અને ઈલેક્ટ્રોનિક્સ, સાયકલ અને ઑટોમોટિવ પ્રોડક્ટ્સ માટે સ્થાનિક ગ્રાહકોને ઓછી કિંમત મળશે.

### ઐતિહાસિક લેબર રિફોર્મ

- લેબર કાયદાઓને નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમાં 29 વિખરાયેલા કાયદાઓને ભેગા કરી ચાર આધુનિક કોડ બનાવવામાં આવ્યા છે.
- ભારતે એક એવું લેબર ફ્રેમવર્ક બનાવ્યું છે જે કર્મચારીઓના હિતોની રક્ષા કરે છે અને બિઝનેસ ઈકોસિસ્ટમને પણ વેગ આપે છે.
- આ સુધારા યોગ્ય વેતન, સમયસર વેતન ચુકવણી, વધુ સારા ઔદ્યોગિક સંબંધ, સામાજિક સુરક્ષા અને સુરક્ષિત કાર્યસ્થળો પર કેન્દ્રિત છે.
- આ વર્કફોર્સમાં મહિલાઓની વધુ ભાગીદારી સુનિશ્ચિત કરે છે.
- કોન્ટ્રાક્ટ આધારિત શ્રમિકો સહિત અસંગઠિત શ્રમિકોને ESIC અંતર્ગત લાવવામાં આવ્યા છે, જેનાથી ઔપચારિક વર્કફોર્સનો વિસ્તાર વધ્યો છે.

### ભારતીય ઉત્પાદનો માટે વધુ સારું બજાર

- ન્યૂઝીલેન્ડ, ઓમાન અને બ્રિટનની સાથે ટ્રેડ ડીલ સાઈન કરવામાં આવી છે. આનાથી રોકાણ વધશે, રોજગારની તક વધશે અને લોકલ આંત્રપ્રિન્યોર્સને પણ પ્રોત્સાહન મળશે. આ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં એક વિશ્વસનીય અને પ્રતિસ્પર્ધી ભાગીદારના રૂપમાં ભારતની સ્થિતિને મજબૂત કરશે.
- સ્વિટ્ઝરલેન્ડ, નૉર્વે, આઈસલેન્ડ અને લિકટેંસ્ટીન સાથે મળી બનેલા યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન સાથે FTA અમલી થઈ ગયો છે. આ વિકસિત યુરોપીય અર્થવ્યવસ્થાઓની સાથે ભારતનો પહેલો FTA છે.



## ન્યૂક્લિયર એનર્જી રિફોર્મ

- SHANTI એક્ટ ભારતની ક્લીન-એનર્જી અને ટેકનોલૉજીની યાત્રામાં એક મોટો બદલાવ લાવનારું પગલું છે.
- ન્યુક્લિયર સાયન્સ અને ટેકનોલૉજીના સુરક્ષિત, પાક્કા અને ઉત્તરદાયી વિસ્તાર માટે એક મજબૂત માળખું સુનિશ્ચિત કરે છે.
- ભારતને AI યુગની વધતી ઊર્જા જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરે છે, જેમ કે ડેટા સેન્ટર, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઈડ્રોજન અને હાઈ-ટેકનોલૉજી ઈન્ડસ્ટ્રીઝને પાવર આપવો. આ સૌથી વધુ રોજગાર અને ગ્રોથ હશે.
- હેલ્થકેર, એગ્રીકલ્ચર, ફૂડ સિક્યોરિટી, વૉટર મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રી, રિસર્ચ અને પર્યાવરણની સ્થિરતામાં ન્યૂક્લિયર ટેકનોલૉજીના શાંતિપૂર્ણ ઉપયોગનો ફેલાવો કરે છે, જેમાં સમાવેશી વિકાસ અને વધુ સારા જીવન સ્તરને પ્રોત્સાહન મળે છે.
- પ્રાઈવેટ સેક્ટરની ભાગીદારી, ઈનોવેશન અને સ્કીલ ડેવલોપમેન્ટ માટે નવા રસ્તા ખોલે છે. ભારતના યુવાઓને નવી ટેકનોલોજી અને આગલી પેઢીના એનર્જી સોલ્યુશનને આગળ વધારવાની તક પૂરી પાડે છે.
- આ રોકાણકારો, ઈનોવેટર્સ અને સંસ્થાનો માટે ભારત સાથે પાર્ટનરશીપ કરનારા, રોકાણ કરનારા, ઈનોવેશન કરનારા અને એક ક્લીન, સશક્ત અને ફ્યૂચર-રેડી એનર્જી ઈકોસિસ્ટમ બનાવવાની ઉત્તમ તક છે.

## ગ્રામીણ રોજગાર સુધારામાં માઈલ સ્ટોન

- વિકસિત ભારત- G RAM G એક્ટ, 2025 રોજગાર ગેરંટી ફ્રેમવર્ક રોજગાર ગેરંટીને 100થી વધારીને 125 દિવસ કરે છે.
- આનાથી ગામના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આજીવિકાને મજબૂત કરવાની દિશામાં ખર્ચ વધશે.
- તેનો ઉદ્દેશ ગ્રામીણ કામને વધુ આવક અને વધુ સારી એસેટ્સ સુનિશ્ચિત કરવાનું માધ્યમ બનાવવાનો છે.

## એજ્યુકેશન રિફોર્મ્સ

- સંસદમાં રજૂ કરવામાં આવેલું બિલ
- એક સિંગલ, યૂનિફાઈડ હાયર એજ્યુકેશન રેગ્યુલેટર બનાવવામાં આવશે.
- UGC, AICTE, NCTE જેવી અનેક ઓવરલેપિંગ બૉડીસને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન દ્વારા બદલી નાખવામાં આવશે.
- ઈન્સ્ટીટ્યૂશનલ ઑટોનૉમીને મજબૂત કરવામાં આવશે, સાથે જ ઈનોવેશન અને રિસર્ચને પ્રોત્સાહન આપવામાં આવશે.



2025ના સુધારાઓને મહત્વપૂર્ણ બનાવનારી વાત ફક્ત તેનો સ્કેલ નહીં, પરંતુ તેની પાછળનો વિચાર પણ છે. અમારી સરકારે આધુનિક લોકશાહીની ભાવનાને અનુરૂપ નિયંત્રણના બદલે સહયોગ અને નિયમોને બદલે સુવિધાને પ્રાથમિકતા આપી છે.

આ સુધારા સહાનુભૂતિની સાથે ડિઝાઈન કરવામાં આવ્યા હતા, જેમાં નાના વ્યવસાયો, યુવા પ્રોફેશનલ્સ, ખેડૂતો, મજૂરો અને મધ્યમ વર્ગની વાસ્તવિકતાને ઓળખવામાં આવ્યા હતા. તેને વાતચીત દ્વારા આકાર આપવામાં આવ્યા, ડેટાથી ગાઈડ કરવામાં આવ્યા અને ભારતના બંધારણીય મૂલ્યો પર આધારિત કરવામાં આવ્યા. આ સુધારાઓનો ઉદ્દેશ એક સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનો છે. વિકસિત ભારતનું નિર્માણ અમારી વિકાસયાત્રાનો માર્ગદર્શક સિદ્ધાંત છે. અમે આવનારા વર્ષોમાં પણ સુધારા એજન્ડાને આગળ વધારતા રહીશું.

હું ભારત અને વિદેશમાં સૌને આગ્રહ કરું છું કે તેઓ ભારતની ગ્રોથ સ્ટોરીની સાથે પોતાના સંબંધોને વધુ મજબૂત કરે.

ભારત પર ભરોસો જાળવી રાખે અને અમારા લોકોમાં રોકાણ કરતા રહો. ■

*પ્રધાનમંત્રીનો લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો.*

ભારત ચૂંટણી પંચ

# ભારતની લોકશાહી

## મતદાતા, સુધારા અને ભવિષ્ય



ભારત દુનિયાની સૌથી મોટી અને સૌથી જીવંત લોકશાહી છે. લોકશાહીમાં જનાદેશ જ સર્વોપરિ છે અને જનાદેશ નક્કી થાય છે નાગરિકોના વોટના અધિકારથી. એવામાં મતદાર યાદીનું શુદ્ધિકરણ હોય કે નીતિ, પહેલ તથા આધુનિક તકનીકથી ચૂંટણી પ્રણાલીને વધુ અસરકારક બનાવવી, આ ચૂંટણી સુધારાના માધ્યમથી લોકશાહીને સશક્ત અને સમૃદ્ધ બનાવવાની એક નિરંતર પ્રક્રિયા છે. વિતેલા દાયકાઓના પ્રયત્નોથી લોકશાહી સશક્ત અને સમૃદ્ધ થઈ છે. હવે જ્યારે રાષ્ટ્ર વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિ તરફ અગ્રેસર છે, એવામાં બાબાસાહેબ આંબેડકરના બંધારણ સભામાં આપવામાં આવેલા સિદ્ધાંત- 'વન પર્સન, વન વોટ, વન વેલ્યુ'નો આદર્શ જ વર્તમાન અને ભવિષ્યના સુધારાઓનો આધાર છે...

**દેશ આ 25 જાન્યુઆરીએ 16મો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવી રહ્યો છે તો વર્ષ 2026 ભારત માટે એક વધુ ગૌરવ લઈને આવ્યું છે. ભારતે આ વર્ષ આંતરરાષ્ટ્રીય લોકશાહી તથા ચૂંટણી સહાયતા સંસ્થાન (ઇન્ટરનેશનલ આઈડીઈએ)ના સભ્ય રાષ્ટ્રોની પરિષદની અધ્યક્ષતા સ્વીકારી છે. આ પ્રસંગે આવો જાણીએ કે કેવી રીતે તકનીકની શક્તિએ જન-શક્તિને આપી છે શક્તિ અને ભારતની મતદાન પ્રક્રિયાને બનાવી છે સહજ, અસરકારક અને આધુનિક**



ભારતમાં ચૂંટણી માત્ર એક રાજકીય અને સરકાર નિર્માણનું માધ્યમ જ નથી, પરંતુ તેને લોકશાહીના મહાપર્વના રૂપમાં જન-ઉત્સવની જેમ ઉજવવામાં આવે છે. દુનિયાની સૌથી મોટી લોકશાહી એટલે કે મધર ઑફ ડેમોક્રેસીની ભૂમિ ભારત આ વખતે 25 જાન્યુઆરીના રોજ 16માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરી રહ્યું છે. આ વર્ષનો રાષ્ટ્રીય મતદાતા દિવસ વિશેષ છે. ભારતે આ વર્ષે આંતરરાષ્ટ્રીય લોકશાહી તથા ચૂંટણી સહાયતા સંસ્થાન (ઈન્ટરનેશનલ આઈડીઈએ) ના સભ્ય રાષ્ટ્રોની પરિષદની અધ્યક્ષતા સ્વીકારી છે. ભારતમાં બે દાયકા પછી મતદાર યાદીના શુદ્ધિકરણનું વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. લોકશાહીના મંદિર સંસદમાં ચૂંટણી સુધારા પર વિશેષ પરિચર્ચા આયોજિત થઈ છે. સૌથી મહત્વપૂર્ણ પાસું કે દેશ આઝાદીના 100મા વર્ષ સુધીમાં વિકસિત ભારત બનવાના સંકલ્પને લઈને સિદ્ધિના માર્ગ પર ચાલી નીકળ્યું છે અને લોકશાહીની સમૃદ્ધિની આ યાત્રામાં ભારત ચૂંટણી પંચ સારથી બનીને ચાલી રહ્યું છે.

દેશના કરોડો લોકો મતદાનના માધ્યમથી પોતાના જન-પ્રતિનિધિઓની પસંદગી કરે છે. આ લોકશાહી પ્રજાસત્તાકની ઓળખનું એક સશક્ત પ્રતિક છે. આ એ જ આધારશીલા છે જેના પર ભારતીય લોકશાહીના ભવ્ય માળખાનો પાયો નાખવામાં આવ્યો છે. સ્વતંત્રતા બાદ ભારતે શાસન પ્રણાલીના રૂપમાં સંસદીય લોકશાહીને અપનાવી છે. તેમાં સાર્વત્રિક પુખ્ત મતાધિકારના માધ્યમથી જન-પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં આવે છે. બંધારણ નિર્માતાઓ માટે ચૂંટણી પંચ કેટલું મહત્વપૂર્ણ હતું, એ તેની સ્થાપનાથી પ્રતિબિંબિત થાય છે. ભારતનું બંધારણ 26 જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું, પરંતુ તેના એક દિવસ પહેલા જ 25 જાન્યુઆરી 1950ના રોજ બંધારણ નિર્માતાઓએ ચૂંટણી પંચની રચના કરી. ચૂંટણી પંચની સ્થાપના દેશના પ્રજાસત્તાકથી એક દિવસ પહેલા એટલા માટે થઈ કે બંધારણ નિર્માતા જાણતા હતા કે જીવંત લોકશાહી ત્યારે જ શક્ય છે જ્યારે નિષ્પક્ષ અને મજબૂત ચૂંટણી વ્યવસ્થા હોય. આમાં કોઈ શંકા નથી કે બંધારણ નિર્માતાઓ માટે ચૂંટણી પંચ એક ખૂબ જ મહત્વપૂર્ણ સંસ્થા હતી. બંધારણની કલમ 324માં ચૂંટણી પંચની રચના, ચૂંટણી કમિશનરની નિયુક્તિ, લોકસભા, રાજ્યસભા, વિધાનસભા, વિધાનપરિષદ, ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ, આ તમામ ચૂંટણીઓનું સંપૂર્ણ નિયંત્રણ બંધારણે ચૂંટણી પંચને આપ્યું છે. દેશમાં અત્યાર સુધી 18 લોકસભા ચૂંટણી અને 400થી વધુ વિધાનસભા ચૂંટણી કરાવનાર ચૂંટણી પંચે 25 જાન્યુઆરી 1950થી લઈને આજ સુધી પોતાની સાર્થકતા સિદ્ધ કરી છે.

## લોકશાહી

# નારી શક્તિની વધી રહી છે ભાગીદારી

*મહિલા મતદાતાઓની સંખ્યા (1952-2024)*

| ચુંટણીનું વર્ષ | મહિલા મતદાર સંખ્યા |
|---|---|
| 1952 | - |
| 1957 | 9.21+ |
| 1962 | - |
| 1967 | - |
| 1971 | 13.06+ |
| 1977 | 15.41+ |
| 1980 | 17.06+ |
| 1984-85 | 19.23+ |
| 1989 | 23.68+ |
| 1991-92 | 24.25+ |
| 1996 | 28.27+ |
| 1998 | 28.91+ |
| 1999 | 29.57+ |
| 2004 | 32.19+ |
| 2009 | 34.22+ |
| 2014 | 39.70+ |
| 2019 | 43.85+ |
| 2024 | 47.63+ |

(મતદાર આંકડા કરોડમાં)



### લોકશાહીની સમૃદ્ધ પરંપરા

ભારત આજે વૈશ્વિક લોકશાહીનો વઆધાર છે. કોઈ પણ લોકશાહી દેશમાં 'ચૂંટણી' શબ્દ એક સરકારની રચના માટે,

# દુનિયાની સૌથી મોટી ચુંટણીનો અભ્યાસ-2024

**97.79 કરોડ** નોંધાયેલા મતદાર

**743** રાજકીય પક્ષો

**10.2 લાખ** મતદાન કેન્દ્રો

**1.5 કરોડ** મતદાન અધિકારી તથા સુરક્ષાકર્મીઓ

**55 લાખ** EVM

## લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામતનો કાયદો પસાર

લોકશાહીમાં મહિલાઓની ભાગીદારી માત્ર મતદાન માટે જ નથી વધી રહી, પરંતુ નેતૃત્વ માટે પણ આગળ આવી રહી છે. જ્યાં બીજી સામાન્ય ચૂંટણી 1957 માં 3% ઉમેદવાર મહિલાઓ હતી, ત્યાં 2024માં વધીને 10% થઈ ગઈ છે. ચૂંટાયેલી મહિલા સભ્યોની સંખ્યા, પહેલી લોકસભામાં જ્યાં 22 અને બીજી લોકસભામાં 27 હતી એ 17 મી લોકસભામાં વધીને 78 અને 18મી લોકસભામાં 75 થઈ ગઈ છે. દેશે 2023 માં નારી શક્તિ વંદન કાયદો પસાર કર્યો છે જેમાં લોકસભા અને વિધાનસભામાં એક તૃતીયાંશ અનામતની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યસભામાં પણ 1952 માં મહિલા સભ્યોની કુલ સંખ્યા 15 હતી જે વર્તમાનમાં 42 છે. આ કુલ સભ્યોના લગભગ 17% છે. ઉપરાંત દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓમાં લગભગ 14.5 લાખ ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ છે જે કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓના લગભગ 46% છે. આ દુનિયામાં અદ્વિતીય છે. દેશમાં 21 રાજ્યોએ પંચાયતમાં 33 ટકાની તુલનાએ 50% અનામતની જોગવાઈ કરી છે.



## કઈ લોકસભા ચુંટણીમાં કેટલા મતદાર

(મતદાર આંકડા કરોડમાં)

| ચુંટણી | મતદાર સંખ્યા | મતદાન |
|---|---|---|
| પહેલી | 17.32+ | 45.67% |
| બીજી | 19.36+ | 47.74% |
| ત્રીજી | 21.63+ | 55.42% |
| ચોથી | 25.02+ | 61.04% |
| પાંચમી | 27.41+ | 55.27% |
| છઠ્ઠી | 32.11+ | 60.49% |
| સાતમી | 35.62+ | 56.92% |
| આઠમી | 40.03+ | 64.01% |
| નવમી | 49.89+ | 61.95% |
| 10મી | 51.15+ | 55.88% |
| 11મી | 59.25+ | 57.94% |
| 12મી | 60.58+ | 61.97% |
| 13મી | 61.95+ | 59.99% |
| 14મી | 67.14+ | 58.07% |
| 15મી | 71.69+ | 58.21% |
| 16મી | 83.40+ | 66.44% |
| 17મી | 91.15+ | 67.40% |
| 18મી | 97.79+ | 65.79% |

રાષ્ટ્રની જનતાની સક્રિય અને પ્રત્યક્ષ ભાગીદારીનું પ્રતીક છે. આંતરરાષ્ટ્રીય સમુદાય પણ હવે ભારતને વિશ્વના સૌથી સશક્ત લોકશાહી દેશના રૂપમાં ઓળખે છે. આ ઓળખ પ્રાપ્ત કરવામાં ભારતના ચૂંટણી પંચે એક સ્વતંત્ર બંધારણીય સંસ્થાના રૂપમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. વાસ્તવમાં ભારતમાં પ્રજાસત્તાક પ્રણાલીનો સમૃદ્ધ ઈતિહાસ રહ્યો છે.

સ્વાધીનતા પછી ભારતના બંધારણના માધ્યમથી રોપવામાં આવેલાં

**એક પણ ગેરકાયદેસર ઘુસણખોરને આ દેશમાં વોટ આપવા નહીં દઈએ. આ અમારી નીતિ છે - ડિટેક્ટ એટલે શોધો, ડીલીટ કરો, મતદાર યાદી માંથી નામ કાઢો અને એમને ડિપોર્ટ કરો. અમે બંધારણીય પ્રક્રિયા કરીને ડિટેક્ટ, ડિલીટ અને ડિપોર્ટ કરીશું.**

**- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**
**(લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચામાં)**

લોકશાહીના છોડના મૂળ હજારો વર્ષ જૂની પ્રજાસત્તાકની માટીથી પોષણ પ્રાપ્ત કરી રહ્યાં છે. બાકી દેશોમાં આવું નથી થયું, લગભગ એટલે જ આજે સમગ્ર દુનિયામાં લોકશાહી સંસ્થાઓ નબળી હોવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે ભારતમાં લોકશાહી મજબૂત થતી જઈ રહી છે. વૈશાલી, કપિલવસ્તુ અને મિથિલાની પરંપરાથી ભારત એ શીખ્યું છે કે શાસન પર સમાજના કોઈ એક વર્ગ કે વંશનો એકાધિકાર હોતો નથી. લોકશાહીમાં લોકોની એટલે કે જનતાની ઈચ્છા સર્વોપરિ હોય છે. ચૂંટણી પ્રક્રિયાની સફળતાનો આધાર જાગૃત મતદાર હોય છે. ભારત ચૂંટણી પંચની યાત્રા, એક લોકશાહી પ્રજાસત્તાકના રૂપમાં ભારતની યાત્રાનાં બરાબર એક દિવસ પહેલાં જ આરંભ થઈ હતી. ચૂંટણી પંચ, ચૂંટણી પ્રક્રિયાને અસરકારક બનાવી રાખવા માટે યોગ્ય પગલાં લેતું રહ્યું છે. સશક્ત ચૂંટણી તંત્રના નિર્માણ દ્વારા ભારત ચૂંટણી પંચે સમગ્ર દુનિયા સમક્ષ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

મતદાનનો અધિકાર કોઈ સામાન્ય અધિકાર નથી. દુનિયાભરમાં મતદાનના અધિકાર માટે લોકોએ ઘણો જ સંઘર્ષ કર્યો છે. બંધારણ સભાના સભ્યોના રૂપમાં અગ્રણી બંધારણવેત્તા કૃષ્ણાસ્વામી ઐયરે પુખ્ત મતાધિકારને લોકશાહી શાસન વ્યવસ્થાની સફળતાનો મુખ્ય આધાર ગણાવ્યો હતો. અમેરિકા જે વિકસિત દેશોની યાદીમાં અગ્રણી અને લોકશાહીનું મુખ્ય ઉદાહરણ માનવામાં આવે છે, ત્યાં અનેક

## ચૂંટણી

### 18 લોકસભા અને 400 થી વધુ વિધાનસભા ચૂંટણી કરાવી ચૂક્યું છે પંચ

ચૂંટણી પંચની સ્થાપના પછી 75 વર્ષમાં 18 સામાન્ય ચૂંટણી, રાજ્યસભામાં અનેક ચૂંટણી, 400 થી વધુ વિધાનસભા ચૂંટણી અને રાષ્ટ્રપતિની 16 તથા ઉપરાષ્ટ્રપતિની 17 ચૂંટણી કરાવી ચૂક્યું છે. ભારતના બંધારણની કલમ 324 અનુસાર ભારત ચૂંટણી પંચ પાસે મતદાર યાદી તૈયાર કરવાની અને સંસદ તથા પ્રત્યેક રાજ્યના વિધાનમંડળ, ભારતના રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિના પદો માટેની તમામ ચુંટણીની જવાબદારી છે. બંધારણની કલમ 324 થી 329 સુધી ચૂંટણી પંચના કાર્યો, જવાબદારીઓ, માળખું અને સત્તાઓને પરિભાષિત કરવામાં આવી છે.



દાયકાઓનાં સંઘર્ષ અને અતૂટ સાહસ તથા ધૈર્યના બળ પર મતદાનનો અધિકાર લોકોને પ્રાપ્ત થઈ શક્યો હતો. બ્રિટનમાં પણ, મહિલાઓએ મતદાનનો અધિકાર પ્રાપ્ત કરવા માટે લાંબી લડાઈ લડવી પડી પરંતુ સ્વતંત્ર ભારતમાં આરંભથી જ 21 વર્ષ કે વધુની ઉંમરના તમામ નાગરિકોને મતદાનનો અધિકાર આપવામાં આવ્યો. બાદમાં આ ઉંમરને ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી. લાયકાત, ધર્મ, નસલ, જાતિના આધાર પર કોઈ ભેદભાવ ન કરતાં, તમામ પુરુષ કે મહિલા, અમીર કે ગરીબને મતદાનનો અધિકાર છે અને તમામ વ્યક્તિના મતનું મહત્વ પણ સમાન રાખવામાં આવ્યું છે.

મતાધિકારને લઈને ભારતીય બંધારણ કેટલું સશક્ત છે, તેનું ઉદાહરણ મહિલાઓને મળેલા મતાધિકારના વૈશ્વિક ઈતિહાસમાં પણ જોવા મળે છે. અમેરિકા જેવા દેશમાં 1776માં આઝાદી મળી અને

## વૈશ્વિક ભૂમિકા

# ભારત ચૂંટણી પંચ આંતરરાષ્ટ્રીય સ્તર પર નિભાવી રહ્યું છે મહત્વપૂર્ણ ભૂમિકા




### 142 દેશોના સહભાગીઓને આપ્યું પ્રશિક્ષણ

ચૂંટણી પંચે 28 દેશોની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ અને ત્રણ આંતરરાષ્ટ્રીય સંગઠનોની સાથે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. જૂન 2011માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટની સ્થાપના કરી. આ 15 વર્ષો દરમિયાન આ સંસ્થાએ આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રશિક્ષણ કાર્યક્રમ આયોજિત કર્યા જેમાં 142 દેશોના લગભગ 3,170 સહભાગીઓએ ભાગ લીધો. ચૂંટણી પંચે મિસર, નેપાળ, ભૂતાન, શ્રીલંકા, રશિયા, કઝાકિસ્તાન, વેનેઝૂએલા, મેક્સિકો, નામિબિયા અને ગિની જેવા દેશોમાં પોતાના નિરીક્ષક અને વિશેષજ્ઞ મોકલ્યા છે. ભારત ચૂંટણી પંચ ભારતમાં નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી સુનિશ્ચિત કરે છે, ઉપરાંત દુનિયાભરમાં લોકશાહી ચૂંટણી પ્રક્રિયાઓને મજબૂત કરવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવી રહ્યું છે. ભારત આજે ચૂંટણી વ્યવસ્થાપનના ક્ષેત્રમાં એક વૈશ્વિક માર્ગદર્શક રૂપે ઊભરી ચૂક્યું છે.

ભારત 1995થી ઈન્ટરનેશનલ આઈડિયા (IDEA) નું સંસ્થાપક સભ્ય છે. આ સંગઠન દુનિયાભરમાં લોકશાહી અને ચૂંટણી સંસ્થાઓને મજબૂત કરવાનું કામ કરે છે. 2026 માં, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આના પરિષદ અધ્યક્ષ છે.. આ દરમિયાન ભારતનું ફોકસ “સમાવેશી, શાંતિપૂર્ણ, મજબૂત અને ટકાઉ લોકશાહી”, અને IIIDEM ના માધ્યમથી ભારતના ચૂંટણી અનુભવને દુનિયા સાથે શેર કરવા પર રહેશે.

મહિલાઓને મતાધિકાર આપવામાં 144 વર્ષ લાગ્યા. ઈંગ્લેન્ડ, જ્યાંથી ભારતે સંસદીય પ્રણાલી લીધી, ત્યાં પણ વર્ષ 1918માં 30 વર્ષથી વધુની ઉંમરની મહિલાઓને મતાધિકાર મળ્યો અને 1928માં તમામ મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો. જ્યારે ભારતમાં પહેલા દિવસથી જ મહિલાઓને મતાધિકાર મળ્યો. બંધારણ સભાની ચર્ચા જ્યારે આ મુદ્દા પર બીજી દિશામાં જઈ રહી હતી, ત્યારે બાબા સાહેબે કહ્યું હતું કે આપણા પછી પણ ઘણા દેશ આઝાદ થશે અને ભારતે મતાધિકાર મામલે નેતૃત્વ કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે જો આપણે સૌને મતાધિકાર આપીશું અને એક જ મૂલ્ય રાખીશું એટલે કે એક વ્યક્તિ-એક વોટ-એક મૂલ્ય રાખીશું તો તેની અસર વિશ્વભરમાં થશે. બાબા સાહેબે જ્યારે બંધારણ સભામાં આ કહ્યું તો કોઈએ પૂછ્યું કે મહિલાઓને મતાધિકાર શા માટે આપી રહ્યા છીએ, તેઓ તો પરિવારના વડિલના કહેવા મુજબ જ વોટ આપશે. એ બાબતે બાબા

## રસપ્રદ ચૂંટણી પ્રસંગો

### હાથીઓથી રક્ષા માટે ટીમ ગોઠવી

કિસ્સો મેઘાલયના 55 સલમાનપારા વિસ્તારનો છે. લોકસભા ચૂંટણી 2014માં આ મતવિસ્તારથી હાથીઓને દૂર રાખવા માટે વન વિભાગના અધિકારીઓએ ઈમરજન્સી બેઠક કરવી પડી. બેઠક બાદ નક્કી થયું કે 19 મતદાન કેન્દ્રોની હાથીઓથી સુરક્ષા માટે વન કર્મચારીઓની પાંચ ટીમ એવા વિસ્તારોમાં ગોઠવાયેલી રહેશે જ્યાં હાથી મુશ્કેલી ઊભી કરી શકે છે.



> **વન નેશન- વન વોટર લિસ્ટ અને વન નેશન - વન ઈલેક્શન વિશે નિરંતર ચર્ચા થતી રહેવી જોઈએ. જ્યારે ચર્ચા થશે, પક્ષ-વિપક્ષ સાથે આવશે, મંથન થશે, ત્યારે જ તો અમૃત નીકળશે. આ ચર્ચા બંધ ન થવી જોઈએ. લોકશાહીમાં આ જ તો ઉત્તમ માર્ગ હોય છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સાહેબે કહ્યું હતું, એવું નથી, ભારતીય મહિલાઓ સમજદાર છે, જ્યારે તેઓ ભાગીદારી કરશે તો લોકશાહી મજબૂત થશે. આજે એનું પરિણામ દેખાઈ રહ્યું છે કે મહિલાઓ મોટી સંખ્યામાં મતદાનમાં ભાગીદારી કરી રહી છે.

### ખાસ સઘન સમીક્ષા: સુધારણાનો આધાર

ખાસ સઘન સમીક્ષા (એસઆઈઆર) શું છે? જો કોઈ મતદારનું મૃત્યુ થઈ જાય તો તેનું નામ નીકળી જાય. જો 18 વર્ષથી મોટો થઈ ગયો હોય તો તેનું નામ ઉમેરાઈ જાય. જો કોઈ પ્રકારે બે જગ્યાએ મતદાર છે, એમના નામ નીકળી જાય અને જો વિદેશી નાગરિક છે, એમના નામ વીણી-વીણીને દૂર કરવામાં આવે. આ સઘન સમીક્ષા છે. આ જ મતદાર યાદીનું શુદ્ધિકરણ છે. ઝડપથી થયેલા શહેરીકરણ, શિક્ષણ-રોજગાર માટે પ્રવાસ તથા અન્ય સામાજિક-આર્થિક પરિવર્તનનોના કારણે નાગરિકોના નિવાસસ્થાનમાં વારંવાર ફેરફાર થયો છે, આથી તેઓ ક્યાં રહે છે, એ તપાસ કરવી જરૂરી છે. ઘણીવાર એવું થાય છે કે નવા મતવિસ્તારમાં લોકો નોંધણી કરાવી દે છે અને પાછલાં મતવિસ્તારમાંથી પોતાનું નામ કઢાવી શકતા નથી. આનાથી ઘણીવાર ઘણી જગ્યાએ નોંધણી થઈ જાય છે. ઘુસણખોરી આજે સૌથી મોટી સમસ્યા છે, આથી લોકશાહીમાં મતદાર યાદીની સમીક્ષા જરૂરી છે. હાલમાં જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું- ચૂંટણી પંચને સમગ્ર દેશમાં મતદાર યાદીની એસઆઈઆર પ્રક્રિયા સંચાલિત કરવાનો વૈધાનિક અને

## ચૂંટણી કમિશનરોની નિયુક્તિના નવા નિયમ નક્કી

સુપ્રીમ કોર્ટના સૂચનથી ચૂંટણી કમિશનરોની નિયુક્તિની એક પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. સંસદના બંને ગૃહોએ ગયા વર્ષે ડિસેમ્બર, 2023 માં મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યાલયનો સમયગાળો) અધિનિયમ 2023 સંસદમાં પસાર કર્યો. આ કાયદાએ જૂના ચૂંટણી પંચ (ચૂંટણી કમિશનરોની સેવા શરતો અને કામકાજનું સંચાલન) એક્ટ 1991 નું સ્થાન લીધું. સર્ચ કમિટીની પેનલના હિસાબે પ્રધાનમંત્રી, એક કેન્દ્રીય મંત્રી અને વિપક્ષના નેતા કે વિપક્ષના નેતા તરીકે માન્યતા ન મળવાની સ્થિતિમાં સૌથી મોટા વિરોધ પક્ષના નેતાની ત્રણ સભ્યની સમિતિ એક નામ નક્કી કરશે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ નિયુક્તિ થશે. નવા કાયદા અમલમાં આવતા પહેલા ચૂંટણી કમિશનરોની નિયુક્તિ સરકારની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી હતી અને પરંપરા મુજબ સૌથી વરિષ્ઠને મુખ્ય ચૂંટણી કમિશનરના રૂપમાં નિયુક્ત કરવામાં આવતા હતા.






# ભારતમાં ચૂંટણી પ્રક્રિયાનો વિકાસ

- ભારત, સૌથી મોટો લોકશાહી દેશ છે જે છેલ્લા સાત દાયકાઓથી ચૂંટણીલક્ષી લોકશાહીનું મુખ્ય સમર્થક રહ્યું છે. જ્યારે 15 ઓગસ્ટ 1947 ના રોજ દેશ સ્વતંત્ર થયો ત્યારે સાર્વત્રિક પુખ્ત મતાધિકારના આધાર પર એક પ્રતિનિધિ સરકારની ચૂંટણી કરવા માટે સામાન્ય ચૂંટણીની યોજના બનાવવી અને આયોજન કરવું સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંથી એક હતી.
- ભારતના સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક બનવાના એક દિવસ પહેલા ઔપચારિક રૂપે 25 જાન્યુઆરી 1950 ના રોજ ચૂંટણી પંચની રચના કરવામાં આવી.
- બંધારણ ચૂંટણી પંચને સમયાંતરે જરૂરિયાતોના આધાર પર એક સભ્ય કે બહુસભ્ય થવાની સત્તા આપે છે. પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર 21 માર્ચ 1950 ના રોજ નિયુક્ત કરવામાં આવ્યા હતા. વર્તમાન પંચમાં ત્રણ સભ્ય છે. જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની સાથે ડૉ. સુખબીર સિંહ સંધૂ અને ડૉ. વિવેક જોશી બે ચૂંટણી કમિશનર સામેલ છે.



| | |
|---|---|
| 1950 | ચૂંટણી પંચ ઔપચારિક રૂપે રચવામાં આવ્યું. |
| 1989 | 16 ઓક્ટોબર 1989 ના રોજ ચૂંટણી પંચ 3 સદસ્યવાળા માળખામાં પરિવર્તિત થઈ ગયું. |
| 1990 | 1 જાન્યુઆરી 1990 ના રોજ ચૂંટણી પંચ ફરીથી એક સદસ્યવાળા માળખામાં પરિવર્તિત થઈ ગયું. |
| 1993 | 1 ઓક્ટોબર 1993 ના રોજ ચૂંટણી પંચ ફરીથી 3 સદસ્યવાળા માળખામાં પરિવર્તિત થઈ ગયું |

બંધારણીય અધિકાર પ્રાપ્ત છે.

બાબાસાહેબ આંબેડકરે બંધારણ સભામાં જે કહ્યું હતું, એ જ ભારતના ચૂંટણી સુધારાનો આધાર છે અને એ એસઆઈઆરનો પણ આધાર છે. તેમણે કહ્યું હતું- રાજનીતિમાં આપણે એક વ્યક્તિ, એક વોટ, એક મૂલ્યના સિદ્ધાંતનું પ્રતિપાદન કરીએ છીએ. એ જ આજે ચૂંટણી પંચનો વિચાર છે. એક વ્યક્તિનો એક જ વોટ હોવો જોઈએ, એક જ મૂલ્ય હોવું જોઈએ. બાબા સાહેબના અનુસાર જે અયોગ્ય મતદાર છે, તેમના નામ મતદાર યાદીમાં ન રહેવા જોઈએ અને જે

## ચૂંટણી કમિશનરનો 6 વર્ષનો હોય છે કાર્યકાળ

મુખ્ય ચૂંટણી કમિશનર તથા બે ચૂંટણી કમિશનરોને સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશને સમાન વેતન અને ભથ્થા આપવામાં આવે છે. નિર્ણય લેવાની તમામ ત્રણ કમિશનરોની સત્તા સમાન છે. કોઈ વિષય પર મતભેદની સ્થિતિમાં નિર્ણય બહુમતીથી લેવામાં આવે છે. મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનરોનો કાર્યકાળ 6 વર્ષ કે 65 વર્ષની ઉંમર સુધી, જે પણ પહેલા હોય, તે હોય છે.

**રસપ્રદ ચૂંટણી પ્રસંગો**

## મહિલાઓએ નામ જણાવવાની પાડી ના

દેશમાં જ્યારે પહેલી લોકસભા ચૂંટણી જાહેર થઈ ત્યારે ચૂંટણી પંચના પ્રતિનિધિ ચૂંટણી સાથે સંકળાયેલી માહિતી કે એમ કહીએ કે આંકડા એકત્રિત કરવા માટે ગામેગામ ગયા. ગામમાં પ્રવાસ દરમિયાન મોટી સંખ્યામાં એવી મહિલાઓ મળી જેમણે અજાણ્યાઓ સાથે પોતાનું નામ શેર કરવાની ના પાડી દીધી. એના બદલે, આ મહિલાઓએ પોતાની ઓળખ કોઈની પત્ની, માતા, દીકરી, બહેન કે વિધવાના રૂપમાં જણાવી. આનું પરિણામ એ થયું કે પહેલી લોકસભા ચૂંટણી દરમિયાન મતદાર યાદીમાંથી 28 લાખ નામ દૂર કરવામાં આવ્યા.



***દેશની પહેલી લોકસભા ચુંટણી દરમિયાન 17.32 કરોડ મતદારો હતા જે 2024ની ચુંટણીમાં 97 કરોડથી ઉપર પહોંચી ગયા. મતદારોની સંખ્યામાં પાંચગણાથી પણ વધારે વૃદ્ધિને ચુંટણીમાં સંભાળવા ઈવીએમ-વીવીપેટ વગર શક્ય નહોતું.***

યોગ્ય લોકો છે, તેમનું નામ છૂટવું જોઈએ નહીં. એ જ આજે ખાસ સઘન સમીક્ષા એસઆઈઆર અભિયાનનો આધાર છે. આ પ્રક્રિયા અંતર્ગત કોઈપણ યોગ્ય વ્યક્તિનું મતદાર યાદીમાં નામ અને વોટ આપવાનો અધિકાર છૂટવા જોઈએ નહીં. એ જ રીતે અયોગ્ય વ્યક્તિ આમાં સામેલ ન હોવી જોઈએ. એ જ સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ સમયાંતરે એસઆઈઆરની પ્રક્રિયા હાથ ધરે છે.

બંધારણીય વ્યવસ્થા હેઠળ ભારત ચૂંટણી પંચે કલમ 324 અનુસાર મતદાર યાદી તૈયાર કરવાની હોય છે. બંધારણ સભાએ જ તેને અધિકાર આપ્યા છે. એટલે કે મતદાર યાદી વ્યવસ્થિત રાખવી એ પંચની બંધારણીય જવાબદારી છે. આ જ કલમ અનુસાર મતદાર યાદીની તૈયારી, સંસદ, વિધાનસભાઓની ચૂંટણી હાથ ધરવા માટે દેખરેખ, દિશાનિર્દેશ અને નિયંત્રણ માટે સત્તા પ્રદાન કરવામાં આવી છે. બંધારણીય સંસ્થાએ જ જન-પ્રતિનિધિત્વ કાયદો 1950 અને રજીસ્ટ્રેશન ઑફ ઈલેક્ટર્સ રૂલ્સ, 1960 (આરઈઆર- 1960) દ્વારા સશક્ત બનાવવામાં આવ્યો છે. કલમ 326 પણ એ નિર્ધારિત કરે છે કે ભારતના પ્રત્યેક નાગરિક, જેણે એક નિશ્ચિત તારીખે 18 વર્ષની ઉંમર પૂરી કરી લીધી છે અને કોઈપણ કાયદા અંતર્ગત અયોગ્ય ઘોષિત નથી, તેને મતદાર તરીકે નોંધણી કરાવવાનો અધિકાર છે. આ ઉપરાંત કલમ-16, કલમ-19 અને જન-પ્રતિનિધિત્વ કાયદો 1950 નોંધણી માટે મૂળ પાત્રતાની શરતો નક્કી કરે છે. એ શરતો છે- અરજીકર્તા ભારતીય નાગરિક હોવો જોઈએ. માનસિક રૂપે સ્વસ્થ હોવો જોઈએ. એક ચોક્કસ તારીખે 18 વર્ષની ઉંમર પૂરી હોવી જોઈએ. સંબંધિત મતવિસ્તારનો રહેવાસી હોવો જોઈએ. ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી છે કે કેવળ યોગ્ય નાગરિકોને મતદાર યાદીમાં સામેલ કરે. આ મતદાર યાદીની શુદ્ધતા અને અખંડતા જાળવી રાખવી, સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી માટે અત્યંત જરૂરી છે. મતદાર યાદીમાંથી અયોગ્ય અને એક જ વ્યક્તિના અનેક જગ્યાએ નામને હટાવવા, પારદર્શિતા સુનિશ્ચિત કરે છે, જે લોકશાહીને મજબૂત કરે છે.

**શ્યામ સરન નેગી**



# સ્વતંત્ર ભારતના પહેલા મતદાર

***સ્વતંત્ર ભારતના પહેલા મતદાર શ્યામ સરન નેગી 70 વર્ષથી વધુ સમય સુધી સતત મતદાન કરતા રહ્યા અને જતાં-જતાં પણ પોસ્ટલ બેલેટના માધ્યમથી 2 નવેમ્બર 2022ના રોજ પોતાની ફરજ નિભાવી. તેમણે કુલ 34મી વાર મતાધિકારનો ઉપયોગ કર્યો. 5 નવેમ્બર 2022ના રોજ શ્યામ સરન નેગીનું 106 વર્ષની વયે પોતાના પૈતૃક ગામ હિમાચલ પ્રદેશના કિન્નોરના કલ્પામાં નિધન થઈ ગયું.***

રજિસ્ટ્રેશન ઑફ ઈલેક્ટર્સ 1960 ની જોગવાઈ-21 એ નક્કી કરે છે કે ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર પ્રત્યેક મતવિસ્તાર માટે તે મતદાર યાદી ઈન્ટેન્સીવ રિવીઝન કે સમરી રિવીઝન થાય, જે વર્ષમાં ચાર વખત થાય છે અને તેના દ્વારા જ સુધારા કરવામાં આવે છે. બંધારણ ચૂંટણી પંચને પૂર્ણ અધિકાર આપે છે કે મતદારયાદીની સઘન સમીક્ષા કરે. દેશમાં એસઆઈઆર પહેલીવાર નથી થઈ રહ્યું. આ અગાઉ પણ અનેકવાર આવું કરવામાં આવ્યું છે. સમરી રિવીઝન એક રૂટીન અપડેશન પ્રક્રિયા

# ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા સુધારા

*તાજેતરના વર્ષોમાં, ચૂંટણી પંચે લોકશાહીને મજબૂત કરવા, મતદારોની સુવિધા વધારવા અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે 30 થી વધુ સંસ્થાકીય, વહીવટી અને તકનીકી સુધારાઓ અમલમાં મૂક્યા છે...*

- બે દાયકા પછી બિહારમાં એક ખાસ, ઊંડાણપૂર્વકનું સંશોધન હાથ ધરવામાં આવ્યું જેથી કોઈ પણ લાયક મતદાર બાકાત ન રહે અને કોઈ પણ અયોગ્ય વ્યક્તિને મતદાર યાદીમાં સામેલ ન કરવામાં આવે.
- ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા મતદાર સેવાઓનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે. મતદારો હવે નામ ઉમેરવા, કાઢી નાખવા અથવા સુધારા માટે ઓનલાઈન અરજી કરી શકે છે. આ પ્રક્રિયા સરળ બની છે અને સમય બચાવે છે.
- 18મી લોકસભામાં પહેલીવાર, 85 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો અને અપંગ વ્યક્તિઓને ઘરેથી મતદાન કરવાની તક આપવામાં આવી હતી. મતદાન અધિકારીઓ મતપેટીઓ સાથે ઘરે પહોંચી રહ્યા હતા.
- સામાન્ય રીતે, EVMની ગણતરી શરૂ થાય તે પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ કરવામાં આવે છે, પરંતુ હવે કમિશને નિર્ણય લીધો છે કે જે ગણતરી કેન્દ્ર પર પોસ્ટલ બેલેટની ગણતરી થઈ રહી છે, ત્યાં પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ થયા પછી જ EVM/ VVPAT ની બીજી છેલ્લી ગણતરી કરવામાં આવશે.
- મતદાનના દિવસે મતદારોની સુવિધા માટે, મતદાન મથકો પર મોબાઈલ ફોન જમા કરાવવાની સુવિધા. ભીડ ઘટાડવા માટે દરેક મતદાન મથક પર મહત્તમ 1,200 મતદારો.
- અલગ-અલગ વ્યક્તિઓ માટે એક જ EPIC નંબર હોવાની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું છે.
- મતદાર માહિતી સ્લિપની ડિઝાઈનમાં ફેરફાર, જેથી મતદારનો સીરીયલ નંબર અને ભાગ નંબર વધુ સ્પષ્ટ રીતે દેખાય. વધુ સારી ઓળખ અને સ્પષ્ટતા માટે EVM પર ઉમેદવારોના રંગીન ફોટોગ્રાફ્સ.
- જરૂરી નોંધણી શરતોનું પાલન ના કરવાના કારણે બે તબક્કામાં 808 નોંધાયેલા પરંતુ માન્યતા પ્રાપ્ત ન હોય તેવા રાજકીય પક્ષોને યાદીમાંથી દૂર કરવામાં આવ્યા.
- બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ને માનક ફોટો ઓળખ કાર્ડ આપવામાં આવ્યા. બૂથ ડેવલપમેન્ટ ઓફિસર્સ (BLO) નું માનદ વેતન બમણું કરવામાં આવ્યું હતું, અને BLO નિરીક્ષકો, મતદાન/ગણતરી કર્મચારીઓ, CAPF મોનિટરિંગ ટીમો અને માઈક્રો-નિરીક્ષકોનું માનદ વેતન વધારવામાં આવ્યું.

*ચૂંટણી પંચની સ્થાપનાની યાદમાં દર વર્ષે 25 જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે. એમાં દેશના રાજકીય પક્ષો અને વિદેશી પ્રતિનિધિઓ સાથે ચૂંટણી પંચ એક સમારોહનું આયોજન કરે છે. આ સમારોહમાં, ખાસ કરીને વિદેશી પ્રતિનિધિઓએ ભારતના ચૂંટણી પંચ, તેની ચૂંટણી પ્રણાલી અને ચુંટણી સંચાલનની અઢળક પ્રશંસા કરતા રહ્યાં છે.*

## રસપ્રદ ચુંટણી પ્રસંગો

### 1952માં ફૂલોથી શણગારેલી મતપેટીઓ મળી આવી

1952માં ભારતમાં પહેલી સામાન્ય ચૂંટણી થઈ તો બેલેટ પેપરથી મતદાન બાદ જે મતપેટીઓમાં મત નાંખવામાં આવ્યા તેમાંની કેટલીક મતપેટીઓ ફૂલોથી શણગારેલી અને સિંદૂરથી લપેટાયેલી મળી આવી. આ સૂચવે છે કે આ ચૂંટણીઓ દરમિયાન લોકો મતપેટીઓ અને મતપત્રોને પૂજાની વસ્તુઓ માનતા હતા. વધુમાં, ઘણા બોક્સમાં મતપત્રો ઉપરાંત વિવિધ વસ્તુઓ પણ હતી, જેમ કે સફળતાની કામના કરતી ચિઠ્ઠીઓ, ફિલ્મ સ્ટાર્સના ફોટોગ્રાફ્સ, સિક્કા અને ચલણી નોટો વગેરે.



# લોકશાહી ઉત્સવમાં ટેકનોલોજીએ વધારી પારદર્શિતા

**મતદારોની સુવિધા વધારવા અને ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે, ચૂંટણી પંચે અનેક તકનીકી પગલાં અપનાવ્યા છે જેનાથી મતદાન પ્રક્રિયા બની વધુ સરળ, સુરક્ષિત અને વધુ વિશ્વસનીય...**



- ચૂંટણી પંચે નાગરિકોની વધુ ભાગીદારી અને પારદર્શિતા લાવવા માટે IT એપ્લિકેશનનો ઉપયોગ વધાર્યો છે.

- ચૂંટણી પ્રક્રિયાની જાહેરાત થયા પછી, વાહનોમાં માઈક્રોકન્ટ્રોલર્સના પરીક્ષણ અને ચકાસણી માટેની તકનીકી અને વહીવટી પ્રક્રિયાઓ તૈયાર કરવામાં આવી હતી.



- ઈન્ડેક્સ ડેટા અને રિપોર્ટિંગ બનાવવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે, જેનાથી નાણાકીય ક્ષેત્રના સ્તરે ચૂંટણી સંબંધિત ડેટાની ઝડપી વહેંચણી શક્ય બને છે.

- **પ્લેટફોર્મ ECINET:** એક કસ્ટમાઈઝ્ડ FidaFittal પ્લેટફોર્મ ECINET FIJI માં લોન્ચ થયેલ, તે 40 થી વધુ સત્તાવાર એમ્પો અને વેબસાઈટ્સને FIJI, FIJI અને અન્ય સંબંધિત પ્રોજેક્ટ્સ સાથે જોડે છે.




- મતદાન પ્રક્રિયા પર સતત નજર રાખવા માટે, તમામ મતદાન મથકો પર 100% લાઈવ વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી.
- ફોર્મ 17C અને EVM ના આંકડા વચ્ચે કોઈ પણ પ્રકારની વિસંગતતા હશે, તો દરેક કિસ્સામાં VVPAT ગણતરી સુનિશ્ચિત કરવામાં આવશે.

- મૃત્યુ નોંધણી ડેટાને આઈટી એપ્લિકેશનો સાથે જોડવામાં આવ્યા, જેથી ચૂંટણી નોંધણી અધિકારીઓને નોંધાયેલા મૃત્યુની સમયસર માહિતી મળી શકે.
- નવી SOP અમલમાં મૂકવામાં આવી, જેનાથી મતદાર યાદીમાં સુધારાના 15 દિવસની અંદર EPIC કાર્ડની ડિલિવરી સુનિશ્ચિત થાય અને દરેક તબક્કે SMS થી સૂચના મળે.

## આદર્શ આચારસંહિતા ઉલ્લંઘનની ફરિયાદો માટે સી-વિજિલ એપ્લીકેશન



- **સુવિધા પોર્ટલ:** આ પોર્ટલ ઉમેદવારો, રાજકીય પક્ષોને ઓનલાઈન નોમિનેશન, પરવાનગીઓ વગેરે માટે નીચે મુજબ વિવિધ સુવિધાઓ પૂરી પાડે છે

- ઉમેદવારો માટે તેમના નામાંકન સોગંદનામા ઓનલાઈન દાખલ કરવા માટે એક ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.




- **પરવાનગી મોડ્યુલ:** સુવિધા પોર્ટલના પરવાનગી મોડ્યુલ દ્વારા, ઉમેદવાર, રાજકીય પક્ષ અથવા ઉમેદવારનો કોઈપણ પ્રતિનિધિ સભાઓ, રેલીઓ, લાઉડસ્પીકર, કામચલાઉ કચેરીઓ માટે ઓનલાઈન પરવાનગી માટે અરજી કરી શકે છે.

- ઉમેદવારોના મૃત્યુ વિશે માહિતી પૂરી પાડવા માટે ચૂંટણી પંચે પોતાની ઉમેદવાર માહિતી એપ્લિકેશન વિકસાવી છે.



- **મતદાર સેવા પોર્ટલ:** (https://voters.eci.gov.in/) ના માધ્યમથી મતદાર યાદી જોવી, મતદાર ઓળખપત્ર માટે અરજી કરવી, મતદાર ઓળખપત્રમાં સુધારા માટે ઓનલાઈન અરજી કરવી, બૂથ લેવલ અધિકારી, ચૂંટણી નોંધણી અધિકારીનો સંપર્ક નંબર શોધવા વગેરે કામો વોટર હેલ્પલાઈન મોબાઈલ એપનો ઉપયોગ કરીને ફોનથી જ કરી શકાય છે.







- **દિવ્યાંગ (સક્ષમ) એપ્લિકેશન એપ:** સક્ષમ એપ્લિકેશન દિવ્યાંગ લોકો માટે છે.

- **રાષ્ટ્રીય ફરિયાદ સેવા પોર્ટલ (NGSP)** એક રાષ્ટ્રીય ફરિયાદ સેવા પોર્ટલ છે જેના પર નાગરિકો https://voters.eci.gov.in લિંકનો ઉપયોગ કરીને સેવાનો લાભ લઈ શકે છે.




- **સંકલિત ચૂંટણી ખર્ચ દેખરેખ પ્રણાલી (IEMS):** તે એક વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ, સુરક્ષિત ઓનલાઈન પ્લેટફોર્મ છે જે રાજકીય પક્ષોને યોગદાન અહેવાલો, વાર્ષિક ઓડિટ ખાતાઓ, ચૂંટણી ખર્ચ વગેરે જેવા દસ્તાવેજો ઓનલાઈન સબમિટ કરવા માટે સમર્થ બનાવે છે.




- મતદારો ટર્નઆઉટ એપથી લોકસભા અને વિધાનસભાના પ્રમાણિત ટર્નઆઉટ ચૂંટણી અધિકારી નોંધી શકે છે.

- પરિણામ વેબસાઈટ અને પરિણામ વલણો અંગે રિટર્નિંગ અધિકારીઓ દ્વારા દાખલ કરાયેલા ગણતરી ડેટા 'કમિશન પરિણામ વેબસાઈટ' પર ઉપલબ્ધ હોય છે.

## રસપ્રદ ચૂંટણી પ્રસંગો

### સિયાચીન ગ્લેશિયરની ટોચ પર પાંચ મતદારો માટે મતદાન મથક

લદ્દાખના એક દૂરના વિસ્તારમાં, સિયાચીન બેઝ કેમ્પથી માત્ર 17 કિલોમીટર દૂર વારશીમાં એક મતદાન મથક માત્ર એક પરિવારના પાંચ મતદારો માટે બનાવવામાં આવ્યું. આ સિયાચીનના ઊંચા શિખરો પર ચોકીઓની પહેલા આવેલું છેલ્લું ગામ છે. અહીં મતદારના ઘર સિવાય કોઈ પાક્કી ઈમારત નહોતી, તેથી મતદાન મથક તંબુમાં બનાવવામાં આવ્યું હતું.



**ભવિષ્યના ભારતમાં તમારા માટે કેવી તકો હશે, એની જવાબદારી એ લોકો પર હશે જેઓ આ સમયગાળા દરમિયાન દેશનું સંચાલન કરશે. તેથી, તે વ્યક્તિઓની યોગ્ય પસંદગી સુનિશ્ચિત કરવાની જવાબદારી તમારા જેવા યુવા મતદારો પર છે. ભારતના ઉજ્જવળ ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે મતદાન કરવું તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી, યાદ રાખો, તમારો મત અને દેશના વિકાસની દિશા બંને એકબીજા સાથે જોડાયેલા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

છે, જ્યારે એસઆઈઆર એક વ્યાપક પ્રક્રિયા છે. એસ.આઈ.આરમાં બૂથ લેવલ ઑફિસર (બીએલઓ) દ્વારા ઘરે-ઘરે જઈને ગણતરી કરવામાં આવે છે. વર્ષ 1952માં દેશમાં પહેલી સામાન્ય ચૂંટણી થઈ અને એ જ વર્ષે એસઆઈઆર કરવામાં આવ્યું હતું. બીજું એસઆઈઆર 1957 માં થયું, ત્રીજું 1961માં, પછી 1965-66માં થયું. 1983-84માં થયું, 1987-89માં થયું. 1992, 1993, 1995માં થયું. પછી 2002 અને 2003માં થયું. છેલ્લા બે દાયકામાં કોઈ પણ ખાસ સઘન સમીક્ષા કરવામાં આવી નથી. આથી વર્ષ 2003 પછી સીધું 2025-26માં આવું થઈ રહ્યું છે.

### પહેલીવાર ચૂંટણી કમિશનરોની નિયુક્તિનો બન્યો કાયદો

ચૂંટણી કમિશનરોની નિયુક્તિ - મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ - 2013 ને 2 માર્ચ 2023 ના રોજ પસાર કરવામાં આવ્યું. આ પહેલા કોઈ કાયદો નહોતો, એક વ્યવસ્થા હતી જેના આધાર પર જ નિયુક્તિ થયા કરતી હતી. સુપ્રીમ કોર્ટે આ બાબતે ધ્યાન દોર્યું અને સંસદે કાયદો બનાવ્યો છે. આ દેશમાં 73 વર્ષો સુધી ચૂંટણી કમિશનરની નિયુક્તિનો કોઈ કાયદો જ નહોતો. 1950 થી 1979 સુધી ચૂંટણી પંચ એક સદસ્યીય હતું. પ્રધાનમંત્રી જ સીધી નિયુક્તિ કરતા હતા. પછી ચૂંટણી પંચને બહુસદસ્યીય બનાવવામાં આવ્યું. એટલે કે વર્ષ 1950 થી 2023 સુધી ચૂંટણી કમિશનરોની નિયુક્તિમાં કોઈ કાયદો જ નહોતો. વર્ષ 2023 માં અનૂપ બરનવાલ વિરુદ્ધ ભારત સરકારનો એક કેસ થયો. જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચૂંટણી કમિશનરની નિયુક્તિ થોડી પારદર્શક હોવી જોઈએ. આ સૂચન હતું, આદેશ નહીં. એના પર સરકારે સહમતિ આપી અને કહ્યું કે આમાં તમામ લોકો સાથે વિચાર-વિમર્શ કરવું પડશે,

## વધી પારદર્શિતા

### ઈવીએમ-વીવીપેટથી ચૂંટણી પ્રક્રિયા સરળ, અનેક સ્તરે ચકાસણી

*ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) અને વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપેટ)નો ઉપયોગ હવે દરેક મતદાન મથક પર થાય છે. ઈવીએમ અને વીવીપેટ ક્યાં - કઈ લગાવવામાં આવશે તે નક્કી કરવાની એક પ્રક્રિયા છે, અને તે રેન્ડમ રીતે ફાળવવામાં આવે છે. ઈવીએમમાં પ્રતીકો લોડ કર્યા પછી, 5% EVM માં 1,000 મતોનું ચિહ્ન હોય છે, જેને અધિકૃત કરવાનો અધિકાર છે ઉમેદવાર અથવા તેમના પ્રતિનિધિને...*



## 1989માં EVM માટેનો કાયદો બદલાયો

**1982** 1982માં કેરળના પરાવુર પેટાચૂંટણીમાં સૌપ્રથમ EVMનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો પછી 1989 સુધી તેનો ઉપયોગ થઈ શક્યુ ન હતો.

**1989** 15 માર્ચ, 1989ના રોજ, તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે EVM દાખલ કરવા માટે કાયદામાં સુધારો કર્યો.

**1998** 1998માં, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીના ફક્ત 16 વિધાનસભા મતવિસ્તારોમાં તેનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

**2002** જ્યારે EVM વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી હતી, ત્યારે સુપ્રીમ કોર્ટના 5 ન્યાયાધીશોની બેન્ચે 2002 માં EVM માં કાયદાકીય ફેરફારોને યોગ્ય ઠેરવ્યા હતા.

**2004** દેશભરમાં સૌપ્રથમ વખત EVMનો ઉપયોગ 2004 માં થયો હતો. ત્યારથી તેનો ઉપયોગ ચાલુ છે.






જેમાં થોડો સમય લાગશે. આ બાબતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યાં સુધી કાયદો નહીં બને, ત્યાં સુધી એક સમિતિ બને જેમાં પ્રધાનમંત્રી, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને વિપક્ષના નેતા તેના સભ્યો હોય. એના પર કેન્દ્ર સરકારે સંમતિ આપી. ત્યારબાદ 2023 માં સંસદે કાયદો બનાવ્યો, જેમાં વિપક્ષના નેતા, પ્રધાનમંત્રી દ્વારા નક્કી કરવામાં આવેલા મંત્રી અને સ્વયં પ્રધાનમંત્રી ચર્ચા કરીને મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિયુક્તિ કરશે.

## VVPAT




રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને 2024ની લોકસભા ચૂંટણી માટે EVM અને VVPAT પરિવહન માટે ફક્ત GPS-સક્ષમ વાહનોનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી હતી. ચૂંટણી શરૂ થવાના 90 મિનિટ પહેલા દરેક મતદાન મથક પર 50 મતોનો મોક પોલ હાથ ધરવામાં આવે છે અને તેની ગણતરી કરવામાં આવે છે.

- આરોપો અને પ્રતિઆક્ષેપો વચ્ચે, ચૂંટણી પંચે 5 વર્ષના સંશોધન પછી VVPAT ની શરૂઆત કરી.

- પછી, EVM અને VVPAT પરિણામો વચ્ચે વિસંગતતાના આરોપો પછી, ચૂંટણી પંચે EVM અને VVPATની 5% સ્લિપની તુલના કરવાનો નિર્ણય લીધો. જ્યારે પરિણામોનું મેચિંગ કરવામાં આવ્યું, ત્યારે બંને જગ્યાએ મત સમાન હતા. રાજકીય પક્ષના એજન્ટો EVM અને VVPAT પરિણામો પર સહી કરે છે.

- રેન્ડમલી પસંદ કરેલી VVPAT સ્લિપની ગણના ડ્રો ઓફ લોટના માધ્યમથી ઉમેદવાર અથવા તેના એજન્ટની હાજરીમાં કરવામાં આવે છે જેથી કંટ્રોલ યુનિટમાંથી પ્રાપ્ત પરિણામની ચકાસણી થઈ શકે.

### રસપ્રદ ચુંટણી પ્રસંગો

### હેલિકોપ્ટર દ્વારા કારગિલ પહોંચી પોલિંગ પાર્ટી અને સામગ્રી

કારગિલ જિલ્લાના ઝાંસ્કર સબડિવિઝનમાં રાલાકાંગ, ફેમા અને શેડે મતદાન મથકો ઊંચાઈ પર આવેલા છે અને ભૂસ્ખલનની સંભાવના ધરાવે છે, જેના કારણે અવરજવર મુશ્કેલ બને છે. આને ધ્યાનમાં રાખીને, એરફોર્સ અને આર્મીએ 2024ની લોકસભા ચૂંટણી માટે સુરક્ષા કર્મચારીઓ અને માઈક્રો-ઓબ્ઝર્વર્સ સહિત પોલિંગ પાર્ટીને હેલિકોપ્ટર દ્વારા પહોંચાડ્યા હતા. ચૂંટણી પૂર્ણ થયા પછી, EVM અને VVPAT સહિતની સમગ્ર મશીનરી હેલિકોપ્ટર દ્વારા ગણતરી કેન્દ્ર પર પહોંચાડવામાં આવી હતી.



**હું બધા લાયક મતદારોને, પછી ભલે તે પુરુષ હોય કે સ્ત્રી, તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા આગ્રહ કરું છું. હું મારા યુવા મિત્રોને 18 વર્ષના થતાંની સાથે જ મતદાર તરીકે નોંધણી કરાવવા વિનંતી કરું છું.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

### લોકશાહી પ્રક્રિયાનો માર્ગદર્શક ભારત

લોકશાહીની વિશાળતા અને વિવિધતા ગર્વની વાત છે. લોકશાહીની આ ગૌરવશાળી યાત્રામાં ચૂંટણી પંચની ભૂમિકા રહી છે અત્યાર સુધી ચૂંટણી પંચ દ્વારા 18 સામાન્ય ચૂંટણી અને 400 થી વધુ વિધાનસભા ચૂંટણી સંપન્ન કરાવવામાં આવી છે. 2024 માં લોકસભા ચૂંટણી સંપન્ન કરાવવામાં 10 લાખથી વધુ મતદાન કેન્દ્રો પર સુરક્ષા કર્મીઓ, મતદાન અધિકારી તથા કર્મચારી સહિત લગભગ દોઢ કરોડ લોકોએ સક્રિય ભાગીદારી નિભાવી. આ ચૂંટણીમાં લગભગ 65 કરોડ મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ સંખ્યાની વિશાળતાનું અનુમાન એક તથ્ય દ્વારા લગાવી શકાય છે કે યુરોપિયન યુનિયનના 27 દેશોની કુલ વસ્તી લગભગ 44 કરોડ છે. હવે ભારત એક દેશ એક ચૂંટણીની વ્યવસ્થા તરફ અગ્રેસર છે. આ બાબતે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં સપ્ટેમ્બર 2023 માં એક રાષ્ટ્ર એક ચૂંટણી સમિતિના રિપોર્ટ પર કેન્દ્રીય મંત્રીમંડળની મહોર લાગી ચૂકી છે. નિત નવા આયામોને જોડતા મિશાલ બની રહેલા ભારત ચૂંટણી પંચની વધતી શાખનું જ પરિણામ છે કે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને વર્ષ 2026 માટે આંતરરાષ્ટ્રીય

> ***ચૂંટણીનો તહેવાર રાષ્ટ્રીય ગૌરવ બની ગયો છે. તેને વધુ અસરકારક બનાવવા માટે, ચૂંટણી પંચ, શિક્ષણ મંત્રાલય સાથે મળીને, અભ્યાસક્રમમાં ચૂંટણી સાક્ષરતાનો સમાવેશ કરશે, જે વિદ્યાર્થીઓને નાગરિકત્વની ખૂબ જ મહત્વપૂર્ણ ફરજથી સજાગ બનશે, કારણ કે યુવાનો ભારતીય લોકશાહીના ભાવિ નેતાઓ છે.***

**એસઆઈઆર**

## સાચી માહિતી અને વિશ્વસનીયતાની ખાતરી

***સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) નો હેતુ મતદાર યાદીની ચોકસાઈ, શુદ્ધતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાનો છે. જ્યારે ચૂંટણી પંચ મતદાર યાદીની સંપૂર્ણ પુનઃતપાસ કરવાનું જરૂરી માને છે ત્યારે SIR હાથ ધરવામાં આવે છે. સ્વતંત્ર ભારતમાં, 1951 થી 2004 વચ્ચે આઠ વખત SIR હાથ ધરવામાં આવ્યું હતું. આવી ઝુંબેશ લગભગ બે દાયકાથી હાથ ધરવામાં આવી ન હતી, અને તે 2025માં બિહારમાં શરૂ થઈ હતી. SIR સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત પ્રક્રિયા, નિશ્ચિત સમયમર્યાદાને અનુસરે છે અને તબક્કાવાર રીતે કરવામાં આવી રહી છે પૂરી...***

છેલ્લા બે દાયકામાં, મતદાર યાદીમાં અનેક ફેરફારો થયા છે. લોકોએ રહેઠાણ બદલ્યું છે, એક જ વ્યક્તિનું નામ અનેક સ્થળોએ નોંધાયું છે, મૃત વ્યક્તિઓના નામ દૂર કરવામાં આવ્યા નથી, અને અયોગ્ય લોકો ઉમેરવામાં આવ્યા છે. મતદાર યાદીની ગુણવત્તા અંગે વારંવાર પ્રશ્નો ઉભા થયા છે, જેના કારણે SIR જરૂરી છે. બંધારણની કલમ 326 હેઠળ SIR પાત્રતાની કડક ચકાસણી કરવામાં આવે છે. મતદાર ભારતીય નાગરિક હોવો જોઈએ, 18 વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય, તે વિસ્તારનો નિયમિત રહેવાસી હોવો જોઈએ અને કોઈપણ કાયદા હેઠળ ગેરલાયક ન હોવો જોઈએ.

રાષ્ટ્રવ્યાપી SIR ઝુંબેશ 28 ઓક્ટોબર, 2025ના રોજ શરૂ થઈ હતી અને 7 ફેબ્રુઆરી, 2026 સુધીમાં પૂર્ણ થવાનું છે. SIRનો બીજો તબક્કો 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પૂર્ણ થઈ રહ્યો છે. આ પ્રક્રિયા સ્વચ્છ મતદાર યાદી સુનિશ્ચિત કરશે અને દેશમાં મુક્ત, ન્યાયી અને વિશ્વસનીય ચૂંટણીઓનો પાયો મજબૂત બનાવશે. SIR અભિયાનના પ્રથમ તબક્કા હેઠળ બિહારમાં આ પ્રક્રિયા કોઈપણ અપીલ વિના પૂર્ણ થઈ.



## શું છે પ્રક્રિયા

ચૂંટણી પંચ માને છે કે કાનૂની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. બીજો તબક્કો આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં હાથ ધરવામાં આવ્યો હતો. આ તબક્કામાં આશરે 510 મિલિયન મતદારોનો સમાવેશ થાય છે. 5.33 લાખ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાં BLO તેમની ફરજો બજાવી રહ્યા છે.

## આઠ વખત એસ આઈ આર કરવામાં આવ્યું

| | |
|---|---|
| પ્રથમ | 1952-56 |
| બીજું | 1957-61 |
| ત્રીજું | 1965-66 |
| ચોથું | 1983-84 |
| પાંચમું | 1987-89 |
| છઠ્ઠું | 1992-93 |
| સાતમું | 1995 |
| આઠમું | 2002-04 |



## "એક વ્યક્તિ, એક મત" નો સિદ્ધાંત થયો મજબૂત

- અત્યાર સુધી જ્યાં પણ SIR હાથ ધરવામાં આવ્યું છે, ત્યાં નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે, જ્યારે મૃતક અને કાયમી સ્થાનાંતરિત મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે.
- મતદાર યાદીને વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનાવવામાં આવી.
- આ "એક વ્યક્તિ, એક મત" ના સિદ્ધાંતને મજબૂત બનાવે છે અને ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ વધારે છે.

- આ પ્રક્રિયામાં સૌથી મહત્વની બાબત એ છે કે BLO એ ઓછામાં ઓછા ત્રણ વખત ઘરની મુલાકાત લેવી પડશે, જો જરૂરી હોય તો, ગણતરી ફોર્મનું વિતરણ અને એકત્રિત કરવા, તેમને જૂના SIR રેકોર્ડ સાથે મેચ કરવા.
- મૃત્યુ, કાયમી ટ્રાન્સફર અથવા એક કરતાં વધુ જગ્યાએ નામ નોંધાયેલા હોવા જેવા કેસ ઓળખી શકાય છે.
- સમગ્ર પ્રક્રિયામાં મતદાર નોંધણી અધિકારી (ERO), સહાયક મતદાર નોંધણી અધિકારી (AERO), જિલ્લા ચૂંટણી અધિકારી અને માન્ય રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત બૂથ લેવલ એજન્ટોનો સમાવેશ થાય છે.
- SIR માં, ઘરે-ઘરે જઈને ચકાસણી કરવામાં આવે છે. દરેક મતદાન મથક પર બૂથ લેવલ ઓફિસર મતદારના ઘરે જઈને ગણતરી ફોર્મ સોંપે છે અને ભરે છે.
- તે ભૂતકાળના રેકોર્ડ સાથે રેકોર્ડનું મેળ ખાય છે અને મૃત્યુ, કાયમી સ્થળાંતર અથવા બહુવિધ નોંધણી જેવા મુદ્દાઓને ઓળખે છે. વિગતો બહુવિધ સ્તરે ચકાસવામાં આવે છે.
- આ પછી, પ્રારંભિક યાદી પ્રકાશિત કરવામાં આવે છે. વાંધાના કિસ્સામાં, જિલ્લા મેજિસ્ટ્રેટને પ્રથમ અપીલ અને મુખ્ય ચૂંટણી અધિકારીને બીજી અપીલ કરવાની કાનૂની જોગવાઈ છે.

લોકશાહી તથા ચૂંટણી સહાયતા સંસ્થાન (ઈન્ટરનેશનલ આઈડીઈએ) ના સભ્ય રાષ્ટ્રોની પરિષદમાં અધ્યક્ષતા ગ્રહણ કરી છે. આ અધ્યક્ષતા એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે જે ભારત ચૂંટણી પંચને વિશ્વના સૌથી વિશ્વસનીય અને ઈનોવેટિવ ચૂંટણી વ્યવસ્થા સંસ્થાઓમાંથી એકના રૂપમાં વૈશ્વિક માન્યતા પ્રદાન કરે છે. આંતરરાષ્ટ્રીય આઈડીઈએના સભ્ય રાષ્ટ્રોની પરિષદના સંસ્થાપક સભ્ય હોવાના રીતે ભારતે સંગઠનના શાસન, લોકશાહી સંવાદ અને સંસ્થાગત પહેલોમાં નિરંતર યોગદાન કર્યું છે. બંધારણ નિર્માતાઓ દ્વારા દર્શાવવામાં આવેલી આસ્થાની

**ભારતમાં ચૂંટણીઓનું પ્રમાણ વિશ્વને આશ્ચર્યચકિત કરે છે. આપણું ચૂંટણી પંચ જે કાર્યક્ષમતા સાથે ચૂંટણીનું સંચાલન કરે છે તે દેશના દરેક નાગરિક માટે ચૂંટણી પંચ પર ગર્વ અનુભવે તે સ્વાભાવિક છે. આપણા દેશમાં નોંધાયેલા મતદાતા દરેક નાગરિકને મતદાન કરવાની તક મળે તે સુનિશ્ચિત કરવા માટે કોઈ કસર બાકી રાખવામાં આવતી નથી.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ગરિમા સતત વધારી છે.

ભારત દુનિયાના એ દેશો માનો એક છે, જ્યાં ચૂંટણી પંચ લોકોને નોટિસ આપી શકે છે, અધિકારીઓની ટ્રાન્સફર કરી શકે છે. આવી આધિકારીક સત્તાઓ અનેક લોકશાહી દેશોના ચૂંટણી પંચ પાસે નથી. આથી ભારતનું ચૂંટણી પંચ, ચૂંટણી પ્રક્રિયા ઘણા બધા દેશો માટે એક બેન્ચમાર્કની જેમ છે. વિશ્વભરમાં લોકશાહીને મજબૂત બનાવવા માટેના પ્રશંસનીય પ્રયત્નોને જોતાં સપ્ટેમ્બર 2020 માં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરને એસોસિએશન ઓફ વર્લ્ડ ઈલેક્શન બોડીઝના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યાના સાત દાયકાની અંદર જ ભારત લોકશાહીના વિશ્વ વ્યાપી આદર્શના પોષકના રૂપમાં ઉપસી આવ્યો છે. આ ઉપલબ્ધિમાં ચૂંટણી પંચથી લઈને દેશના નાના નાના ગામોમાં વસતા સામાન્ય નાગરિકોનું અમૂલ્ય યોગદાન છે. ભારતની દરેક બંધારણીય સંસ્થાએ ચૂંટણી પંચની ગરિમાની રક્ષા કરી છે. ચાહે કોઈપણ રાજકીય પક્ષ હોય તેણે હંમેશા ચૂંટણી પંચના આદેશોનું પાલન કર્યું છે સુપ્રીમ કોર્ટ એ પણ આપણી અદાલતોએ પણ પ્રત્યેક ચૂંટણી પંચને હંમેશા પોતાનું સમર્થન આપ્યું છે તેમણે એ સુનિશ્ચિત કર્યું છે કે ચૂંટણી પંચના આદેશોના પાલનમાં, ચૂંટણીની પ્રક્રિયામાં ક્યાંય કોઈ અવરોધ ન આવે. અગાઉના દિવસોમાં અલગ અલગ

**ન્યાયપાલિકા**

# નિર્ણયોથી આવ્યા ઘણા પરિવર્તનકારી સુધારાઓ

*ચૂંટણી પંચ દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓનું બંધારણીય રક્ષક છે, પરંતુ મતદાનના અધિકારને મજબૂત બનાવતા અનેક સીમાચિહ્નરૂપ સુધારાઓ, જેમાં બંધારણમાં અગાઉ મૌન જોગવાઈઓનો સમાવેશ થાય છે, ન્યાયતંત્ર દ્વારા લાવવામાં આવ્યા છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે મતદાનનો અધિકાર માત્ર કાનૂની અધિકાર નથી, પરંતુ બંધારણની કલમ 19(1)(a) હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે...*

## ઉમેદવારોની પૃષ્ઠભૂમિની જાહેરાત (એફિડેવિટ)

દેશમાં 2002 પહેલા, મતદારોને ઉમેદવારોની પૃષ્ઠભૂમિ વિશેની માહિતીના ઍક્સેસનો અભાવ હતો. એક કેસમાં, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે ચૂંટણી લડતા દરેક ઉમેદવારે તેમની ગુનાહિત પૃષ્ઠભૂમિ, તેમની પોતાની સંપત્તિ અને જવાબદારીઓ અને તેમની શૈક્ષણિક લાયકાતની વિગતો આપતું સોગંદનામું દાખલ કરવું પડશે. આનાથી મતદારો ઉમેદવારોની જાતિ અને પક્ષ સાથે જોડાણ કરતાં તેમની પ્રામાણિકતા અને યોગ્યતા વિશે સમજ મેળવી શક્યા. રાજકીય સંપત્તિમાં અસામાન્ય વધારા પર નજર રાખવાનું શક્ય બન્યું, જેનાથી પારદર્શિતા વધી.



***1952ની પહેલી સામાન્ય ચૂંટણીમાં 27,527 મતદાન મથકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યા હતા.***

## 'આમાંથી કોઈ નહીં' નો અર્થ NOTA થાય છે.




2013માં, પીયુસીએલ વિરુદ્ધ ભારત સંઘના કેસમાં, સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે મતદારની અભિવ્યક્તિની સ્વતંત્રતામાં બધા ઉમેદવારોને નકારવાનો અધિકાર સામેલ છે. કોર્ટે ચૂંટણી પંચને ઈવીએમમાં નોટા બટન ઉમેરવાનો નિર્દેશ આપ્યો હતો. અગાઉ, જો કોઈ મતદાર મતદાન કરવા માંગતો ન હોય, તો તેણે ફોર્મ 17એ ભરવું પડતું હતું, જે ઓળખપત્ર પૂરું પાડતું હતું.

## દોષિત જાહેર પ્રતિનિધિઓને તાત્કાલિક ગેરલાયક ઠેરવવા



લીલી થોમસ વિરુદ્ધ ભારત સંઘ (2013) કેસમાં, સુપ્રીમ કોર્ટે 1951ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 8(4) રદ કરી હતી. અગાઉ આ જોગવાઈ દોષિત સાંસદો અથવા ધારાસભ્યોને અપીલ કરીને ત્રણ મહિના સુધી પદ પર રહેવાની મંજૂરી આપતી હતી. હવે, એક વર્ષ કે તેથી વધુ સજા તાત્કાલિક ગેરલાયક ઠેરવવામાં આવે છે. આ રાજકારણના ગુનાહિતકરણ સામે એક મજબૂત પગલું રજૂ કરે છે. તેણે એ પણ સ્થાપિત કર્યું કે ઢોલ તોડનારાઓ ઢોલ વગાડનારા બની શકતા નથી. કાયદા સમક્ષ, રાજકારણીઓ અને સામાન્ય જનતા સમાન છે.

ઉમેદવારોના નામના અલગ અલગ રંગના બોક્સ રહેતા હતા જેમાં લોકો મતદાન કરતા હતા. પહેલા સામાન્ય ચૂંટણીમાં એવું પણ થતું હતું કે મતદાનપેટી અલગ અલગ રંગની રહેતી. પ્રત્યેક ઉમેદવારનું અને પાર્ટીનું ચિહ્ન રહેતું હતું. એ સમયમાંથી નીકળીને આજે ભારતમાં

## VVPAT સિસ્ટમ

2013માં, નિષ્પક્ષ ચૂંટણી માટે મતદારોનો વિશ્વાસ જરૂરી છે તે સ્વીકારીને, સુપ્રીમ કોર્ટે EVM ની સાથે VVPAT સિસ્ટમ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો. આનાથી મતદારો સાત સેકન્ડ માટે સ્લિપની સમીક્ષા કરીને તેમના મતની ચકાસણી કરી શકે છે.




## રસપ્રદ ચૂંટણી પ્રસંગો

### એક મત માટે 18 કિમીનું ચઢાણ કરીને પહોંચી ચૂંટણી ટીમ

ચૂંટણી પંચે 2024ની લોકસભા ચૂંટણી માટે 85 વર્ષથી વધુ ઉંમરના અને દિવ્યાંગ મતદારો માટે ઘરેથી મતદાન કરવાની સુવિધા શરૂ કરી છે. કેરળના ઈડુક્કી લોકસભા મતવિસ્તારના રાદામલકુડીના 92 વર્ષીય પથારીવશ વ્યક્તિએ અરજી કરી હતી. બેલેટ પેપર પર મતદાન કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવામાં તેમને મદદ કરવા માટે, ત્રણ મહિલાઓ સહિત પોલીસ ટીમે જંગલમાં 18 કિલોમીટરનું અંતર કાપ્યું, જેમાં લગભગ પાંચ કલાકનો સમય લાગ્યો.



***આપણા દેશમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સંસ્થા છે, જે ફક્ત આપણા લોકશાહીનો અભિન્ન ભાગ જ નથી પણ આપણા પ્રજાસત્તાક કરતાં પણ જૂની છે - ચૂંટણી પંચ. 25 જાન્યુઆરી એ તેનો સ્થાપના દિવસ છે, જેને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હું રાષ્ટ્રીય મતદાતા દિવસ પર આપ સૌને મારી શુભકામનાઓ પાઠવું છું. લોકશાહીમાં ચૂંટણી પંચની મહત્વપૂર્ણ ભૂમિકાને અમે સલામ કરીએ છીએ. ચૂંટણીઓ લોકશાહીનો ઉત્સવ છે. તે લોકોની ઈચ્છા વ્યક્ત કરે છે, જે લોકશાહીમાં સર્વોપરી છે.***

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ઈવીએમની મદદથી મતદાન થાય છે. એક સમય હતો, મતદાન બાદ વોટોની ગણતરી અનેક દિવસો સુધી ચાલતી હતી પરંતુ હવે ઈવીએમની મદદથી થોડાક જ કલાકોમાં પરિણામ આવી જાય છે.

ચૂંટણીમાં મત આપવો એ પ્રજાસત્તાકમાં યજ્ઞની જેમ છે. જ્યાં દરેક મત આહુતિ સમાન છે. આ આયોજન આપણે સૌ ભારતવાસીઓને આપણા દેશ પ્રત્યે કર્તવ્યની યાદ અપાવે છે કે દરેક વોટ જરૂરી છે અને દરેક પુખ્ત નાગરિક માટે મતદાન કરવું જરૂરી છે. લોકશાહીમાંના પ્રતિક ભારતીય બંધારણમાં સ્વતંત્ર ચૂંટણી પંચ અને ચૂંટણી પ્રક્રિયાની અવધારણા સમાનતા તથા સ્વતંત્રતાના અધિકારની સાથે દરેક વ્યક્તિના વોટને મહત્વપૂર્ણ બનાવે છે. આ જ કારણથી ભારતીય લોકશાહીને સંપૂર્ણ વિશ્વમાં પોતાની પરિપક્વતા તથા સ્થિરતા માટે ઓળખવામાં આવે છે. તેનો તમામ શ્રેય ભારતીય મતદારોને જાય છે અને મતદારોને આપણા બંધારણે આ સત્તા આપી છે. ભારતની રાજકીય

## ખોટું/સત્ય

**ખોટું:** હરિયાણામાં એક જ ઘરમાં 501 મત પડ્યા.

**સત્ય:** ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે ઘર નંબર 265 એ નાનું ઘર નથી. આ એક એકરના પૂર્વજોના પ્લોટ પર ઘણા પરિવારો રહે છે. દરેક પરિવારનો ઘર નંબર ત્યાં આપવામાં આવ્યો નથી. ઘર નંબર 265 દરેક જગ્યાએ આપવામાં આવ્યો છે. એક પરિવારની ત્રણ પેઢીઓ સાથે રહી શકે છે.

**ખોટું:** બિહારમાં, મતદારની ઉંમર 124 વર્ષ છે, સુબોધ કુમાર બીએલએનું નામ ખામી યાદીમાં નહોતું, રંજુ દેવીનું નામ બોલાવીને બળજબરીથી કાઢી નાખવામાં આવ્યું.

**સત્ય:** બિહારના મતદાર મિઝતા દેવી 34 વર્ષના છે, પરંતુ તેમણે પોતે જણાવ્યું હતું કે તેમણે ઓનલાઈન અરજી કરી હતી, જેના પરિણામે તેમની ઉંમર 124 વર્ષ થઈ ગઈ. સુબોધ કુમાર, બીએલએ, મતદાર યાદીમાં ન હોવાની માહિતી ખોટી નીકળી. રંજુ દેવીએ સ્વીકાર્યું કે તેમણે ખોટી માહિતી આપી હતી.



# આંતરરાષ્ટ્રીય IDEA ના સભ્ય દેશોની પરિષદના અધ્યક્ષ તરીકે સ્વીકૃતિ ભાષણ

***વિશ્વના સર્વશ્રેષ્ઠ લોકશાહી દેશોના પ્રતિષ્ઠિત મહાનુભાવો, દેવીઓ અને સજ્જનો***

- *હું ભારતથી છું અને તેથી હું તમને ભારત વિશે કહીને શરૂઆત કરીશ.*
- *ભારત લોકશાહીની માતા છે અને આજે તે વિશ્વની સૌથી મોટી લોકશાહી પણ છે.*
- *ભારતનું ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને તેની બંધારણીય જવાબદારીના ભાગ રૂપે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ, વિધાનસભાઓ અને વિધાનસભા પરિષદોની ચૂંટણીઓ કરાવે છે.*
- *ભારતના 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 900 મિલિયનથી વધુ મતદારો સાથે, ભારતીય ચૂંટણી પંચ પાસે પારદર્શક ચૂંટણીઓ યોજવામાં અને યોગ્યતાના આધારે સચોટ મતદાર યાદીઓ તૈયાર કરવામાં લગભગ 75 વર્ષનો અનુભવ છે.*
- *લોકસભાની ચૂંટણીઓ યોજીને, ભારતીય ચૂંટણી પંચ 10 લાખથી વધુ કર્મચારીઓ સાથે વિશ્વનું સૌથી મોટું સંગઠન બન્યું છે.*
- *આજે, દરેક ભારતીય ભારતને આંતરરાષ્ટ્રીય IDEA ના સભ્ય દેશોની પરિષદના અધ્યક્ષ પદ પર બિરાજમાન જોઈને સન્માનિત અનુભવે છે, જે 35 લોકશાહી દેશો અને 2 નિરીક્ષક રાષ્ટ્રોનો સમાવેશ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા છે.*
- *ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે, હું, જ્ઞાનેશ કુમાર, ભારતના તમામ નાગરિકો વતી, બધા દેશોના પ્રતિનિધિઓને મારી શુભકામનાઓ પાઠવું છું અને આંતરરાષ્ટ્રીય IDEA ના સભ્ય રાજ્યોની પરિષદનું અધ્યક્ષપદ સ્વીકારું છું.*
- *અધ્યક્ષ તરીકે, હું તમને ખાતરી આપું છું કે મારા કાર્યકાળ દરમિયાન, બધા લોકશાહી દેશો સાથે મળીને, અમે વિશ્વભરમાં લોકશાહી અને લોકશાહી પ્રક્રિયાઓમાં પારદર્શિતાને વધુ મજબૂત અને વધારવા માટે અનુકરણીય રીતે કામ કરીશું.*

***જય હિન્દ,જય ભારત***






વ્યવસ્થા તથા પ્રત્યેક સામાન્ય ચૂંટણીમાં ભારતીય મતદારોએ બંધારણ નિર્માતાઓના આ ભરોસાને હંમેશા મજબૂત કર્યો. ચૂંટણી પંચે આ દિશામાં ઉલ્લેખનીય કાર્ય કર્યું છે. સાથે જ ચૂંટણી પંચની સમાવેશી યોજનાથી મતદાનનું પ્રમાણ વધવાથી મતદારોમાં વિશ્વાસ અને વધુ મજબૂતી મળી છે. આનાથી આજે ભારતીય ચૂંટણી પંચની સમગ્ર વિશ્વમાં શાખ વધી છે. આથી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કહે છે, ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સૌ નિષ્ઠાવાન અધિકારી તથા કર્મચારી રાષ્ટ્ર-સેવક કહેવાને હકદાર છે. આપણા દેશની ચૂંટણી પ્રક્રિયાને વધારે સક્ષમ બનાવવામાં યોગદાન આપનારી બિન સરકારી સંસ્થાઓ પણ પ્રશંસાને પાત્ર છે.

ભારતમાં જ્યારે પહેલીવાર 1951-52 માં ચૂંટણી થઈ ત્યારે આશંકા દર્શાવવામાં આવી રહી હતી કે લોકશાહી જીવિત નહીં રહે પરંતુ આજે તમામ આશંકાઓને ખોટી સાબિત કરી લોકશાહીની જનની ભારત આજે દુનિયા માટે માર્ગદર્શક બની રહી છે. ચૂંટણી પંચના નિત નવા પ્રયોગ અને આયામોએ આંગળી પર લાગેલી શાહીને એક ફેશન સ્ટેટમેન્ટ બનાવી દીધી છે. આ હંમેશા યાદ રાખવા જેવી વાત છે. ચોક્કસપણે ભારતની લોકશાહી વિશ્વ સમુદાય માટે નવા આદર્શ પ્રસ્તુત કરે, કરતી રહેશે અને આ યાત્રામાં દેશના મતદારો તથા ચૂંટણી પંચ, ભાગીદારી અને ઉત્કૃષ્ટતાના નવા ઉદાહરણો સ્થાપિત કરતા રહેશે. ■

ગ્રામીણ ભારતમાં રોજગારની નવી ગેરંટી

# મનરેગાનો નવો અવતાર

## વિકસિત ભારત – જી રામ જી બિલ

***કેન્દ્ર સરકાર માટે ગામડાઓ અને ગરીબોનું કલ્યાણ ઉચ્ચ પ્રાથમિકતા રહી છે. છેલ્લા દાયકામાં તેમના માટે રોજગાર અને સ્વરોજગાર વધારવા માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં, વિકાસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ 2025, જેને 'વિકાસિત ભારત - જી રામ જી' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સંસદમાં પસાર થયું હતું અને રાષ્ટ્રપતિની મંજૂરીથી કાયદો બની ગયું છે. આ કાયદો ગામડાઓમાં પરિવર્તન લાવશે અને દરેક પરિવાર માટે દર નાણાકીય વર્ષમાં 125 દિવસની રોજગારીની ગેરંટી પણ આપશે. તે મહાત્મા ગાંધીના આત્મનિર્ભર અને વિકસિત ગામડાના વિઝનને બનાવશે મજબૂત...***

મનરેગાનો નવો અવતાર, "વિકસિત ભારત - જી રામ જી બિલ 2025," ફક્ત રોજગાર યોજના નથી પરંતુ ગ્રામીણ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક બ્લુપ્રિન્ટ છે. મનરેગામાંથી મેળવેલા અનુભવોના આધારે, સરકાર ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર, ટકાઉ વિકાસ અને આજીવિકાના સાધનને મજબૂત બનાવતી સિસ્ટમ બનાવવાનું લક્ષ્ય રાખે છે. "વિકસિત ભારત @ 2047" ના વિઝનને પ્રાપ્ત કરવા માટે ગ્રામીણ વિકાસ માટે પરિવર્તનશીલ અભિગમની જરૂર છે. આ જ કારણ છે કે ગ્રામીણ પરિવારો માટે ગેરંટીકૃત વેતન રોજગાર નાણાકીય વર્ષમાં 100 દિવસથી વધારીને 125 દિવસ પ્રતિ વર્ષ કરવામાં આવ્યો છે. બિલના પ્રાથમિક ઉદ્દેશ્યો ગ્રામીણ વિકાસ માળખાને "વિકસિત ભારત 2047" ના રાષ્ટ્રીય વિઝન સાથે સંરેખિત કરવાનો છે. આ ગરીબી ઘટાડવા અને ગામડાઓમાં ટકાઉ માળખાકીય સુવિધાઓ ઉભી કરવા તરફ એક નિર્ણાયક પગલું સાબિત થઈ શકે છે.

વર્ષ 2005 માં અમલમાં આવ્યા પછી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) એ વેતન રોજગાર પૂરો પાડવા, ગ્રામીણ આવક સ્થિર કરવા અને મૂળભૂત માળખાગત સુવિધાઓના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સમય જતાં, ગ્રામીણ ભારતની માળખાગત સુવિધાઓ અને લક્ષ્યોમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. વધતી આવક, વધેલી કનેક્ટિવિટી, વ્યાપક ડિજિટલ ઍક્સેસ અને વિવિધ આજીવિકાએ ગ્રામીણ રોજગાર જરૂરિયાતોના સ્વરૂપને બદલી નાખ્યું છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકારે સંસદમાં MGNREGA - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ, 2025 રજૂ કર્યું. આ બિલ MGNREGA ને વ્યાપક કાયદાકીય ફેરફારો સાથે બદલે છે જે જવાબદારી, માળખાગત સુવિધાઓના પરિણામો અને આવક સુરક્ષાને મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 21 ડિસેમ્બરના રોજ વિકસિત ભારત - જી રામજી બિલ, 2025 ને પોતાની સંમતિ આપી હતી.



# ગ્રામીણ રોજગારના ચાર સ્તંભોથી મજબૂત બનશે માળખાગત સુવિધા

સશક્તિકરણ, વિકાસ, સમૃદ્ધિ અને સંતૃપ્તિના સિદ્ધાંતો પર આધારિત, વિકસિત ભારત-જી રામ જી કાયદો સમૃદ્ધ, સક્ષમ અને આત્મનિર્ભર ગ્રામીણ ભારતનો પાયો મજબૂત બનાવશે. તે ગ્રામીણ પરિવારો માટે આવક સુરક્ષા વધારશે અને શાસન અને જવાબદારીને આધુનિક બનાવશે. સૌથી અગત્યનું, નવો કાયદો રોજગારના ચાર સ્તંભો સ્થાપિત કરે છે જે ગ્રામીણ માળખાગત સુવિધાઓનું નિર્માણ કરશે. આ સમૃદ્ધ અને સક્ષમ ગ્રામીણ ભારતનો પાયો વધુ મજબૂત બનાવશે.

1



**જળ સુરક્ષા અને જળ સંબંધિત કામ**

સિંચાઈ, જળાશયોનું પુનઃસ્થાપન, વૃક્ષારોપણ, નહેર, પૂર ચેનલ, ભૂમિગત બંધ નિર્માણ, તળાવ, કૂવાનું બાંધકામ, સમુદાય દ્વારા જળસંચય વિસ્તારોમાં જમીન સુધારણા, છત પર પાણી સંગ્રહનો સમાવેશ થાય છે.

2




**મુખ્ય ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સ્વચ્છતા, નવીનીકરણીય ઊર્જા, સામુદાયિક સુવિધાઓ સંબંધિત માળખાગત સુવિધાઓ, જેમાં ગ્રામીણ રસ્તાઓ, ગ્રામ પંચાયત ઈમારતો, શાળાઓમાં વધારાના ઓરડાઓ અથવા પરિસર, સ્મશાન, ગ્રામીણ પાર્કિંગ, પરિવહન શેડ અને જળ જીવન મિશનના કાર્યોનો સમાવેશ થાય છે.

3



**આજીવિકા સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

કૃષિ, પશુધન, મત્સ્યઉદ્યોગ, કૌશલ્ય, ઉદ્યમ વિકાસ જેમાં ગ્રામીણ હાટ, સાપ્તાહિક બજારો, ખાદ્ય અને કૃષિ સંગ્રહ, નર્સરીની ખેતીનો વિસ્તાર, બાંધકામ સામગ્રીનું ઉત્પાદન શામેલ છે.

4



**હવામાન ઘટનાઓની અસર ઘટાડવા માટેની ક્રિયાઓ**

આપત્તિ જોખમ ઘટાડવું, આબોહવા અનુકૂલન, ચક્રવાત અને પૂર આશ્રયસ્થાનો, પૂર વ્યવસ્થાપન માટે તળાવો અને જળસંરચનાઓનું નિર્માણ શામેલ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કોઈપણ જાહેર કાર્યો, જેમાં પીએમ આવાસ યોજના અને સ્વચ્છતા સંબંધિત કાર્યોનો સમાવેશ થાય છે.

### મનરેગાથી આગળનું પગલું: વિકસિત ભારત જી રામ જી

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના મતે, વિકાસિત ભારત-જી રામ જી યોજના મનરેગાથી એક પગલું આગળ છે. હવે, 100નહીં, પણ 125 દિવસના કામની કાનૂની ગેરંટી છે. કામ ન મળવાના કિસ્સામાં બેરોજગારી ભથ્થાની જોગવાઈ સશક્ત બનાવવામાં આવી છે. જો વેતનમાં વિલંબ થશે તો વધારાનું વળતર આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. એટલું જ નહીં, આ વર્ષે આ યોજના માટે 1,51,282 કરોડ રૂપિયાથી વધુની મોટી રકમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. વિકસિત ભારત માટે વિકસિત ગામડાઓ, આત્મનિર્ભર ગામડાઓ અને ગરીબીમુક્ત અને રોજગારથી ભરપૂર ગામડાઓ બનાવવા માટે, આમાં જળ સંરક્ષણ, ગામમાં માળખાગત સુવિધાઓનું કાર્ય, આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ અને કુદરતી આફતોથી રક્ષણ જેવા કાર્યો હાથ ધરવામાં આવશે. આમાં બીજી એક ખાસ જોગવાઈ કરવામાં

## એક્ટની ખાસ બાબતો

- નવા કાયદામાં મનરેગા હેઠળ ગ્રામીણ પરિવારો માટે નાણાકીય વર્ષમાં ફરજિયાત રોજગાર ગેરંટી દર વર્ષે 100 દિવસથી વધારીને 125 દિવસ કરવામાં આવી છે.
- વાવણી અને લણણીની ઋતુ દરમિયાન કૃષિ પ્રવૃત્તિઓ માટે કૃષિ મજૂરોની ઉપલબ્ધતાને સરળ બનાવવા માટે, આ કાયદો રાજ્યોને નાણાકીય વર્ષમાં કુલ 60 દિવસ વિરામ અવધિ આપવા માટે અધિકૃત કરે છે. કુલ 125 દિવસના રોજગારનો હક યથાવત રહે છે.
- રાજ્ય સરકાર આ કાયદા હેઠળ ઘડવામાં આવેલી યોજનાનો સારાંશ બે અખબારોમાં પ્રકાશિત કરશે અને નિયમો અને શરતો લખશે.
- આ કાયદા હેઠળ, જ્યાં સુધી કેન્દ્ર સરકાર નવા વેતનની જાહેરાત ન કરે ત્યાં સુધી, વેતન મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005 હેઠળ સૂચિત વર્તમાન વેતન કરતા ઓછું રહેશે નહીં.
- જો અરજદારને 15 દિવસની અંદર રોજગાર આપવામાં ન આવે, તો તેઓ દૈનિક બેરોજગારી ભથ્થા માટે હકદાર રહેશે. આ ભથ્થું રાજ્ય સરકાર દ્વારા સૂચિત કરવામાં આવશે, પરંતુ તે શરુઆતના 30 દિવસના મજૂરી દરના એક ચતુર્થાંશથી ઓછું નહીં હોય. બાકીના નાણાકીય વર્ષ માટે, બેરોજગારી ભથ્થું અડધાથી ઓછું નહીં હોય.
- દૈનિક વેતન સાપ્તાહિક ધોરણે વહેંચવામાં આવશે, કોઈપણ સંજોગોમાં કામના દિવસથી 15 દિવસ પછી નહીં.
- ગ્રામ સભા આ કાયદા હેઠળ થતા તમામ કાર્યોનું નિરીક્ષણ કરશે, અને ગ્રામ પંચાયત આ હેતુ માટે તમામ દસ્તાવેજો પૂરા પાડશે.
- કાયદાના કાર્યો માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનો ગુણોત્તર ઉત્તર-પૂર્વીય રાજ્યો, હિમાલયી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો - ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર માટે 90:10 અને અન્ય રાજ્યો અને વિધાનસભા ધરાવતા રાજ્યો માટે 60:40 રહેશે.
- મોનિટરિંગમાં બાયોમેટ્રિક ઓથન્ટિકેશન, જીઓ-રેફરન્સિંગ, સેટેલાઈટ ઈમેજરી અને કામોના ડિજિટલ મેપિંગનો સમાવેશ થશે. ડેશબોર્ડ-આધારિત મોનિટરિંગ સિસ્ટમ સાથેની મોબાઈલ એપ્લિકેશન માંગ, શ્રમ જમાવટ અને પ્રગતિની વાસ્તવિક સમયની દૃશ્યતા પ્રદાન કરશે.
- બ્લોક અને જિલ્લા સ્તરે ફરિયાદ નિવારણ પદ્ધતિઓ વિકસાવવામાં આવશે; આવી ફરિયાદોના નિવારણ માટેની પ્રક્રિયા કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે.
- કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ 10 હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.



“બાપુએ પોતે રામ રાજ્યની વાત કરી હતી. આ દેશ શ્રી રામની ઉપસ્થિતિથી ગૂંજે છે. કોઈ કારણોસર, જ્યારે વિકસિત ભારત જી રામજીનું નામ લેવામાં આવે છે, ત્યારે કેટલાક લોકો ઉત્સાહિત થઈ જાય છે. મહાત્મા ગાંધીએ પોતે રામ રાજ્યની સ્થાપનાની વાત કરી હતી; તેમના છેલ્લા શબ્દો હતા “હે રામ.” બાપુ પ્રત્યે આપણને ખૂબ માન છે.

**- શિવરાજસિંહ ચૌહાણ,**
**કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી**

આવી છે. વહીવટી ખર્ચ 6% થી વધારીને 9% કરવામાં આવ્યો છે. જો આપણે 1,51,282 કરોડની પ્રસ્તાવિત રકમમાંથી 9% બાદ કરીએ, તો તે આશરે 13,000 કરોડ થાય છે. કાર્યમાં સામેલ પંચાયત સચિવો, રોજગાર સહાયકો અને ટેકનિકલ સ્ટાફને સમયસર પૂરતો પગાર મળશે જેથી તેઓ તેમની સંપૂર્ણ ક્ષમતા સાથે તેમની ફરજો બજાવી શકે.

### નવા કાનૂની માળખાની યોગ્યતા

મોટા સામાજિક-આર્થિક ફેરફારો માટે સતત સુધારાઓની જરૂર છે. મનરેગા 2005 માં લાગુ કરવામાં આવી હતી, પરંતુ ગ્રામીણ ભારત હવે પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. વધતી જતી વપરાશ અને સુધારેલી નાણાકીય પહોંચને કારણે ગરીબીનું સ્તર 2011-12 માં 27.1 ટકાથી ઘટીને





# સંસદનું શિયાળુ સત્ર

## સંકલ્પ કરતાં થયું વધુ કામકાજ

*સંસદના શિયાળુ સત્રમાં 15 બેઠકો યોજાઈ. લોકસભા અને રાજ્યસભાએ તેમના નિર્ધારિત બજેટ (લોકસભામાં 111% અને રાજ્યસભામાં 121%) કરતાં વધુ બજેટ રજૂ કર્યું. સત્ર દરમિયાન, વિકસિત ભારત જી રામજી બિલ સહિત અનેક મહત્વપૂર્ણ બિલ રજૂ કરવામાં આવ્યા અને પસાર કરવામાં આવ્યા. રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્" ની 150મી વર્ષગાંઠની ઉજવણી માટે સંસદના બંને ગૃહોમાં યોજાઈ ખાસ ચર્ચાઓ...*

**રાજ્યસભા અને લોકસભામાં** શિયાળુ સત્ર દરમિયાન હોબાળા વચ્ચે જોરદાર ચર્ચાઓ થઈ. વધુમાં, સરકારે ઘણા મહત્વપૂર્ણ બિલ રજૂ કર્યા, જેમાંથી ઘણા પસાર થયા. જ્યારે લોકસભામાં 10 બિલ રજૂ કરવામાં આવ્યા અને 8 પસાર થયા, ત્યારે રાજ્યસભાએ પણ 8 બિલ પસાર કર્યા. આમ, સંસદના બંને ગૃહો દ્વારા કુલ 3 બિલ પસાર કરવામાં આવ્યા. લોકસભા સત્રનો કુલ બેઠક સમય 92 કલાક અને 25 મિનિટનો હતો. લોકસભામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વંદે માતરમ્ પર ચર્ચા શરૂ કરી, જેમાં 65 સભ્યોએ હાજરી આપી. અને ગૃહ 11 કલાક અને 32 મિનિટ સુધી ચાલ્યું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં ચર્ચા શરૂ કરી, જેમાં 81 સભ્યોએ ભાગ લીધો. ગૃહ કુલ 12 કલાક અને 49 મિનિટ સુધી ચાલ્યું.

આ ઉપરાંત, ચૂંટણી સુધારા પર ચર્ચા 9 અને 10 ડિસેમ્બરે લોકસભામાં અને 11, 15 અને 16 ડિસેમ્બર, 2025 ના રોજ રાજ્યસભામાં થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં ચર્ચા પૂર્ણ કરી. ચર્ચામાં બાસઠ સભ્યોએ ભાગ લીધો. રાજ્યસભામાં, 57 સભ્યોએ ભાગ લીધો, અને ચર્ચા 10 કલાક અને 37 મિનિટ ચાલી.

### સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરાયેલા બિલો

- ✓ મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ,
- ✓ સેન્ટ્રલ એક્સાઇઝ (સુધારા) બિલ, 2025
- ✓ આરોગ્ય સુરક્ષા ઉપકર બિલ, 2025
- ✓ વિનિયોગ (નં. 4) બિલ, 2025
- ✓ રદ અને સુધારો બિલ, 2025
- ✓ સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, 2025
- ✓ ભારત પરિવર્તન માટે પરમાણુ ઊર્જાનો પ્રમોશન અને ટકાઉ ઉપયોગ બિલ, 2025
- ✓ વિકસિત ભારત - ગેરંટીડ એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઈવલીહૂડ મિશન (ગ્રામીણ): વીબી જી રામ જી બિલ, 2025



2022-23 માં 5.3 ટકા થઈ ગયું, જેના કારણે ગ્રાહક માંગમાં વધારો થયો, નાણાકીય સુખાકારીમાં સુધારો થયો અને કલ્યાણ કવરેજમાં વધારો થયો. ગ્રામીણ આજીવિકા વધુ વૈવિધ્યસભર અને ડિજિટલી જોડાયેલી બનતી જાય છે, મનરેગાનું વ્યાપક અને માંગ-આધારિત માળખું હવે આજના ગામડાઓની વાસ્તવિકતા સાથે સંપૂર્ણપણે મેળ ખાતું નથી. વિકસિત ભારત - જી રામ જી બિલ 2025 આ જરૂરિયાતોને પૂર્ણ કરશે. ■

છોકરીનો જન્મ બને ઉત્સવ, બોજ નહીં

# સશક્ત બેટીઃ સમૃદ્ધ અને વિકસિત ભારત



***સમાજને ઘડવામાં અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં દીકરીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. છતાં, લિંગ ગુણોત્તર ઘટી રહ્યો હતો. તેને સુધારવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી બેટી બચાવો, બેટી પઢાઓ યોજના 22 જાન્યુઆરીએ તેના 12મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. દેશ 24 જાન્યુઆરીએ રાષ્ટ્રીય કન્યા બાળ દિવસ પણ ઉજવી રહ્યો છે, એક એવો દિવસ જે આપણને યાદ અપાવે છે કે જ્યારે દીકરીઓને પોષણ, શિક્ષણ અને સન્માન મળે છે, ત્યારે રાષ્ટ્ર મજબૂત બને છે. ચાલો જોઈએ કે કેવી રીતે છોકરીઓ અને મહિલાઓની તેમના જીવન ચક્ર દરમ્યાન સલામતી, સુરક્ષા અને સશક્તિકરણ કેન્દ્ર સરકારની છે પ્રાથમિકતા...***

દેશભરમાં ઘટી રહેલા બાળ જાતિ ગુણોત્તર અને જીવન ચક્ર દરમ્યાન છોકરીઓ અને મહિલાઓના સશક્તિકરણ સંબંધિત મુદ્દાઓને સંબોધવા જરૂરી હતા. આ માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 જાન્યુઆરી, 2015 ના રોજ હરિયાણાના જીંદથી બેટી બચાવો, બેટી પઢાઓ યોજના શરૂ કરી. ત્યારબાદ, 15મા નાણાપંચ દરમિયાન, આ યોજનાનો વિસ્તાર કરીને તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા. પાયાના સ્તરે અસરકારક પ્રવૃત્તિઓ માટે વધુ ભંડોળ ઉપલબ્ધ થયું. દરેક છોકરીના જન્મ લેવા, સુરક્ષિત રહેવા, અભ્યાસ કરવા, સ્વપ્ન જોવા અને નેતૃત્વ કરવાના અધિકારને મજબૂત બનાવવા માટે, કેન્દ્ર સરકાર બેટી બચાવો, બેટી પઢાઓ, સુકન્યા સમૃદ્ધિ ખાતું, માતૃત્વ વંદના યોજના, પીએમ મુદ્રા યોજના, સ્ટેન્ડઅપ ઈન્ડિયા યોજના અને પીએમ આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓમાં મહિલાઓને પ્રાથમિકતા આપી રહી છે. વધુમાં, વિકસિત ભારતમાં, રાષ્ટ્ર મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ જ કારણ છે કે જન્મ સમયે લિંગ ગુણોત્તર સતત વધી રહ્યો છે.

**બેટી બચાવો, બેટી પઢાઓથી વર્તનમાં આવી રહ્યું છે પરિવર્તન**

નીતિ આયોગે નાણાકીય વર્ષ 2019 થી 2024 સુધી મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની યોજનાઓનું મૂલ્યાંકન કર્યું. અભ્યાસમાં બેટી બચાવો, બેટી પઢાઓ (BBBP) અને વન સ્ટોપ સેન્ટર (OSC) કાર્યક્રમો ખૂબ અસરકારક હોવાનું જાણવા મળ્યું. BBVP દ્વારા વર્તન પરિવર્તનને પ્રોત્સાહન આપીને, આ કાર્યક્રમો દેશભરમાં મહિલાઓની સલામતી અને સશક્તિકરણને મજબૂત બનાવે છે.

દેશમાં છોકરીઓના જીવનને સુધારવામાં બેટી બચાવો, બેટી પઢાઓ યોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેણે જન્મ સમયે લિંગ



આગળ વધી

- હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ અનુસાર, સંસ્થાકીય પ્રસૂતિઓ 2014-15 માં 61% થી વધીને 2023-24 માં 97.3% થઈ ગયો છે. ગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સંભાળ નોંધણી પણ 61% થી વધીને 80.5% થઈ છે.
- વર્ષ 2014-15માં જન્મ સમયે લિંગ ગુણોત્તર 918 હતો, જે 2023-24માં વધીને 930 થયો છે.
- 1876માં થયેલી પ્રથમ રાષ્ટ્રીય વસ્તી ગણતરી પછી પહેલી વાર, દર 1,000 પુરુષોએ મહિલાઓની સંખ્યા વધુ છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5માં દર 1,000 પુરુષોએ 1,020 મહિલાઓ નોંધાઈ હતી.
- 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓના લગ્ન અંગે, રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેક્ષણ રિપોર્ટ-5 દર્શાવે છે કે તે હવે રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેક્ષણ-3 ની તુલનામાં અડધું થઈ ગયું છે.

## ભણી

- વર્ષ 2024-25માં કુલ નોંધણી ગુણોત્તરનો લૈંગિક સમાનતા સૂચકાંક પ્રારંભિક તબક્કા, પ્રાથમિક તબક્કા અને મધ્યમ તબક્કા માટે 1.0 છે, જ્યારે માધ્યમિક તબક્કા માટે 1.1 છે. એવું જોવા મળ્યું છે કે છોકરીઓ અને છોકરાઓની નોંધણીમાં કોઈ તફાવત નથી.
- 97.1% શાળાઓમાં અલગ શૌચાલય ઉપલબ્ધ છે અને 99.3% શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. શાળાની માળખાગત સુવિધાઓમાં સુધારાને કારણે છોકરીઓની નોંધણીમાં સુધારો થયો છે અને શાળા છોડી દેવાના દરમાં ઘટાડો થયો છે.
- 2014 થી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટેકનિકલ શિક્ષણમાં મહિલાઓની સંખ્યામાં વધારો થયો છે.
- કેન્દ્ર સરકારની પ્રી-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક અને મેરિટ-કમ-મીન્સ આધારિત શિષ્યવૃત્તિના 30% ભાગ વિદ્યાર્થીનીઓ માટે અનામત છે.
- પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા પ્રોત્સાહક યોજના (PM-USP) હેઠળ 50% શિષ્યવૃત્તિ સ્લોટ કન્યા વિદ્યાર્થીઓ માટે આરક્ષિત છે.
- ખેલો ઈન્ડિયા યોજના હેઠળ મહિલા રમતગમત લીગની શરૂઆત થઈ, જેમાં 29 રમતગમત શાખાઓમાં 1.39 લાખ સહભાગીઓએ ભાગ લીધો.
- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ હિમાચલ, પંજાબ, કેરળ અને આસામમાં ખાસ કરીને મહિલા ખેલાડીઓની તાલીમ માટે 4 રમત તાલીમ કેન્દ્રો સ્થાપ્યા છે.

## જીતી

- કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2025-26માં લિંગ સમાનતા પર 4.49 લાખ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે, જે કુલ બજેટના 8.86% છે.
- NDA અને સૈનિક શાળાઓમાં છોકરીઓનો પ્રવેશ શરૂ
- મહિલા રાજકીય સશક્તિકરણના ક્ષેત્રમાં સૌથી મોટી સિદ્ધિ શક્તિ વંદન અધિનિયમ, 2023 છે. લોકસભા અને વિધાનસભાઓમાં 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.
- ઓગસ્ટ 2025 સુધીમાં 4.31 કરોડ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા
- ઉજ્જવલા યોજના હેઠળ મહિલાઓ માટે 10.3 કરોડ ગેસ કનેક્શન.
- દીન દયાલ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ, 10 કરોડ સભ્યો ધરાવતા લગભગ 90 લાખ સ્વ-સહાય જૂથો મહિલાઓ માટે સ્વરોજગારનો લેન્ડસ્કેપ બદલી રહ્યા છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહિલાઓ માટે 3 કરોડથી વધુ ઘરો.
- મહિલાઓને 35.40 કરોડ રૂપિયાની પીએમ મુદ્રા લોન આપવામાં આવી હતી, જે કુલ લોનના લગભગ 68 ટકા છે.
- 2.21 કરોડ મહિલા માલિકીના MSME નોંધાયેલા છે.
- 48% સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછી એક મહિલા નિદેશક છે, 2.06 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે.
- ભારતમાં એક ચતુર્થાંશ અવકાશ વૈજ્ઞાનિકો મહિલાઓ છે.

**"**

***અમારી સરકાર દ્વારા શરૂ કરાયેલી દરેક વિકાસ પહેલમાં, અમે છોકરીઓના સશક્તિકરણ અને મહિલા શક્તિને મજબૂત બનાવવાને સૌથી વધુ પ્રાથમિકતા આપીએ છીએ. અમારું ધ્યાન છોકરીઓ માટે ગૌરવની સાથે તક સુનિશ્ચિત કરવા પર છે.***

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

ગુણોત્તર સુધારવામાં, શિક્ષણની પહોંચ વધારવામાં, આરોગ્યસંભાળનો વિસ્તાર કરવામાં અને મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મદદ કરી છે. સરકારની પ્રતિબદ્ધતાને કારણે માત્ર સરકારી એજન્સીઓમાં જ નહીં પરંતુ બિન-સરકારી સંસ્થાઓમાં પણ દીકરીઓ પ્રત્યેના વલણમાં પરિવર્તન આવ્યું છે. દેશમાં દરેક દીકરીનું મૂલ્ય અને રક્ષણ કરવા માટે એક મજબૂત પાયો સ્થાપિત થયો છે. હવે તેના 12મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, આ યોજના દેશમાં લિંગ સમાનતા અને સશક્તિકરણ તરફ સતત પ્રગતિ સુનિશ્ચિત કરશે. ■

**પરંપરાગત ચિકિત્સા સિસ્ટમ**

# ગંભીર આરોગ્ય પડકારોના ઉકેલો




***પરંપરાગત ચિકિત્સા એ વિશ્વની સૌથી જૂની સર્વાંગી ચિકિત્સા પ્રણાલીઓમાંની એક છે. વિશ્વ આરોગ્ય સંગઠનના 170 દેશોમાં પરંપરાગત, પૂરક અને સંકલિત દવાનો ઉપયોગ થાય છે. ભારત, ચીન અને જાપાન જેવા દેશોએ પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઓ સ્થાપિત કરી છે, જ્યારે આફ્રિકા અને અમેરિકામાં પણ તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. ભારતે 17-19 ડિસેમ્બર, 2025 દરમિયાન ગંભીર આરોગ્ય પડકારોના ઉકેલ તરીકે પરંપરાગત ચિકિત્સા પર WHO ના બીજા વૈશ્વિક શિખર સંમેલનનું આયોજન કર્યું હતું, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમાપન સમારોહને કર્યો સંબોધિત....***

ભારત સરકારના આયુષ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંગઠને સંયુક્ત રીતે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે "સંતુલન સ્થાપિત કરવું: આરોગ્ય અને કલ્યાણ વિજ્ઞાન અને અભ્યાસ" વિષય પર પરંપરાગત ચિકિત્સા સમિટનું આયોજન કર્યું હતું. ભારતમાં સતત બીજા વર્ષે આયોજિત આ સમિટમાં રાષ્ટ્રના વધતા નેતૃત્વ અને વૈશ્વિક, વિજ્ઞાન-આધારિત અને લોકો-કેન્દ્રિત પરંપરાગત ચિકિત્સા કાર્યસૂચિને આકાર આપવાના પ્રધાનમંત્રી મોદીના સંકલ્પની શક્તિનો પુરાવો છે. પરંપરાગત ચિકિત્સા સુખાકારી અને નવીનતાની સીમાઓને પાર કરે છે, મહત્વપૂર્ણ આરોગ્ય પડકારોનો સામનો કરે છે. ત્રણ દિવસીય સમિટ દરમિયાન, ગુજરાત ઘોષણાપત્ર અપનાવવામાં આવ્યું હતું, જે પુરાવા-આધારિત TCIM પ્રત્યે વૈશ્વિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે, સુધારેલા ડેટા અને નિયમનકારી માળખા માટે હાકલ કરે છે, અને એક સર્વાંગી, સાંસ્કૃતિક મૂળ ધરાવતી અને વૈજ્ઞાનિક રીતે આધારીત વૈશ્વિક આરોગ્ય કાર્યસૂચિને આકાર આપવામાં ભારતના નેતૃત્વને સ્વીકારે છે.

ડબલ્યૂએચઓ ગ્લોબલ ટ્રેડિશનલ ચિકિત્સા સેન્ટર જામનગરમાં સ્થપાનાને ગૌરવપૂર્ણ ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે આ સમિટ પરંપરાગત જ્ઞાન અને



## પ્રધાનમંત્રી મોદીએ અનેક આયુષ પહેલોનો કર્યો શુભારંભ

- આયુષ ક્ષેત્ર માટે એક અગ્રણી ડિજિટલ પોર્ટલ, મેરા આયુષ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ પોર્ટલ શરૂ કર્યું. તે 1.5 મિલિયનથી વધુ રેકોર્ડ્સ સાથે, પરંપરાગત પૂરક અને સંકલિત દવાનો વિશ્વનો સૌથી વ્યાપક ડિજિટલ ભંડાર છે.
- આયુષ પ્રતિકનું અનાવરણ કરવામાં આવ્યું. જેની પરિકલ્પના વસ્તુઓ અને સેવાઓની કાર્યક્ષમતાના વૈશ્વિક ધોરણને અનુરૂપ ડિઝાઈન કરવામાં આવ્યું હતું.
- યોગ અને પ્રશિક્ષણ પર ડબલ્યૂએચઓ નો ટેકનિકલ રિપોર્ટ અને "ફ્રોમ રૂટ્સ ટુ ગ્લોબલ રીચ: 11 યર્સ ઓફ ટ્રાન્સફોર્મેશન ઈન આયુષ" પુસ્તકનું વિમોચન કર્યું.
- ભારતના પરંપરાગત ઔષધીય વારસાની વૈશ્વિક માન્યતાનું પ્રતીક, અશ્વગંધા પર એક સ્મારક સ્ટેમ્પ બહાર પાડ્યો.
- દિલ્હીમાં WHO-દક્ષિણપૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયનું ઉદ્ઘાટન, જેમાં WHOનું ભારત કાર્યાલય પણ હશે.
- વર્ષ 2021-2025 માટે યોગના પ્રમોશન અને વિકાસ માટે પ્રધાનમંત્રી પુરસ્કારના વિજેતાઓનું સન્માન કર્યું.
- પીએમ મોદીએ ટ્રેડિશનલ મેડિસિન ડિસ્કવરી સાઈટ એક્ઝિબિશનની મુલાકાત લીધી. જે ભારત અને વિશ્વભરની પરંપરાગત મેડિસિન જ્ઞાન પ્રણાલીઓની વિવિધતા, ઊંડાણ અને સમકાલીન સુસંગતતા દર્શાવે છે.

***પરંપરાગત દવા સંબંધિત વૈજ્ઞાનિક ડેટા અને નીતિ દસ્તાવેજોને એકીકૃત કરવા માટે ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ લાઈબ્રેરીના સ્વરૂપમાં એક વૈશ્વિક પ્લેટફોર્મ, શરૂ કરવામાં આવ્યું. ઉપયોગી માહિતી દરેક દેશ માટે સમાન રીતે સુલભ હશે. આ લાઈબ્રેરીની જાહેરાત ભારતની G20 અધ્યક્ષતા દરમિયાન પ્રથમ WHO ગ્લોબલ કોન્ફરન્સમાં કરવામાં આવી હતી. આ પ્રતિબદ્ધતા હવે સાકાર થઈ છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**ભારતમાં 3,844 આયુષ હોસ્પિટલો, 36,848 દવાખાનાઓ, 886 સ્નાતક અને 251 અનુસ્નાતક કોલેજો અને 7.5 થી વધુ નોંધાયેલા પ્રેક્ટિશનરો છે. ભારત સરકારે 2014 માં રાષ્ટ્રીય આયુષ મિશન પણ શરૂ કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય દેશભરમાં આયુષ સેવાઓની ઉપલબ્ધતાને સુદ્રઢ છે.**

### ડબલ્યૂએચઓનું દિલ્હી ઘોષણાપત્ર

આ સમિટ દરમિયાન પરંપરાગત ચિકિત્સા પર વિશ્વનું દિલ્હી ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું હતું. દિલ્હી ઘોષણાપત્ર પરંપરાગત દવાની વિશાળતા, તેના મજબૂત વૈજ્ઞાનિક પુરાવા આધાર, તેની નવીનતા અને આરોગ્ય પડકારોના ઉકેલો પૂરા પાડવાની તેની સંભાવનાને પ્રકાશિત કરે છે, જે મુખ્યત્વે ચાર મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે:

- પુરાવા આધારિત જ્ઞાનને મજબૂત બનાવવું
- સુરક્ષા, ગુણવત્તા અને જાહેર વિશ્વાસ સુનિશ્ચિત કરવા.
- સલામત અને અસરકારક પરંપરાગત ચિકિત્સાનું એકીકરણ
- આધુનિકતા અને ડિજિટલ ટેકનોલોજીનો જવાબદાર ઉપયોગ

આધુનિક પ્રથાઓને એક સાથે લાવી રહી છે. અહીં ઘણી પહેલો શરૂ કરવામાં આવી છે જે તબીબી વિજ્ઞાન અને સર્વાંગી સ્વાસ્થ્યના ભવિષ્યને બદલી શકે છે. જ્યારે પરંપરા અને ટેકનોલોજી એક સાથે આવે છે, ત્યારે વૈશ્વિક સ્વાસ્થ્યમાં વધુ અસરકારકતાની સંભાવના ખૂબ જ વધી જાય છે. તેથી, વૈશ્વિક દ્રષ્ટિકોણથી આ સમિટ ની સફળતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમ મોદીએ સ્પષ્ટતા કરી કે 21મી સદીના આ યુગમાં, જીવનમાં સંતુલન જાળવવાનો પડકાર ફક્ત વધશે. AI અને રોબોટિક્સના રૂપમાં ટેકનોલોજીના નવા યુગનું આગમન, આગામી વર્ષોમાં આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવશે, જે માનવ ઈતિહાસમાં સૌથી મોટા ફેરફારો લાવશે. તેથી, એ ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે કે જીવનશૈલીમાં આવા અચાનક ફેરફારો, શારીરિક શ્રમ વિના સંસાધનો અને સુવિધાઓની ઉપલબ્ધતા, માનવ શરીર માટે અણધાર્યા પડકારો ઉભા કરશે. તેથી, પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં, આપણે ફક્ત વર્તમાનની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ નહીં; આપણી પાસે ભવિષ્ય માટે પણ સહિયારી જવાબદારી છે. સંતુલન પુનઃસ્થાપિત કરવું હવે ફક્ત એક ઉદ્દેશ્ય નથી, પરંતુ વૈશ્વિક જરૂરિયાત છે. આ હાંસલ કરવા માટે, વધુ પગલાં ઝડપથી ભરવા પડશે. ■




# આસામ અને પૂર્વોત્તર

## ભારતના વિકાસનું નવું પ્રવેશદ્વાર

**આસામ અને સમગ્ર પૂર્વોત્તર આજે ભારતના વિકાસ માટે એક નવું પ્રવેશદ્વાર બની રહ્યા છે. મલ્ટી-મોડલ કનેક્ટિવિટી પ્રત્યેની પ્રતિબદ્ધતાએ આ પ્રદેશને બદલી નાખ્યો છે. આસામમાં દરેક વિકાસ પ્રોજેક્ટની ગતિ સપનાઓને વાસ્તવિકતામાં ફેરવી રહી છે. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 અને 21 ડિસેમ્બરે આસામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે આશરે 15,600 કરોડના પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું. તેમણે આસામની ભૂમિને એ પણ કહ્યું કે પૂર્વોત્તરથી જ થશે દેશના ભવિષ્યનો નવો સૂર્યોદય...**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યૂઆર કોડ સ્કેન કરો.

દુનિયાનો આજે ભારત પ્રત્યે દૃષ્ટિકોણ બદલાયો છે. તેની સાથે દેશની ભૂમિકા પણ બદલાઈ ગઈ છે. આધુનિક માળખાગત સુવિધાઓનો વિકાસ આમાં મોટી ભૂમિકા ભજવે છે. ભારત 2047 ની તૈયારી કરી રહ્યું છે. જેમાં માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર આ દિશામાં કામ કરી રહી છે જેથી દેશનું દરેક રાજ્ય સાથે મળીને પ્રગતિ કરે અને વિકસિત ભારતના મિશનમાં યોગદાન આપે. આસામના ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે મને ખુશી છે કે આજે આસામ અને પૂર્વોત્તર આપણા આ મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે.

છેલ્લા 10-11 વર્ષોમાં, દેશ દાયકાઓથી ચાલતા હિંસાના ચક્રને સમાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યો છે. હવે એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે આસામના સંસાધનોનો ઉપયોગ તેના લોકોના લાભ માટે થાય. હિંસાગ્રસ્ત જિલ્લાઓને હવે મહત્વાકાંક્ષી જિલ્લાઓ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. ભવિષ્યમાં, આ વિસ્તારો ઔદ્યોગિક કોરિડોર બનશે. પીએમ મોદી કહે છે કે આજે આપણે આસામને ભારતના પૂર્વીય પ્રવેશદ્વાર તરીકે ઉભરતા જોઈ રહ્યા છીએ. આસામ ઘણા ક્ષેત્રોમાં વિકસિત ભારતનું એન્જિન બનશે.

વિકસિત ભારતના નિર્માણમાં દેશના ખેડૂતો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, કેન્દ્ર સરકાર ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપવા માટે દિવસ-રાત કામ કરી રહી છે. કૃષિ કલ્યાણ યોજનાઓ વચ્ચે, ખેડૂતોને ખાતરનો સતત પુરવઠો મળવો જરૂરી છે. આસામના નામરૂપમાં યુરિયા પ્લાન્ટના શિલાન્યાસ સમારોહ દરમિયાન, પીએમ મોદીએ જણાવ્યું હતું કે આ યુરિયા પ્લાન્ટ ભવિષ્યમાં ખેડૂતોને ખાતરનો સતત પુરવઠો સુનિશ્ચિત કરશે. આ ખાતર પ્રોજેક્ટ પર આશરે 11,000 કરોડ ખર્ચવામાં આવશે, જે વાર્ષિક 1.2 મિલિયન મેટ્રિક ટનથી વધુ ખાતરનું ઉત્પાદન કરશે. નામરૂપમાં આ યુનિટ હજારો નવી રોજગાર અને સ્વ-રોજગારીની તકો પણ ઉભી કરશે.

પ્રધાનમંત્રી મોદીએ રાજ્યના લોકોને અપીલ કરતા કહ્યું કે ભારતના ભવિષ્યનો નવો સૂર્યોદય પૂર્વોત્તરમાંથી જ થવાનો છે. તેના માટે, આપણે સાથે

## વિકાસ અને વારસાનો સંગમ ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું નવું ટર્મિનલ ભવન

**પીએમ મોદીએ ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. આ ટર્મિનલ બિલ્ડિંગ 'વિકાસ તેમજ વારસો' ના મંત્રના મહત્વને પ્રતિબિંબિત કરે છે.**

- આ ટર્મિનલ આસામની કનેક્ટિવિટી, આર્થિક વિસ્તરણ અને વૈશ્વિક જોડાણોમાં મોટો ફેરફાર લાવનાર પગલું.
- તે આશરે 1.4 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલું છે અને વાર્ષિક 1.3 કરોડ મુસાફરોને સંભાળવા માટે ડીઝાઈન કરવામાં આવ્યું છે.
- રનવે, એરફિલ્ડ સિસ્ટમ્સ, એપ્રોન અને ટેક્સીવેના વ્યાપક નવીનીકરણ દ્વારા આ સુવિધામાં વધુ વધારો થયો છે.
- ભારતનું પ્રથમ પ્રકૃતિ-થીમ આધારિત એરપોર્ટ ટર્મિનલ, 'બેમ્બૂ ઓર્કીડ' થીમ પર. આ ડિઝાઈન આસામની જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વારસાથી પ્રેરિત છે.
- ટર્મિનલ પર ઉત્તરપૂર્વમાંથી મળેલા લગભગ 140 મેટ્રિક ટન વાંસનો અભૂતપૂર્વ ઉપયોગ કરવામાં આવ્યો.
- એક અનોખું "આકાશીય જંગલ" મુલાકાતીઓને જંગલ જેવો અનુભવ કરાવે છે. આ જંગલમાં લગભગ એક લાખ સ્વદેશી વનસ્પતિ પ્રજાતિઓના છોડ છે.
- આ ટર્મિનલ મુસાફરોની સુવિધા અને ડિજિટલ નવીનતામાં નવા ધોરણો સ્થાપિત કરે છે, જેમાં ઝડપી અને સીમલેસ સુરક્ષા તપાસ માટે ફુલ-બોડી સ્કેનર્સ, ઓટોમેટેડ બેગેજ હેન્ડલિંગ, એક્સિલરેટેડ ઈમિગ્રેશન અને AI-સંચાલિત એરપોર્ટ કામગીરી જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.






## નવા બ્રાઉનફિલ્ડ એમોનિયા-યૂરિયા ખાતર પ્રોજેક્ટનો ભૂમિપૂજન સમારોહ

- પીએમ મોદીએ આસામના દિબ્રુગઢ જિલ્લાના નામરૂપ ખાતે બ્રહ્મપુત્ર વેલી ફર્ટિલાઈઝર કોર્પોરેશન લિમિટેડના હાલના પરિસરમાં નવા બ્રાઉનફિલ્ડ એમોનિયા-યૂરિયા ફર્ટિલાઈઝર પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું.
- ખેડૂતોના કલ્યાણ માટે પ્રધાનમંત્રીના વિઝનને આગળ ધપાવતા, અંદાજિત રૂ. 10,600 કરોડથી વધુના રોકાણ સાથેનો આ પ્રોજેક્ટ આસામ અને પડોશી રાજ્યોની ખાતરની જરૂરિયાતોને પૂર્ણ કરશે.
- તે આયાત પરની નિર્ભરતા ઘટાડશે, નોંધપાત્ર રોજગારીનું સર્જન કરશે અને પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ આપશે. તે ઔદ્યોગિક પુનરુત્થાન અને ખેડૂત કલ્યાણનો પાયો નાખશે.

**આસામની ભૂમિ પ્રત્યેનો મારો લગાવ, તેના લોકોનો પ્રેમ અને સ્નેહ, મારી માતાઓ અને બહેનોનો સ્નેહ મને સતત પ્રેરણા આપે છે અને પૂર્વોત્તરના વિકાસ માટેના અમારા સંકલ્પને મજબૂત બનાવે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## પીએમ મોદીએ શહીદોને આપી શ્રદ્ધાંજલિ



ઐતિહાસિક આસામ આંદોલનના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે પીએમ મોદીએ બોરાગાંવ સ્થિત શહીદ સ્મારક વિસ્તારની મુલાકાત લીધી. આ છ વર્ષ લાંબું જન આંદોલન હતું જે વિદેશી-મુક્ત આસામ અને રાજ્યની ઓળખના રક્ષણ માટેના સામૂહિક સંકલ્પનું પ્રતીક હતું. શહીદ સ્મારક ખાતેના તેમની ક્ષણોને ભાવનાત્મક અનુભવ તરીકે વર્ણવતા, પીએમ મોદીએ કહ્યું, "અમે આસામની પ્રગતિ, સમૃદ્ધિ અને સાંસ્કૃતિક ગૌરવ માટે અથાક મહેનત કરવાની અમારી પ્રતિબદ્ધતામાં અડગ છીએ."

## બીજથી લઈને બજાર સુધી ખેડૂતોની સાથે ઉભી છે સરકાર

- 2014 માં, દેશમાં ફક્ત 225 લાખ મેટ્રિક ટન યુરિયાનું ઉત્પાદન થયું હતું. છેલ્લા 11 વર્ષોમાં, ઉત્પાદન વધીને આશરે 306 લાખ મેટ્રિક ટન થયું છે.
- ખેડૂતોને યુરિયાની એક થેલી માત્ર 300 રૂપિયા માં મળે છે. ભારત સરકાર તે થેલી માટે આશરે ત્રણ હજાર ચૂકવે છે.
- અત્યાર સુધીમાં, પીએમ કિસાન સન્માન નિધિના લગભગ 4 લાખ કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં જમા થઈ ગયા છે.
- વર્ષ 2025 માં, 35 હજાર કરોડ રૂપિયાની બે નવી યોજનાઓ, પીએમ ધન ધન્ય કૃષિ યોજના અને કઠોળ સ્વ-નિર્ભરતા મિશન શરૂ કરવામાં આવી હતી.
- વર્ષ 2025માં કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેડૂતોને 10 લાખ કરોડ રૂપિયાથી વધુની સહાય પૂરી પાડવામાં આવી હતી.
- પૂર્વોત્તરને ખાસ ધ્યાનમાં રાખીને, ખાદ્ય તેલ - પામ ઓઈલ સંબંધિત એક મિશન પણ શરૂ કરવામાં આવ્યું હતું.

મળીને આપણા સપનાઓને સાકાર કરવા કામ કરવું જોઈએ. આપણે આસામના વિકાસને પ્રાથમિકતા આપવી જોઈએ. મને વિશ્વાસ છે કે આપણા સામૂહિક પ્રયાસો આસામને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આપણે વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરીશું.

### આસામના વિકાસને નવી ગતિ

બ્રહ્મપુત્ર નદી પર બનેલા પુલોએ આસામની કનેક્ટિવિટીને નવી તાકાત અને આત્મવિશ્વાસ આપ્યો છે. સ્વતંત્રતા પછીના છ થી સાત દાયકામાં, ફક્ત ત્રણ મોટા પુલ બનાવવામાં આવ્યા હતા, પરંતુ છેલ્લા દાયકામાં, ચાર નવા મેગા પુલ પૂર્ણ થયા છે. આ ઉપરાંત, ઘણા સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ્સ આકાર લઈ રહ્યા છે. બોગીબીલ અને ઢોલા-સાદિયા જેવા સૌથી લાંબા પુલોએ આસામની વ્યૂહાત્મક સ્થિતિને વધુ મજબૂત બનાવી છે. રેલ્વે કનેક્ટિવિટીમાં પણ ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. બોગીબીલ બ્રિજના ઉદઘાટનથી ઉપલા આસામ અને દેશના બાકીના ભાગો વચ્ચેનું અંતર ઓછું થયું છે. ગુવાહાટીથી ન્યૂ જલપાઈગુડી સુધી દોડતી વંદે ભારત એક્સપ્રેસે મુસાફરીનો સમય ઘટાડ્યો છે. દેશમાં જળમાર્ગોના વિકાસથી આસામને પણ ફાયદો થઈ રહ્યો છે. કાર્ગો ટ્રાફિકમાં 140%નો વધારો થયો છે. આ સાબિતી છે કે બ્રહ્મપુત્ર માત્ર એક નદી નથી, પરંતુ આર્થિક શક્તિનો સ્ત્રોત છે. પાંડુમાં પ્રથમ જહાજ સમારકામ સુવિધા વિકસાવવામાં આવી રહી છે, અને વારાણસીથી દિબ્રુગઢ સુધી દોડતી ગંગા વિકાસ ક્રૂઝ વિશે ઉત્સાહ છે. આનાથી ઉત્તરપૂર્વને વૈશ્વિક ક્રૂઝ પ્રવાસન નકશા પર સ્થાપિત થઈ ગયું. ■



કેબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.

કેન્દ્રીય કેબિનેટના નિર્ણયો

# દિલ્હી મેટ્રોનું થશે વિસ્તરણ

## મહારાષ્ટ્ર અને ઓરિસ્સામાં મુખ્ય માળખાગત સુવિધાઓને મંજૂરી

*માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી દેશના વિકાસનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે, અને કેન્દ્ર સરકાર આ પ્રગતિને સતત વેગ આપી રહી છે. આ સંદર્ભમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે નવા વર્ષની ભેટ તરીકે દિલ્હી મેટ્રોના વિસ્તરણને મંજૂરી આપી. વધુમાં, મહારાષ્ટ્ર અને ઓડિશામાં મુખ્ય માળખાગત સુવિધાઓના પ્રસ્તાવોને પણ મંજૂરી આપવામાં આવી. કેન્દ્ર સરકારના આ પગલાથી દેશભરમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે જ, પરંતુ લાખો લોકોના દૈનિક પ્રવાસ પણ બનશે સરળ...*

**નિર્ણય: દિલ્હી મેટ્રોના ફેઝ-V (A) પ્રોજેક્ટના ભાગ રૂપે ત્રણ નવા કોરિડોરને મંજૂરી આપવામાં આવી.**

**અસર:** આ 16.076 કિમીનો પ્રોજેક્ટ રાષ્ટ્રીય રાજધાનીની અંદર કનેક્ટિવિટીમાં વધુ સુધારો કરશે. દિલ્હી મેટ્રોનો તબક્કો પાંચ(A)નો કુલ ખર્ચ 12014.91 કરોડ રૂપિયા છે.

**ત્રણ નવા કોરિડોર**

1. આર.કે. આશ્રમ રોડ થી ઈન્દ્રપ્રસ્થ (9.913 કિમી)
2. એરોસિટી થી IGD એરપોર્ટ T-1 (2.263 કિમી)
3. તુગલકાબાદ થી કાલિંદી કુંજ (3.9 કિમી)

- સેન્ટ્રલ વિસ્ટા કોરિડોર આ વિસ્તારના તમામ ફરજ બજાવતા લોકો, ઓફિસ જનારાઓ અને મુલાકાતીઓને કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- તેનાથી દરરોજ આશરે 60,000 ઓફિસ જનારાઓ અને 2 લાખ મુલાકાતીઓને લાભ થવાની અપેક્ષા છે.
- આ કોરિડોર પ્રદૂષણ અને અશ્મિભૂત બળતણ વપરાશમાં વધુ ઘટાડો કરશે, જેનાથી જીવનની ગુણવત્તામાં સુધારો થશે.
- દિલ્હી મેટ્રો હાલમાં દરરોજ સરેરાશ 65 લાખ મુસાફરોને સેવા આપે છે. આજે, દિલ્હી મેટ્રો દેશનું સૌથી મોટું મેટ્રો નેટવર્ક છે અને વિશ્વના સૌથી મોટા મેટ્રો નેટવર્કમાંનું એક છે.

**નિર્ણય: ઓરિસ્સામાં NH-326 ના 68,600 કિમીથી 3,11,700 કિમી સુધીના હાલના 2-લેન રસ્તાને પાકા શોલ્ડરવાળા 2-લેનનો બનાવવા માટે એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) પ્રોજેક્ટ ડિલિવરી પદ્ધતિથી પહોળો કરવા અને મજબૂત બનાવવાના પ્રસ્તાવને મંજૂરી.**

**અસર:** NH-326 ના અપગ્રેડેશનથી મુસાફરી ઝડપી, સલામત અને વધુ વિશ્વસનીય બનશે. આનાથી દક્ષિણ ઓડિશાનો એકંદર વિકાસ થશે, ખાસ કરીને ગજપતિ, રાયગડા અને કોરાપુટ જિલ્લાઓને ફાયદો થશે. સુધારેલ રોડ કનેક્ટિવિટી સ્થાનિક સમુદાયો, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રવાસન કેન્દ્રો, બજારો અને આરોગ્યસંભાળ સેવાઓ સુધી પહોંચવાની સુવિધા આપશે, સાથે સાથે રોજગારીની તકોમાં પણ વધારો કરશે. આ પ્રદેશના સમાવેશી વિકાસમાં ફાળો આપશે. પ્રોજેક્ટનો કુલ મૂડી ખર્ચ 1,526.21 કરોડ રૂપિયા છે.

**નિર્ણય: મહારાષ્ટ્રમાં બીઓટી મોડ પર 6-લેન ગ્રીનફિલ્ડ એક્સેસ-નિયંત્રિત નાશિક-સોલાપુર-અક્કલકોટ કોરિડોરના નિર્માણ માટેના પ્રોજેક્ટને મંજૂરી.**

**અસર:** આ પ્રોજેક્ટ 374 કિમી લાંબો હશે અને તેમાં આશરે 19142 કરોડ રૂપિયાનું રોકાણ થશે. તે નાસિક, અહિલ્યાનગર અને સોલાપુર જેવા મહત્વપૂર્ણ પ્રાદેશિક શહેરોને કુર્નૂલ સાથે જોડશે. આ પ્રોજેક્ટ આશરે 251.

06 લાખ માનવ-દિવસના પ્રત્યક્ષ રોજગાર અને 313.83 માનવ-દિવસ પરોક્ષ રોજગારનું સર્જન કરશે. વધુમાં, પ્રસ્તાવિત કોરિડોરની આસપાસના વિસ્તારમાં આર્થિક પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે વધારાની રોજગારીની તકોનું સર્જન થશે. ■



# પશ્ચિમબંગાળની પ્રગતિને નવી ગતિ



**કેન્દ્ર સરકારનો સતત પ્રયત્ન રહે છે કે સૌનો સાથ-સૌનો વિકાસ થાય. દેશના લાંબા સમયથી વંચિત ભાગોને આધુનિક કનેક્ટિવિટી પણ પૂરી પડે. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 ડિસેમ્બરે પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી અને આશરે રૂપિયા 3,200 કરોડના બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ્સ રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિ અને પ્રવાસનનો કરશે વિસ્તાર...**

પશ્ચિમ બંગાળમાં નાદિયા એ ભૂમિ છે જ્યાં પ્રેમ, કરુણા અને ભક્તિના જીવંત અવતાર શ્રી ચૈતન્ય પ્રભુ પ્રગટ થયા હતા. આ જ ભૂમિ પરથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાદિયા જિલ્લાના રાણાઘાટમાં બે મુખ્ય હાઈવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો અને ઉદ્ઘાટન કર્યું, જેથી પશ્ચિમ બંગાળની પ્રગતિને નવી ગતિ મળી શકે. નવા પ્રોજેક્ટ્સ કોલકાતા અને સિલિગુડી સાથે પ્રદેશના જોડાણને વધુ સુધારશે. આધુનિક માળખાકીય સુવિધાઓ વિકસિત ભારતના વિઝનને પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળમાં આધુનિક માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર રોકાણ કરી રહી છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે બરાજગુડીથી કૃષ્ણાનગર સુધીના ચાર-માર્ગીય રસ્તાથી ઉત્તર ચોવીસ પરગણા, નદિયા, કૃષ્ણાનગર અને અન્ય વિસ્તારોના લોકોને ઘણો ફાયદો થશે. આનાથી કોલકાતાથી સિલિગુડી સુધીના મુસાફરીના સમયમાં લગભગ બે કલાકનો ઘટાડો થયો છે. બારાસાતથી બરાજગુડી સુધીના ચાર-માર્ગીય રસ્તા પર પણ કામ શરૂ થઈ ગયું છે. આ બંને

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

- પ્રધાનમંત્રી મોદીએ પશ્ચિમ બંગાળમાં લગભગ 3,200 કરોડ રૂપિયાના બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
- નાદિયા જિલ્લામાં નેશનલ હાઈવે-34ના 66.7 કિલોમીટર લાંબા 4-લેન બરાજગુલી-કૃષ્ણનગર સેક્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- ઉત્તર 24 પરગણા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-34 ના 17.6 કિલોમીટર લાંબા 4-લેન બારાસત-બારાજાગુલી વિભાગનો શિલાન્યાસ કરવામાં આવ્યો.
- આ પ્રોજેક્ટ્સ કોલકાતા અને સિલિગુડી વચ્ચે મહત્વપૂર્ણ કનેક્ટિવિટી રૂટ તરીકે સેવા આપશે.
- આ પ્રોજેક્ટ્સ આશરે 2 કલાકનો મુસાફરી સમય બચાવશે અને ઝડપી અને સરળ વાહનોની અવરજવર સુનિશ્ચિત કરશે, જેનાથી અવિરત ટ્રાફિક રહેશે.
- આનાથી વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે અને કોલકાતા અને પશ્ચિમ બંગાળના અન્ય પડોશી જિલ્લાઓ તેમજ પડોશી દેશો સાથે જોડાણમાં સુધારો થશે



***હું તમારા માટે, તમારા સપનાઓને પૂરા કરવા માટે, બંગાળના ઉજ્જવળ ભવિષ્ય માટે બધી શક્તિથી તમારી સાથે ખભે ખભો મિલાવીને કામ કરીશ.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

પ્રોજેક્ટ્સ સમગ્ર પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિઓ અને પર્યટનનો વિસ્તાર થશે.

પશ્ચિમ બંગાળના વિકાસ માટે પૈસા, ઈરાદા કે યોજનાઓની કોઈ કમી નથી. વધુમાં, કેન્દ્ર સરકાર દરેક નાગરિકની ક્ષમતાઓમાં વધારો કરતી નીતિઓ બનાવી રહી છે અને નિર્ણયો લઈ રહી છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, હું તમને એક ઉદાહરણ આપું છું. થોડા સમય પહેલા, અમે GST બચત મહોત્સવની ઉજવણી કરી હતી. કેન્દ્ર સરકારે ખાતરી કરી હતી કે નાગરિકોને શક્ય તેટલા ઓછા ભાવે આવશ્યક ચીજવસ્તુઓ મળે. આના કારણે પશ્ચિમ બંગાળના લોકોએ દુર્ગા પૂજા અને અન્ય તહેવારો દરમિયાન ઘણી ખરીદી કરી.

**નાદિયાની ભૂમિ... પ્રેમ, કરુણા અને ભક્તિનું જીવંત સ્વરૂપ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 ડિસેમ્બરના રોજ પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે એક સભાને સંબોધિત કરી હતી. નાદિયા એ ભૂમિ છે જ્યાં પ્રેમ, કરુણા અને ભક્તિના જીવંત અવતાર ચૈતન્ય મહાપ્રભુ પ્રગટ થયા હતા. જ્યારે નાદિયાના દરેક ગામમાં, ગંગાના દરેક ઘાટ પર હરિનામ સંકીર્તનનો અવાજ ગુંજી ઉઠ્યો, ત્યારે તે ફક્ત ભક્તિ જ નહીં... તે સામાજિક એકતાનું આહ્વાન હતું. હોરિનામદિયે જોગોત માતાલે... આમાર એકલા નિતાઈ! આ લાગણી... તે સ્થળની માટી, હવા અને પાણીમાં અને તેના લોકોના હૃદયમાં હજુ પણ જીવંત છે.

**પ્રધાનમંત્રી મોદીનું આહ્વાન... વંદે માતરમને બનાવો રાષ્ટ્ર નિર્માણનો મંત્ર**

બંગાળ અને બંગાળી ભાષાએ ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિને સતત સમૃદ્ધ બનાવ્યા છે. વંદે માતરમ... એક એવું જ ઉત્કૃષ્ટ યોગદાન છે. આખો દેશ વંદે માતરમની 150મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે. તાજેતરમાં, ભારતીય સંસદે વંદે માતરમનો મહિમા કર્યો. પશ્ચિમ બંગાળની ભૂમિ વંદે માતરમના અમર ગીતની ભૂમિ છે. આ ભૂમિએ દેશને બંકિમ બાબુ જેવા મહાન ઋષિ આપ્યા... વંદે માતરમ દ્વારા, ઋષિ બંકિમ બાબુએ ગુલામ ભારતમાં એક નવી ચેતના જગાવી. એટલું જ નહીં, 19મી સદીમાં વંદે માતરમ ગુલામીમાંથી મુક્તિનો મંત્ર બન્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21મી સદીમાં વંદે માતરમને રાષ્ટ્રનિર્માણનો મંત્ર બનાવવાનું આહવાન કર્યું. હવે, વંદે માતરમ વિકસિત ભારત માટે પ્રેરણા બનવું જોઈએ... આ ગીત દ્વારા, આપણે વિકસિત પશ્ચિમ બંગાળની ચેતના જાગૃત કરવાની છે. ■



**નેતાજીની જન્મજયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રના વંદન**

# નેતાજીએ પોતાની બહાદુરી દ્વારા સ્વતંત્રતા સંગ્રામને આપી નવી તાકાત

***એક તેજસ્વી વિદ્યાર્થી, કુશળ પ્રશાસક અને સર્વકાલીન નેતા, સુભાષ ચંદ્ર બોઝે પોતાની હિંમત અને બહાદુરી દ્વારા ભારતીય સ્વતંત્રતા સંગ્રામને ઉર્જા આપી. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં તેમના પ્રભાવશાળી નેતૃત્વએ દેશના યુવાનોને એકત્ર કર્યા. નેતાજીની રાષ્ટ્ર પ્રત્યેની નિઃસ્વાર્થ સેવાને માન આપવા માટે, ભારત સરકારે 2021 થી શરૂ કરીને, દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ તેમના જન્મદિવસને "પરાક્રમ દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. માતૃભૂમિ માટે તેમનું અપ્રતિમ બલિદાન, દૃઢતા અને સંઘર્ષ હંમેશા રાષ્ટ્રને આપશે માર્ગદર્શન...***

પોતાના જીવનના તમામ સુખ-સુવિધાઓનો ત્યાગ કર્યો અને કાર કે સબમરીન દ્વારા આશરે 35,000 કિલોમીટરની મુસાફરી કરનાર નેતાજી સુભાષચંદ્ર બોઝે પોતાના દેશવાસીઓને સ્વતંત્ર અને સાર્વભૌમ ભારતની ખાતરી આપી. કલકત્તાથી જાપાન થઈને બર્લિન સુધીની મુસાફરી કરતા, ભારતને આઝાદ કરાવવા માટે ભવ્ય પ્રયાસ શરૂ કરનારા નેતાજીએ બ્રિટિશ અધિકારીઓને ગર્વથી જાહેર કર્યું, "હું સ્વતંત્રતા માટે ભીખ માંગીશ નહીં; હું તેને પ્રાપ્ત કરીશ." દેશ 23 જાન્યુઆરી, 2026 ના રોજ ભારતીય ભૂમિ પર પ્રથમ સ્વતંત્ર સરકારની સ્થાપના કરનારા નેતાજીની 129મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે.

આઝાદી કા અમૃત મહોત્સવમાં ભારત પોતાની ઓળખ અને પ્રેરણાને પુનર્જીવિત કરશે તેવી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ રીતે, દેશ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના જીવન સાથે સંકળાયેલા દરેક વારસાને ગર્વથી સાચવે છે. નેતાજીએ કહ્યું હતું કે, "ભારત બોલાવી રહ્યું છે. લોહી લોહીને બોલાવી રહ્યું છે. ઉઠો, આપણી પાસે ગુમાવવાનો સમય નથી." આટલી હિંમતભરી ગર્જના ફક્ત નેતાજી જ કરી શક્યા હોત. આખરે, તેમણે દર્શાવ્યું કે ભારતના બહાદુર પુત્રો એવી શક્તિને પણ હરાવી શકે છે જેનો સૂર્ય ક્યારેય યુદ્ધના મેદાનમાં આથમતો નથી. તેમણે ભારતની ભૂમિ પર સ્વતંત્ર ભારતની સરકારનો પાયો નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. નેતાજીએ આ વચન પૂર્ણ કર્યું. તેઓ પોતાના સૈનિકો સાથે આંદામાન પહોંચ્યા અને ત્રિરંગો લહેરાવ્યો.

### નેતાજી સંબંધિત ફાઈલો જાહેર

2015માં, ભારત સરકારે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સંબંધિત ફાઈલોને જાહેર કરવાનો અને તેને જાહેર જનતા માટે સુલભ બનાવવાનો નિર્ણય લીધો. 4 ડિસેમ્બર, 2015ના રોજ 33 ફાઈલોનો પ્રથમ બેચ બહાર પાડવામાં આવ્યો હતો. લાંબા સમયથી ચાલી આવતી જાહેર માંગને પૂર્ણ કરવા માટે, 23 જાન્યુઆરી, 2016ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નેતાજી સંબંધિત 100 ફાઈલોની ડિજિટલ નકલો બહાર પાડવામાં આવી હતી.



## નેતાજીના વારસાને સાચવવા માટે કામ કરી રહી છે કેન્દ્ર સરકાર

- 19 જાન્યુઆરી 2021 ના રોજ, એવી જાહેરાત કરવામાં આવી હતી કે દેશ દર વર્ષે 23 જાન્યુઆરીને પરાક્રમ દિવસ તરીકે ઉજવશે.
- 23 જાન્યુઆરી 2021 ના રોજ, નેતાજીની 125મી જન્મજયંતિ નિમિત્તે, ભારત સરકારે તેમની જન્મજયંતિની ઉજવણી માટે એક વર્ષ લાંબી ઉજવણી શરૂ કરી.
- 14 ઓક્ટોબર 2015ના રોજ, પીએમ નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને નેતાજી સુભાષ ચંદ્ર બોઝના પરિવારના 35 સભ્યોને મળ્યા હતા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21 ઓક્ટોબર 2018 ના રોજ અખિલ ભારતીય હિન્દુસ્તાન સરકારની રચનાની 75મી વર્ષગાંઠ નિમિત્તે લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવ્યો હતો.
- આઝાદ હિંદ ફોજ (IMA) ના ચાર ભૂતપૂર્વ સૈનિકોએ 2019 ના પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો હતો.
- 23 જાન્યુઆરી, 2021 ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતામાં નેતાજીના પૈતૃક ઘરની મુલાકાત લીધી હતી. નેતાજીની સ્મૃતિમાં એક સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. નેતાજીના પત્રો પર એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.
- 23 જાન્યુઆરી 2021 થી કોલકાતામાં નેતાજીના જીવન પર એક પ્રદર્શન અને પ્રોજેક્શન મેપિંગ પણ શરૂ થયું. હાવડાથી દોડતી હાવડા-કાલકા મેલ ટ્રેનનું નામ બદલીને નેતાજી એક્સપ્રેસ રાખવામાં આવ્યું.
- કર્તવ્ય માર્ગ પર નેતાજીની પ્રતિમાને તેનું યોગ્ય સ્થાન મળ્યું. હેતુ- કર્તવ્ય માર્ગ પર ચાલતા દરેક દેશવાસીને નેતાજીનું કર્તવ્ય પ્રત્યેનું સમર્પણ યાદ રહે.
- જ્યાં આઝાદ હિંદ સરકારે પહેલીવાર ત્રિરંગો ફરકાવ્યો હતો એ આંદામાન અને નિકોબારના ટાપુઓને નેતાજી સુભાષ ચંદ્રનું નામ આપવામાં આવ્યું. રોસ ટાપુ નેતાજી સુભાષ ચંદ્ર ટાપુ બની ગયો, હેવલોક અને નીલ ટાપુને સ્વરાજ અને શહીદ ટાપુ નામ આપવામાં આવ્યું હતું.
- 23 જાન્યુઆરી 2023 ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ટાપુની મુલાકાત લીધી અને નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકના મોડેલનું અનાવરણ કર્યું
- લાલ કિલ્લા ખાતે નેતાજી અને આઝાદ હિંદ ફોજના યોગદાનને સમર્પિત એક સંગ્રહાલય બનાવવામાં આવ્યું. પ્રથમ વખત, નેતાજીના નામે રાષ્ટ્રીય પુરસ્કાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી.

*બાળપણથી, જ્યારે પણ નેતાજી સુભાષચંદ્ર બોઝનું નામ સાંભળતો ત્યારે એક નવી ઉર્જા ભરાઈ જતી. એક એવું વિરાટ વ્યક્તિત્વ કે જેનું વર્ણન કરવા માટે શબ્દો ઓછા પડે. એક એવું દૂરંદેશી કે તેને જોવા માટે ઘણા બધા જીવન લાગી જાય. સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ એટલી હિંમત કે દુનિયાના મોટામાં મોટા પડકારો પણ તેના માર્ગમાં ટકી ન શક્યા. હું નેતાજી સુભાષચંદ્ર બોઝના ચરણોમાં નમન કરું છું.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

### 'પરાક્રમ દિવસ' પર બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં સંવાદ

નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ 'પરાક્રમ દિવસ' નિમિત્તે, 20 જાન્યુઆરી 2025 ના રોજ બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં 'તમારા નેતાઓને જાણો' કાર્યક્રમ હેઠળ અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ આપી. આ કાર્યક્રમ પાર્લામેન્ટરી રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસીઝ (PRIDE) દ્વારા આયોજિત, ઘણા યુવા સહભાગીઓએ નેતાજીના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન પર વિચાર વ્યક્ત કર્યા અને તેમના જીવન મૂલ્યો અને આદર્શોને યાદ કર્યા.



રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ

# આત્મસન્માન, એકતા અને સેવાનું પ્રતીક

*સુશાસનના પાયાના પ્રણેતા અને પોખરણ અને કારગિલ વિજય સાથે બહાદુરીની અમીટ ગાથા લખનાર ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની 101મી જન્મજયંતિ 25 ડિસેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કર્યું. આ સંકુલમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 65 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાઓ છે, જે રાજકીય વિચાર, રાષ્ટ્ર નિર્માણ અને જાહેર જીવનમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનનાં છે પ્રતીક...*

અખંડ ભારતનો પાયો "એક દેશમાં બે બંધારણ, બે વડા અને બે ધ્વજ નહીં ચાલે" ના મંત્ર સાથે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ નાખ્યો. પંડિત દીનદયાળ ઉપાધ્યાયે "અખંડ માનવતાવાદ" ના સિદ્ધાંતનો પ્રસ્તાવ મૂકીને સમાજના દરેક વર્ગના ઉત્થાન માટે અંત્યોદયનું લક્ષ્ય આપ્યું. રાષ્ટ્રવાદી વિચારોના મહાન કવિ અને રાષ્ટ્રીય નાયક અટલ બિહારી વાજપેયીએ રાષ્ટ્રીય કલ્યાણના આ પ્રવાહને આગળ ધપાવ્યો. ઉત્તર પ્રદેશના લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કરતા, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જીવન અને આદર્શોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે 25 ડિસેમ્બરનો આ દિવસ દેશના બે મહાન વ્યક્તિત્વોના જન્મનો અદ્ભુત અવસર પણ લાવે છે. ભારત રત્ન અટલ બિહારી વાજપેયી, ભારત રત્ન મહામના મદન મોહન માલવિય, આ બંને મહાપુરુષોએ ભારતની ઓળખ, એકતા અને ગૌરવનું રક્ષણ કર્યું અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાની અમીટ છાપ છોડી.

ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા જેમણે ભારતની એકતા, અખંડિતતા અને મજબૂત રાષ્ટ્ર નિર્માણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. પંડિત દીનદયાળ ઉપાધ્યાયે ભારતને તેના મૂળ સાથે જોડતા, આત્મનિર્ભર, સમૃદ્ધ અને સાંસ્કૃતિક રીતે મજબૂત રાષ્ટ્રનો માર્ગ મોકળો કર્યો. અટલ બિહારી વાજપેયીએ નિર્વિવાદપણે ભારતને વિશ્વના નકશા પર એક મજબૂત, વૈશ્વિક શક્તિ તરીકે સ્થાપિત કર્યું. લખનૌના રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ ખાતે આ ત્રણ મહાન રાષ્ટ્રીય નેતાઓની 65 ફૂટ ઊંચી કાંસાની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે, જે રાષ્ટ્રવાદી વિચારો અને આદર્શોને મૂર્તિમંત કરે છે. વિચાર, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતના વિકસિત ભારત અને વિકસિત ઉત્તર પ્રદેશનો આ અદ્ભુત સંગમ એક નવી,

## દેશના સુવર્ણ ભવિષ્યનો માર્ગ બતાવી રહ્યું છે રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ

- લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીએ 65 એકર વિસ્તારમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ વિકસાવ્યું છે, જે કમળના ફૂલના આકારમાં છે.
- આ એ જગ્યા છે જ્યાં થોડા મહિના પહેલા સુધી 6.5 લાખ મેટ્રિક ટન કચરાનો વિશાળ ડુંગર હતો.
- કેન્દ્ર અને રાજ્ય સરકારના દૃઢ નિશ્ચયને કારણે, તે કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા સમગ્ર વિસ્તારને હરિયાળો અને સ્વચ્છ સંકુલમાં પરિવર્તિત કરવામાં આવ્યો.
- આ સંકુલમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 65 ફૂટ ઊંચી કાંસાની પ્રતિમાઓ છે, જે ભારતના રાજકીય વિચાર, રાષ્ટ્ર નિર્માણ અને જાહેર જીવનમાં તેમના અવિસ્મરણીય યોગદાનનું પ્રતીક છે.
- રૂપિયા 230 કરોડના ખર્ચે બનેલ, આ અદ્ભુત સ્થળમાં 2 લાખ લોકો સમાઈ શકે છે. આ સંકુલમાં એક ધ્યાન ખંડ, એક પુસ્તકાલય, ત્રણ હજાર લોકોની ક્ષમતા ધરાવતું વિશાળ એમ્ફીથિયેટર અને એક સુંદર બગીચો સામેલ છે.
- નવીનતમ ટેકનોલોજી દ્વારા, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયીના ગૌરવશાળી જીવન, દર્શન, સંઘર્ષ અને વિચારોને સંગ્રહાલયમાં ચિત્રાત્મક વાર્તાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

> **રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ એ ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે જેણે ભારતને આત્મસન્માન, એકતા અને સેવા તરફ દોરી છે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયીની ઉંચી પ્રતિમાઓ તેમની પ્રેરણા જેટલી ઊંચી છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રેરણાદાયી કથાની રચના માટે તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું કે ડૉ. મુખર્જી, પંડિત દીનદયાળ અને અટલજીની પ્રેરણા, તેમનું દૂરંદેશી કાર્ય અને આ વિશાળ પ્રતિમાઓ, વિકસિત ભારતનો મુખ્ય પાયો છે. આજે, તેમની પ્રતિમાઓ આપણને નવી ઉર્જાથી ભરી રહી છે. આજે, હું ગર્વથી કહી શકું છું કે ઉત્તર પ્રદેશના મહેનતુ લોકો એક નવું ભવિષ્ય લખી રહ્યા છે. ઉત્તર પ્રદેશ એક સમયે તેના નબળા કાયદો અને વ્યવસ્થા માટે ચર્ચામાં હતું, પરંતુ આજે, તે તેના વિકાસ માટે ઉજવવામાં આવે છે. આજે, ઉત્તર પ્રદેશ રાષ્ટ્રીય પર્યટન નકશા પર ઝડપથી ઉભરી રહ્યું છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિર અને કાશી વિશ્વનાથ ધામ વિશ્વમાં એક નવી ઓળખના પ્રતીક બની રહ્યા છે. રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ જેવા આધુનિક બાંધકામો ઉત્તર પ્રદેશની નવી છબીને વધુ ઉજ્જવળ બનાવે છે.

### મહારાજા બિજલી પાસીને ભાવભીની અંજલિ

25 ડિસેમ્બરે મહારાજા બિજલી પાસીનો જન્મ દિવસ પણ છે. લખનૌનો પ્રખ્યાત બિજલી પાસી કિલ્લો રાષ્ટ્રીય પ્રેરણા સ્થળથી બહુ દૂર નથી. મહારાજા બિજલી પાસી દ્વારા આપવામાં આવેલા બહાદુરી, સુશાસન અને સમાવેશના વારસાને પાસી સમુદાય ગર્વથી આગળ ધપાવી રહ્યો છે. એ પણ એક સંયોગ છે કે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ વર્ષ 2000 માં મહારાજા બિજલી પાસીના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. તેમના સંબોધનમાં, પીએમ મોદીએ કહ્યું, "આ શુભ દિવસે, હું મહારાજા બિજલી પાસીને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું અને વંદન કરું છું." ■

વીર બાળ દિવસ

# સાહસી અને પ્રતિભાશાળી યુવાઓના નિર્માણનો એક મંચ

*સાહિબજાદાઓની બહાદુરીથી પ્રેરિત થઈને, કેન્દ્ર સરકારે 26 ડિસેમ્બરને વીર બાળ દિવસ તરીકે ઉજવવાનું શરૂ કર્યું. છેલ્લા ચાર વર્ષોમાં, આ નવી પરંપરા સાહિબજાદાઓની પ્રેરણાને નવી પેઢી સુધી પહોંચાડી છે, સાથે સાથે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર દ્વારા સાહસી અને પ્રતિભાશાળી યુવાનોના વિકાસ માટે એક પ્લેટફોર્મ પણ બનાવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 26 ડિસેમ્બર, 2025 ના રોજ વીર બાળ દિવસ પર પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત મંડપમ ખાતે વીર બાળ દિવસના રાષ્ટ્રીય કાર્યક્રમને કર્યો સંબોધિત...*

કલા, બહાદુરી, સમાજ સેવા અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપનારા બાળકોને દર વર્ષે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપવામાં આવે છે. આ વર્ષે, આ પુરસ્કાર મેળવનાર સૌથી નાની વયની 7 વર્ષની વાકા લક્ષ્મી પ્રાજ્ઞિકા હતી, જેણે દર્શાવ્યું હતું કે પ્રતિભા વયની મોહતાજ નથી. આવા પ્રતિભાશાળી બાળકોના કારણે, ભારતને વૈશ્વિક સ્તરે ચેસ પાવરહાઉસ તરીકે ઓળખ મળી રહી છે. પુરસ્કાર વિજેતાઓમાં અજય રાજ અને મોહમ્મદ સિદાન પી. બધા જ વખાણને પાત્ર છે. તેમની બહાદુરી અને બુદ્ધિમત્તાએ બીજાઓના જીવ બચાવ્યા. નવ વર્ષની વ્યોમા પ્રિયા અને 11 વર્ષના કમલેશ કુમારે બીજાનો જીવ બચાવવાનો પ્રયાસ કરતી વખતે પોતાનો જીવ ગુમાવ્યો.

પુરસ્કાર વિજેતાઓમાં 10 વર્ષીય શવણ સિંહનો પણ સમાવેશ થાય છે, જેણે યુદ્ધ સાથે સંકળાયેલા જોખમો હોવા છતાં, ઓપરેશન સિંદૂર દરમિયાન પોતાના ઘર નજીક સરહદ પર તૈનાત ભારતીય સૈનિકોને દરરોજ પાણી, દૂધ અને લસ્સી જેવી વસ્તુઓ પહોંચાડવાનું ચાલુ રાખ્યું.

શિવાની હોસુરુ ઉપ્પારા, એક દિવ્યાંગ વ્યક્તિ, રમતગમતની દુનિયામાં અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરવા માટે નાણાકીય અને શારીરિક





**હું ભારતના યુવાનો પાસેથી અપેક્ષા રાખું છું કે તેઓ મોટા સપના જુએ, સખત મહેનત કરે અને ક્યારેય પોતાના આત્મવિશ્વાસને ડગમગવા ન દે. ભારતનું ભવિષ્ય તેના બાળકો અને યુવાનોના ભવિષ્ય કરતાં વધુ ઉજ્જવળ હશે. તેમની હિંમત, તેમની પ્રતિભા અને તેમનું સમર્પણ રાષ્ટ્રની પ્રગતિને માર્ગદર્શન આપશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## વીર બાળ દિવસ પર આયોજન કરવામાં આવ્યા અનેક કાર્યક્રમો

વીર બાળ દિવસ પર, કેન્દ્ર સરકારે દેશભરમાં સહભાગી કાર્યક્રમોનું આયોજન કર્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોને સાહિબજાદાઓની અસાધારણ હિંમત અને સર્વોચ્ચ બલિદાન વિશે જાગૃતિ લાવવાનો અને શિક્ષિત કરવાનો હતો અને દેશના ઈતિહાસના યુવા નાયકોના અદમ્ય હિંમત, બલિદાન અને બહાદુરીનું સન્માન કરવાનો અને તેમને યાદ કરવાનો હતો. આ પ્રવૃત્તિઓમાં વાર્તા કહેવાની, કવિતા વાંચવાની, પોસ્ટર બનાવવાની અને નિબંધ લેખન સ્પર્ધાઓનો સમાવેશ થતો હતો. પ્રધાનમંત્રી મોદીએ 9 જાન્યુઆરી 2022 ના રોજ શ્રી ગુરુ ગોવિંદ સિંહના પ્રકાશ પર્વના અવસરે શ્રી ગુરુ ગોવિંદ સિંહના પુત્રો સાહિબજાદે બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહની શહાદતની યાદમાં 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

## બાળ વીરતાનું પ્રતીક વીર બાળ દિવસ

વીર બાળ દિવસ એ બાળકોની બહાદુરી અને ભક્તિથી ભરેલો દિવસ છે. નાની ઉંમરે, સાહિબઝાદા અજીત સિંહ, સાહિબઝાદા જુઝાર સિંહ, સાહિબઝાદા જોરાવર સિંહ અને સાહિબઝાદા ફતેહ સિંહે તે સમયની મોટી સત્તાનો સામનો કર્યો હતો. આ યુદ્ધ ભારતના મૂળભૂત આદર્શો અને ધાર્મિક કટ્ટરતા વચ્ચેનો મુકાબલો હતો. તે સત્ય અને અસત્ય વચ્ચેનો મુકાબલો હતો. તે સંઘર્ષની એક બાજુ દસમા ગુરુ, શ્રી ગુરુ ગોવિંદ સિંહજી હતા, અને બીજી બાજુ, ઔરંગઝેબની હકુમત હતી. સાહિબઝાદા તે સમયે નાના જ હતા, પરંતુ ઔરંગઝેબ અને તેમની ક્રૂરતા અવિચલ હતી. આપણા ગુરુ કોઈ સામાન્ય માણસ નહોતા. તેઓ તપસ્યા અને બલિદાનનું મૂર્ત સ્વરૂપ હતા. બહાદુર સાહિબઝાદાઓએ તેમની પાસેથી આ વારસામાં મેળવ્યું હતું. તેથી, ચાર સાહિબઝાદાઓમાંથી એક પણ ડગમગ્યા નહીં. સાહિબઝાદા અજિત સિંહના શબ્દો હજુ પણ તેમની હિંમત વિશે ઘણું બધું કહે છેઃ "હું નામથી અજિત છું, હારીશ નહીં. હારી પણ ગયો તો જીવિત તો નહિ જ આવું!"

મર્યાદાઓને પાર કરી, જ્યારે વૈભવ સૂર્યવંશીએ તીવ્ર સ્પર્ધા અને વૈવિધ્યસભર પ્રતિભાથી ભરેલા ક્રિકેટ વિશ્વમાં પોતાનું સ્થાન બનાવ્યું છે, અને અસંખ્ય રેકોર્ડ બનાવ્યા છે. પુરસ્કાર મેળવનારા તમામ બાળકોએ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતાઓની હાજરીમાં વીર બાળ દિવસ કાર્યક્રમમાં બોલતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આમાંથી કેટલાક બાળકોએ અસાધારણ બહાદુરી દર્શાવી છે." અન્ય લોકોએ સમાજ સેવા અને પર્યાવરણ ક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કર્યું છે. કેટલાકે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નવીનતા લાવી છે, જ્યારે ઘણા યુવા મિત્રો રમતગમત, કલા અને સંસ્કૃતિમાં યોગદાન આપી રહ્યા છે. હું આ પુરસ્કાર વિજેતાઓને કહેવા માંગુ છું કે આ સન્માન ફક્ત તમારા માટે જ નથી, પરંતુ તે તમારા માતાપિતા, તમારા શિક્ષકો અને માર્ગદર્શકોની મહેનતનું પણ સન્માન છે.

કહેવાય છે કે, "બાલાદપિ ગ્રહીતવ્યં યુક્તમ્ મનીષિભિઃ." મતલબ, ભલે કોઈ નાનું બાળક કંઈક સમજદારીભર્યું બોલે, તેને સ્વીકારવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ પણ વ્યક્તિ ફક્ત ઉંમરથી નાની કે મોટી નથી હોતી. તમે તમારા કાર્યો અને સિદ્ધિઓ દ્વારા મહાન બનો છો. કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે નાની ઉંમરે પણ, તમે એવી વસ્તુઓ પ્રાપ્ત કરી શકો છો જે અન્ય લોકોને પ્રેરણા આપે છે, અને તમે આ દર્શાવ્યું છે. આ સિદ્ધિઓને ફક્ત એક શરૂઆત તરીકે જોવી જોઈએ. તમારે હજુ ઘણો લાંબો સફર કાપવાનો છે. તમારે હજુ પણ તમારા સપનાઓને આકાશમાં લઈ જવાના છે. ■



શાંતિ બિલ, 2025

# સુરક્ષિત, સ્વચ્છ અને મજબૂત ભવિષ્યનો પાયો

## 'પ્રથમ સુરક્ષા, બાદમાં ઉત્પાદન'

*ભારત નેટ ઝીરો @2070 ની પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે અને આ પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા માટે, વધતી જતી ઊર્જા માંગનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે 2047 સુધીમાં 100 GW પરમાણુ ઊર્જા ક્ષમતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પણ કામ કરી રહ્યું છે. આ સંદર્ભમાં, સંસદે ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા માટે પરમાણુ ઉર્જા માટે ટકાઉ હાર્નેસિંગ અને એડવાન્સમેન્ટ બિલ, 2025, એટલે કે શાંતિ બિલ પસાર કર્યું છે, જે વૈશ્વિક સ્વચ્છ ઊર્જા અપનાવવામાં ભારતના આત્મવિશ્વાસ, વૈજ્ઞાનિક પરિપક્વતા અને જવાબદારીને કરે છે સ્પષ્ટ....*

શાંતિ બિલ, 2025 ફક્ત એક બિલ નથી પરંતુ સ્વચ્છ ઊર્જાને અપનાવીને જીવન બદલી નાખનાર બિલ છે. આ બિલનો હેતુ ભારતના નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રને આધુનિક બનાવવાનો છે. આ બિલ દ્વારા, ભારત તેના પરમાણુ ઊર્જા ક્ષેત્રને આધુનિક બનાવવા તરફ પગલાં લઈ રહ્યું છે. આ બિલ હેઠળ, ખાનગી કંપનીઓ પરમાણુ પ્લાન્ટ કામગીરી, વીજળી ઉત્પાદન, સાધનોનું ઉત્પાદન અને પસંદગીની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે, જ્યારે સુરક્ષા અને વ્યૂહાત્મક નિયંત્રણ સરકાર પાસે રહેશે. વધુમાં, રેડિએશન સંબંધિત તમામ પ્રવૃત્તિઓ માટે પૂર્વ પરવાનગી ફરજિયાત છે. આ બિલ પરમાણુ ઊર્જા અધિનિયમ, 1962 અને પરમાણુ નુકસાન માટે નાગરિક જવાબદારી (CLND) અધિનિયમ, 2010 ની જોગવાઈઓને એકીકૃત અને તર્કસંગત બનાવે છે. તે પરમાણુ ઊર્જા નિયમનકારી બોર્ડને વૈધાનિક દરજ્જો પ્રદાન કરે છે.

આ બિલ આરોગ્ય સંભાળ, કૃષિ, ઉદ્યોગ, સંશોધન અને અન્ય શાંતિપૂર્ણ કાર્યક્રમોમાં પરમાણુ અને કિરણોત્સર્ગ તકનીકોના ઉપયોગ માટે નિયમનકારી માળખું પૂરું પાડે છે. તે સંશોધન, વિકાસ અને નવીનતા જેવી મર્યાદિત પ્રવૃત્તિઓને લાઈસન્સિંગમાંથી મુક્તિ આપવામાં આવી છે, પરંતુ પરમાણુ ઊર્જા નિયમનકારી બોર્ડ (AERB) જેને ઔપચારિક

## પરમાણુ સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં, બિલમાં બધું જ સ્પષ્ટ

- **હવે સુરક્ષાનો કાયદો:** સલામતી હવે ફક્ત "સારી પ્રથા" નથી, પરંતુ એક કડક કાનૂની જવાબદારી છે. બધા સલામતી નિયમો હવે એક જ, સ્પષ્ટ, એકીકૃત કાયદામાં દસ્તાવેજીકૃત છે.
- **મજબૂત પરમાણુ "નિરીક્ષણ સંસ્થા":** શાંતિ બિલ એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ (AERB) ને વૈધાનિક દરજ્જો મળ્યો છે. હવે તેની પાસે કોઈપણ પરમાણુ પ્લાન્ટનું નિરીક્ષણ કરવાની, ખામીઓ શોધવાની અને સલામતીના ધોરણોનું પાલન ન થાય તો તેને તાત્કાલિક બંધ કરવાની કાનૂની સત્તા છે.
- **બધા માટે સમાન નિયમો:** ખાનગી કંપનીઓએ પણ કડક બહુ-તબક્કાની લાઇસન્સિંગ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, પછી ભલે તે સ્થળ પસંદગી, બાંધકામ અથવા કામગીરી શરૂ કરવા માટે હોય.
- **નવી પેઢીની સલામતી પર ભાર:** આ બિલ નાના મોડ્યુલર રિએક્ટર (SMRs) ને પ્રોત્સાહન આપે છે, જેમાં પેસિવ સલામતી પ્રણાલીઓ હોય છે. આનાથી માનવ ભૂલનું જોખમ ઓછું રહે છે.
- **સ્પષ્ટ લાઇસન્સ નિયમો:** પરમાણુ પ્લાન્ટ કોણ બનાવી શકે છે અને ચલાવી શકે છે તે હવે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત થયેલ છે. જવાબદારી સ્પષ્ટ બની જાય છે.
- **કેન્દ્ર સરકાર પાસે જ રહેશે ઉચ્ચ જોખમ ધરાવતા કાર્યો:** શાંતિ બિલ કેટલાક ક્ષેત્રોમાં ખાનગી ભાગીદારીને મંજૂરી આપે છે, પરંતુ બળતણ ચક્ર જેવા અત્યંત સંવેદનશીલ કાર્યો કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ રહેશે.
- **દરેક તબક્કે સલામતી ફરજિયાત:** પ્લાન્ટ શરૂ થવાથી લઈને બંધ કરવા સુધી, દરેક તબક્કે સલામતી તપાસ હવે કાયદેસર રીતે ફરજિયાત છે.
- **દરેક કાર્ય પહેલાં પરવાનગી જરૂરી:** કોઈપણ કાર્ય જેમાં કિરણોત્સર્ગનું જોખમ હોઈ શકે છે તેને ખાસ સલામતી મંજૂરીની જરૂર પડશે.



***"શાંતિ બિલ પસાર થવું એ આપણા ટેકનોલોજી ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ પરિવર્તનકારી ક્ષણ છે. તેના પસાર થવાનું સમર્થન કરનારા સાંસદોનો હું આભાર માનું છું. કૃત્રિમ બુદ્ધિમત્તાના સુરક્ષિત સંચાલનથી લઈને ગ્રીન મેન્યુફેક્ચરિંગને સક્ષમ બનાવવા સુધી, આ બિલ દેશ અને વિશ્વ માટે સ્વચ્છ ઉર્જા ભવિષ્ય માટે નિર્ણાયક પ્રોત્સાહન પૂરું પાડે છે. તે ખાનગી ક્ષેત્ર અને આપણા યુવાનો માટે પણ અસંખ્ય તકો ખોલે છે.***

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વૈધાનિક માન્યતા આપવામાં આવી છે.

**વળતરમાં કોઈ ઘટાડો થશે નહીં**

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે સ્પષ્ટતા કરી કે આ બિલ નાના રોકાણકારો દ્વારા ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ગ્રેડેડ જવાબદારી મર્યાદા સ્થાપિત કરે છે. પીડિતોને વળતરમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં. જો અકસ્માતને કારણે થયેલ નુકસાન ઓપરેટરની નિર્ધારિત જવાબદારી મર્યાદા કરતાં વધી જાય, તો સરકાર દ્વારા પ્રાયોજિત ભંડોળ અને આંતરરાષ્ટ્રીય કરારો દ્વારા સંપૂર્ણ અને અસરકારક વળતર પૂરું પાડશે. એટલું જ નહીં, 'પરમાણુ નુકસાન' ની વ્યાખ્યાનો વિસ્તાર કરીને, પર્યાવરણીય નુકસાનને પણ તેમાં સ્પષ્ટપણે સમાવવામાં આવ્યું છે.

**આંતરરાષ્ટ્રીય સહયોગ વધશે, પરંતુ રાષ્ટ્રીય હિતો સાથે કોઈ સમાધાન નહીં**

ભારત ફક્ત તે જ આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવશે જે દેશના ચોક્કસ સંજોગો અને હિતોને અનુરૂપ હશે. આ પ્રક્રિયામાં, ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા, રાષ્ટ્રીય હિતો અથવા પરંપરાગત શક્તિઓ સાથે સમાધાન કરવામાં આવશે નહીં. "શાંતિ" બિલ ફક્ત નાગરિક પરમાણુ ઊર્જાના ઉપયોગ સુધી સીમિત છે, જેમાં યુરેનિયમ સંવર્ધન સ્તર રિએક્ટરની જરૂરિયાતો સુધી મર્યાદિત છે. તે કોઈપણ રીતે હથિયાર-સ્તરની પ્રવૃત્તિઓ




**ભ્રમ: પરમાણુ ઉર્જા વીજળી મોંઘી બનાવશે.**

**સત્ય:** પરમાણુ ઉર્જા 24x7 વિશ્વસનીય વીજળી પૂરી પાડે છે, બળતણ ખર્ચ સ્થિર રહે છે.

- 60-80 વર્ષ સુધી પ્લાન્ટ ટકી રહે છે, એટલે કે સમય જતાં વીજળીના બિલ સસ્તા અને સ્થિર થશે.

**ભ્રમ: આ સુધારો ફક્ત મોટા ઉદ્યોગપતિઓ માટે જ છે.**

**સત્ય:** શાંતિ બિલ 2025 MSME અને સ્ટાર્ટઅપ્સ માટે નવી તકો લાવે છે.

- હજારો પાર્ટ્સના પુરવઠામાં ભાગીદારી, AI, આરોગ્ય અને નવી સામગ્રીમાં નવીનતાઓ
- સંશોધન માટે મોંઘા સાધનોની જરૂર નથી.

**ભ્રમ: પરમાણુ ઊર્જાનું ખાનગીકરણ થઈ રહ્યું છે.**

**સત્ય:** ખાનગીકરણ નહીં! પરમાણુ ઈંધણ પર સરકારી નિયંત્રણ.

- સુરક્ષા અને દેખરેખની સાથે, સરકાર ઉપયોગમાં લેવાતા બળતણ પર પણ નજર રાખશે.
- ખાનગી કંપનીઓ રોકાણ અને રોજગાર લાવશે.

**ભ્રમ: પરમાણુ ઊર્જા ભારતના ભવિષ્ય માટે ખતરો છે.**

**સત્ય:** પરમાણુ ઉર્જા પ્રદૂષણ ઘટાડે છે. કોલસા અને તેલ પરની નિર્ભરતા ઘટાડે છે.

- તે ઈલેક્ટ્રિક વાહનો (EV), આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ (AI) અને ગ્રીન હાઈડ્રોજન જેવા નવા ક્ષેત્રોના વિકાસમાં મદદ કરે છે.

**ભ્રમ: પરમાણુ શક્તિ ફક્ત વીજળી માટે છે.**

**સત્ય:** પરમાણુ ટેકનોલોજીનો ઉપયોગ કેન્સરની સારવાર, ખાદ્ય સુરક્ષા, સ્વચ્છ પીવાના પાણી અને કૃષિ સુધારણામાં થાય છે. નવા બિલ સાથે, પરમાણુ ઊર્જા માત્ર વીજળી ઉત્પન્ન કરશે નહીં પરંતુ જીવનમાં પણ વ્યાપક પરિવર્તન લાવશે.

**ભ્રમ: ખાનગી કંપનીઓ સુરક્ષા સાથે સમાધાન કરશે.**

**સત્ય:** સરકારી લાઈસન્સ, સુરક્ષા મંજૂરી અને ફરજિયાત વીમા વિના કોઈ ઓપરેટર રહેશે નહીં.

- જો નિયમોનો ભંગ થાય છે, તો સરકાર પ્લાન્ટ બંધ કરી શકે છે અથવા તેનો નિયંત્રણમાં લઈ શકે છે. સલામતી સાથે કોઈ સમાધાન નથી.

> **"શાંતિ બિલને ઈતિહાસમાં મોદી સરકારના સૌથી મોટા વિજ્ઞાન સુધારાઓમાંના એક તરીકે યાદ કરવામાં આવશે.**
>
> **- ડૉ. જીતેન્દ્ર સિંહ**
> **કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી**



સાથે જોડાયેલું નથી. શાંતિ બિલ, 2025, આંતરરાષ્ટ્રીય સહયોગ માટે નવી તકો ખોલશે. આંતરરાષ્ટ્રીય સહયોગ પરમાણુ રિએક્ટરના વિકાસ માટે માર્ગ મોકળો કરશે, જ્યારે બિલ પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટે સ્પષ્ટ નિયમનકારી માળખું પૂરું પાડે છે.

સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ ડેવલપમેન્ટ ઓફ એટોમિક એનર્જી (શાંતિ) બિલ, 2025, વિકસિત ભારતની પરમાણુ ઉર્જા યાત્રાના આગામી તબક્કાની શરૂઆત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે. કાનૂની માળખાને આધુનિક બનાવીને અને સંસ્થાકીય દેખરેખને મજબૂત બનાવીને, તે વધુ કાર્યક્ષમ, ભવિષ્યલક્ષી, નવીન અને સલામત પરમાણુ ઊર્જા ઈકોસિસ્ટમનો પાયો નાખે છે. આ બિલ 2047 સુધીમાં 100 ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતાના ભારતના પરમાણુ ઊર્જા મિશન લક્ષ્યને મજબૂત બનાવશે. જેમ જેમ દેશ ઊર્જા આત્મનિર્ભરતા અને તકનીકી પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે, તેમ તેમ આ કાયદો ભારતના પરમાણુ ઊર્જા અને વ્યાપક ઊર્જા લેન્ડસ્કેપના વિકાસને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ■



**સુપ્રસિદ્ધ શિલ્પકાર રામ વનજી સુથારનું નિધન**

# જેની કલા પથ્થરોમાં ફૂંકતી હતી પ્રાણ

**જન્મ: 19 ફેબ્રુઆરી 1925 મૃત્યુ: 18 ડિસેમ્બર 2025**

*ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી ડિઝાઈન કરનાર પ્રખ્યાત શિલ્પકાર રામ વનજી સુથારનું 18 ડિસેમ્બર, 2025 ના રોજ અવસાન થયું. રામ સુથારની કલાએ માત્ર પથ્થરને આકાર જ નથી આપ્યો, પરંતુ તેને આત્માથી પણ ભરી દીધો. ઐતિહાસિક શિલ્પોના સર્જક, રામ સુથારે અજંતા અને ઈલોરા ખાતેની પ્રતિમાઓના જિર્ણોદ્ધારમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના અસાધારણ યોગદાનથી ભારતનો કલાત્મક અને સાંસ્કૃતિક વારસો સમૃદ્ધ થયો જ નહીં, પરંતુ તેમના કાર્યો આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.*

મુંબઈની જે.જે. સ્કૂલ ઓફ આર્ટ એન્ડ આર્કિટેક્ચરના સુવર્ણ ચંદ્રક વિજેતા રામ સુથારનો જન્મ 1925માં મહારાષ્ટ્રના ધુળે જિલ્લામાં થયો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મહાનુભાવોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો અને તેમના યોગદાનને યાદ કર્યું. રામ સુથારના નિધન પર શોક વ્યક્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ X પર લખ્યું, “રામ સુથારજીના નિધનથી મને ખૂબ જ દુઃખ થયું છે. તેઓ એક ઉત્કૃષ્ટ શિલ્પકાર હતા જેમની કલાએ ભારતને કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત અનેક પ્રતિષ્ઠિત સ્મારકો આપ્યા. તેમના કાર્યો હંમેશા ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને સામૂહિક ભાવનાની શક્તિશાળી અભિવ્યક્તિ તરીકે યાદ કરવામાં આવશે. તેમણે આવનારી પેઢીઓ માટે રાષ્ટ્રીય ગૌરવને અમર બનાવ્યું છે. તેમના કાર્યો કલાકારો અને નાગરિકોને સમાન રીતે પ્રેરણા આપતા રહેશે. તેમના પરિવાર, પ્રશંસકો અને તેમના નોંધપાત્ર જીવન અને કાર્યથી પ્રભાવિત થયેલા બધા લોકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. ઓમ શાંતિ.”

સુથારને 1999માં પદ્મશ્રી અને 2016માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેમને તાજેતરમાં રાજ્યના સર્વોચ્ચ પુરસ્કાર મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસદ સંકુલમાં ધ્યાનસ્થ મુદ્રામાં મહાત્મા ગાંધી અને ઘોડા પર સવાર છત્રપતિ શિવાજીની પ્રખ્યાત પ્રતિમાઓ તેમની શ્રેષ્ઠ કૃતિઓમાંની એક છે. મૃત્યુ સમયે તેઓ 100 વર્ષના હતા.

તેમના નિધનને ભારતીય કલા જગત માટે એક નુકસાન ગણાવતા, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે ભગવાન તેમના મહાન આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે અને તેમના પરિવાર અને ચાહકોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

બેંગલુરુમાં શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની 108 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાના નિર્માણમાં પણ રામ સુથારે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એટલું જ નહિ, ભારત અને વિદેશમાં અસંખ્ય પ્રતિમાઓ છે જેણે ભારતને ગૌરવ અપાવ્યું છે, જેના નિર્માણમાં રામ સુથારે યોગદાન આપ્યું છે. ■




જોર્ડન, ઇથિયોપિયા અને ઓમાન

# ત્રણ દેશ, એક સંદેશ

## સહકાર, વિકાસ અને વિશ્વાસ

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જોર્ડન, ઇથિયોપિયા અને ઓમાનની મુલાકાત માત્ર રાષ્ટ્રીય સીમાઓ પાર કરવાની વાર્તા નથી, પરંતુ સભ્યતા, સંસ્કૃતિ અને સહયોગના સેતુને મજબૂત બનાવવાની એક મહત્વપૂર્ણ યાત્રા છે. આ મુલાકાત દરમિયાન થયેલી વાતચીત અને મુલાકાતોએ સહિયારા વારસા, વ્યૂહાત્મક ભાગીદારી અને ભવિષ્યની સંભાવનાઓને નવી દિશા આપી છે. આ મુલાકાત આ દેશો સાથે પરસ્પર સહયોગ, વિશ્વાસ અને ભાગીદારીના નવા અધ્યાયની કરી છે શરૂઆત...*

ભારત-જોર્ડન રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ અને ઓમાન સાથે રાજદ્વારી સંબંધોની 70મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે. દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇથિયોપિયાની તેમની પ્રથમ મુલાકાત સહિત આ ત્રણેય દેશોની મુલાકાતોએ વ્યૂહાત્મક સંબંધોને નવી ગતિ આપી છે. મુલાકાતો દરમિયાન, સહયોગ વધારવા અને મજબૂત કરવા, સહિયારા વિકાસ અને સમૃદ્ધિ માટે નવી તકો શોધવા અને પ્રાદેશિક શાંતિ, સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા પર ચર્ચાઓ કેન્દ્રિત હતી. 15 થી 18 ડિસેમ્બર-2025 દરમિયાન પ્રધાનમંત્રી મોદીની જોર્ડન, ઇથિયોપિયા અને ઓમાનની મુલાકાત અન્ય ઘણી બાબતોમાં પણ મહત્વપૂર્ણ રહી.

યાત્રાના પહેલા તબક્કામાં, પીએમ મોદી જોર્ડન પહોંચ્યા, જ્યાં તેમનું અમ્માન એરપોર્ટ પર જોર્ડનના પ્રધાનમંત્રી ડૉ. જાફર હસન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. 37 વર્ષના અંતરાલ પછી ભારતીય પ્રધાનમંત્રી દ્વારા

### ભારત અને જોર્ડન વચ્ચે થયા કરારો પર હસ્તાક્ષર

- નવી અને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં ટેકનિકલ સહયોગ.
- જળ સંસાધન વ્યવસ્થાપન અને વિકાસના ક્ષેત્રમાં સહયોગ.
- પેટ્રા અને એલોરા વચ્ચે ટ્વિનિંગ જોડાણના ક્ષેત્રોમાં કરાર.
- વર્ષ 2025-2029 માટે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમનું નવીકરણ.
- ડિજિટલ પરિવર્તન માટે વસ્તી સ્તરે અમલમાં મુકાયેલા સફળ ડિજિટલ ઉકેલોને શેર કરવાના ક્ષેત્રમાં સહયોગ.

જોર્ડનની આ પહેલી સંપૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત હતી. મુલાકાત દરમિયાન, પીએમ મોદી જોર્ડનના શાહઅબ્દુલ્લા બીજાને પણ મળ્યા. જોર્ડનના શાહે આતંકવાદ સામે ભારતની લડાઈને ટેકો આપ્યો અને તેના તમામ સ્વરૂપોમાં

## ભારત અને જોર્ડન વચ્ચે સંયુક્ત નિવેદન

- **રાજકીય સંબંધો:** બંને દેશોએ સહયોગ વધારવા અને તેમની સંબંધિત વિકાસની આકાંક્ષાઓને આગળ વધારવા માટે વિશ્વસનીય ભાગીદારો તરીકે સાથે ઊભા રહેવા સંમતિ આપી. રાજકીય પરામર્શનો પાંચમો રાઉન્ડ નવી દિલ્હીમાં યોજાશે.
- **આર્થિક સહયોગ:** ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર બન્યો છે. આર્થિક અને વેપાર સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવા માટે વર્ષ 2026 ના પહેલા છ માસમાં 11મી વેપાર અને આર્થિક સંયુક્ત સમિતિની બેઠક યોજવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.
- **ટેકનોલોજી અને શિક્ષણ:** ડિજિટલ ટેકનોલોજી અને શિક્ષણના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષો સલામત, સુરક્ષિત, વિશ્વસનીય અને સમાવેશી ડિજિટલ વાતાવરણ સુનિશ્ચિત કરવામાં સહયોગ કરવા પણ સંમત થયા હતા.
- **આરોગ્ય:** ટેલી-મેડિસિનને આગળ વધારવા અને આરોગ્ય કાર્યબળની તાલીમ આપવા માટે ક્ષમતા નિર્માણમાં કુશળતા શેર કરવા સંમત થયા.
- **કૃષિ:** ખાદ્ય સુરક્ષા અને પોષણને પ્રોત્સાહન આપવામાં કૃષિ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપી. આ ક્ષેત્રમાં સહયોગને મજબૂત બનાવવા માટે સહિયારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.
- **ગ્રીન અને ટકાઉ વિકાસ:** જળ-વાયુ પરિવર્તન, પર્યાવરણ, ટકાઉ વિકાસ અને નવી અને નવીનીકરણીય ઉર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ક્ષેત્રોમાં સહયોગ વધારવાના મહત્વ પર ચર્ચા કરી. નવી અને નવીનીકરણીય ઉર્જાના ક્ષેત્રમાં ટેકનિકલ સહયોગ પર કરાર.
- **સાંસ્કૃતિક સહયોગ:** બંને પક્ષોએ 2025-2029 સમયગાળા માટે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું. સંગીત, નૃત્ય, નાટ્ય, કલા, આર્કાઈવ્સ, પુસ્તકાલયો અને સાહિત્યના ક્ષેત્રોમાં અને ઉત્સવોમાં સહયોગ.
- **બહુપક્ષીય સહયોગ:** બંને પક્ષોએ ઉત્સર્જન ઘટાડવાની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા અને બંને દેશોના લોકો માટે વધુ આર્થિક અને સામાજિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે જૈવ ઈંધણને સતત, ઓછા કાર્બન વિકલ્પ તરીકે માન્યતા આપી.



આતંકવાદની નિંદા કરી. બંને નેતાઓ વચ્ચે વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, નવીનીકરણીય ઉર્જા, ખાતર અને કૃષિ, નવીનતા, માહિતી ટેકનોલોજી અને માળખાગત સુવિધા, આરોગ્ય અને ફાર્મા, પર્યટન, વારસો, સંસ્કૃતિ અને પરસ્પર સંબંધો જેવા ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી. ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં બંને દેશો વચ્ચે પરસ્પર વેપાર 5 બિલિયન ડોલર સુધી વધારવાનો લક્ષ્યાંક છે. તેમણે કહ્યું કે ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણોના ક્ષેત્રમાં ભારતની તાકાત અને જોર્ડનનું અનુકૂળ ભૌગોલિક સ્થાન એકબીજાને પૂરક બનાવી શકે છે. ઉપરાંત, ભારતની ગ્રીન પહેલનો ઉલ્લેખ કરતા, પીએમ મોદીએ નવીનીકરણીય ઉર્જા, ગ્રીન ફાઈનાન્સિંગ અને પાણીના રિસાયક્લિંગના ક્ષેત્રોમાં ભારત-જોર્ડન વેપાર સહયોગ વધારવાનું સૂચન કર્યું. જોર્ડન ભારત માટે ખાતરોનો એક મહત્વપૂર્ણ સપ્લાયર છે. બંને દેશોની કંપનીઓએ ફોસ્ફેટિક ખાતરોની ભારતની વધતી માંગને પહોંચી વળવા માટે જોર્ડનમાં મોટા રોકાણોની ચર્ચા કરી. કિંગ અબ્દુલ્લા બીજાએ કહ્યું કે જોર્ડનના મુક્ત વેપાર કરારો અને ભારતની આર્થિક શક્તિને જોડીને દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયા તથા તેનાથી આગળના ક્ષેત્રો વચ્ચે એક આર્થિક કોરિડોર બનાવી શકાય છે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



## ઈથિયોપિયાની યાત્રા...

# 5 અરબ ડોલરના રોકાણથી 75 હજાર રોજગારની તક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેશનલ પેલેસ ખાતે ઈથિયોપિયાના પ્રધાનમંત્રી ડૉ. અબી અહેમદ સાથે મુલાકાત કરી અને વાતચીત કરી. વાતચીત દરમિયાન, બંને નેતાઓ ભારત-ઈથિયોપિયા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવા સંમત થયા. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે 2023 માં G20 ની અધ્યક્ષતા દરમિયાન આફ્રિકન યુનિયનનું સભ્યપદ મેળવવું ભારત માટે એક વિશેષ સન્માનની વાત છે. પ્રધાનમંત્રી મોદીએ પહેલગામ આતંકવાદી હુમલાના પગલે ઈથિયોપિયાની એકતા દર્શાવવા બદલ આભાર વ્યક્ત કર્યો.

બંને નેતાઓએ ભારત અને ઈથિયોપિયા વચ્ચે વેપાર અને રોકાણ, નવીનતા અને ટેકનોલોજી, શિક્ષણ અને ક્ષમતા નિર્માણ અને સંરક્ષણ સહયોગ સહિત વિવિધ ક્ષેત્રોમાં બહુપક્ષીય ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરી. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતીય કંપનીઓએ ઈથિયોપિયાના અર્થતંત્રમાં 5 અરબ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે, જેનાથી 75 હજારથી વધુ સ્થાનિક રોજગારીનું સર્જન થયું છે, મુખ્યત્વે ઉત્પાદન અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં. બંને પ્રધાનમંત્રીઓએ ગ્લોબલ સાઉથની ચિંતાઓને દૂર કરવા માટે સંયુક્ત રીતે કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સહિત બહુપક્ષીય મંચો પર સહયોગની ચર્ચા કરી અને જળ-વાયુ પરિવર્તન, નવીનીકરણીય ઊર્જા અને આપત્તિ જોખમ ઘટાડા જેવા મુદ્દાઓ પર વધુ સહયોગ માટે હાકલ કરી.

## પ્રધાનમંત્રી મોદીએ ઈથિયોપિયાની સંસદના સંયુક્ત સત્રમાં કર્યું સંબોધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 17 ડિસેમ્બરના રોજ ઈથિયોપિયન સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. આ પ્રસંગે, પીએમ મોદીએ ભાર મૂક્યો હતો કે બંને દેશો પ્રાચીન જ્ઞાનને આધુનિક મહત્વાકાંક્ષા સાથે જોડે છે. આ સંદર્ભમાં, તેમણે કહ્યું હતું કે ભારતનું રાષ્ટ્રીય ગીત, વંદે માતરમ અને ઈથિયોપિયાનું રાષ્ટ્રગીત બંને પોતાની ભૂમિને માતા તરીકે સંબોધે છે. બંને દેશોના સહિયારા સંઘર્ષ પર પીએમ મોદીએ કહ્યું કે 1941 માં ઈથિયોપિયાની મુક્તિ માટે ભારતીય સૈનિકો ઈથિયોપિયન સૈનિકો સાથે મળીને લડ્યા હતા. ઈથિયોપિયન લોકોના બલિદાનના પ્રતીક, અદવા વિજય સ્મારકને શ્રદ્ધાંજલિ આપવી તેમના માટે સન્માનની વાત છે.

પ્રધાનમંત્રી મોદીએ, ભારત-ઈથિયોપિયા ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા, "વસુધૈવ કુટુંબકમ" ના સિદ્ધાંત પર ભાર મૂકતા કહ્યું કે, કોવિડ રોગચાળા દરમિયાન ઈથિયોપિયાને રસી પૂરી પાડવી એ ભારત માટે એક સૌભાગ્યની વાત છે. આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવામાં ઈથિયોપિયા દ્વારા એકતા દર્શાવવા બદલ પીએમ મોદીએ ઈથિયોપિયાનો આભાર માન્યો.

**પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.**

## ઈથિયોપિયા યાત્રાના પરિણામો...

- **દ્વિપક્ષીય સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી' ના સ્તર સુધી અપગ્રેડ કરવા.**
- **કસ્ટમ બાબતોમાં સહકાર અને પરસ્પર વહીવટી સહાય પર કરાર.**
- **ઈથિયોપિયાના વિદેશ મંત્રાલય ખાતે ડેટા સેન્ટર સ્થાપવા અંગે કરાર.**
- **સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા કામગીરી માટે તાલીમમાં સહયોગ પર કરાર.**
- **જી20 કોમન ફ્રેમવર્ક હેઠળ ઈથિયોપિયાને લોન પુનર્ગઠન પર કરાર.**
- **આઈસીસીઆર શિષ્યવૃત્તિ કાર્યક્રમ હેઠળ ઈથિયોપિયન વિદ્વાનો માટે શિષ્યવૃત્તિ બમણી કરવી.**
- **આઈટીઈસી કાર્યક્રમ હેઠળ ઈથિયોપિયન વિદ્યાર્થીઓ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રના વ્યાવસાયિકો માટે ખાસ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો.**
- **ભારત, દીસ અબાબામાં મહાત્મા ગાંધી હોસ્પિટલમાં માતાના સ્વાસ્થ્ય અને નવજાત શિશુ સંભાળમાં ક્ષમતા વધારવામાં મદદ કરશે.**



## પીએમ મોદીને ઈથિયોપિયા અને ઓમાન તરફથી પ્રાપ્ત થયા સન્માન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઈથિયોપિયાના પ્રધાનમંત્રી ડૉ. અબી અહેમદે દેશના સર્વોચ્ચ પુરસ્કાર, ગ્રેટ ઓનર નિશાન ઓફ ઈથિયોપિયા જ્યારે ઓમાનના સુલતાન હૈથમ બિન તારીકે ભારત-ઓમાન સંબંધોમાં તેમના અસાધારણ યોગદાન અને દૂરંદેશી નેતૃત્વ માટે પીએમ મોદીને ઓર્ડર ઓફ ઓમાનથી સન્માનિત કર્યા હતા. પીએમ મોદીને આ સન્માન પરસ્પર ભાગીદારીને મજબૂત બનાવવામાં તેમના અસાધારણ યોગદાન અને એક વૈશ્વિક રાજનેતા તરીકેના તેમના દૂરંદેશી નેતૃત્વ માટે આપવામાં આવ્યું હતું. પીએમ મોદીએ આ પુરસ્કાર સદીઓથી દ્વિપક્ષીય સંબંધોને પોષનારા તમામ ભારતીય અને ઈથિયોપિયન લોકોને સમર્પિત કર્યો હતો.



# ભારત-ઓમાનનો આગળનો માર્ગ થશે વધુ સરળ

### વ્યાપક આર્થિક ભાગીદારી કરાર

- ગાઢ આર્થિક અને વ્યાપારી સંબંધોને મજબૂત બનાવવા અને એનો વિકાસ.
- વેપાર અવરોધો ઘટાડીને અને સ્થિર માળખું બનાવીને બંને દેશો વચ્ચે વેપાર વધારવો.
- અર્થતંત્રના તમામ મુખ્ય ક્ષેત્રોમાં તકો ખુલશે, આર્થિક વૃદ્ધિ, રોજગાર સર્જન અને રોકાણ પ્રવાહને વેગ મળશે.

### દરિયાઈ વારસો અને સંગ્રહાલયોના ક્ષેત્રમાં કરાર

- લોથલ ખાતે રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલ સહિત દરિયાઈ સંગ્રહાલયોને ટેકો આપવા માટે સહયોગી ભાગીદારીની સ્થાપના.
- સહિયારા દરિયાઈ વારસાને પ્રોત્સાહન આપવા, પર્યટનને વેગ આપવા અને દ્વિપક્ષીય સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવવા માટે કલાકૃતિઓ અને કુશળતાના આદાનપ્રદાન, સંયુક્ત પ્રદર્શનો, સંશોધન અને ક્ષમતા નિર્માણને સરળ બનાવવું.

### કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં કરાર

- કૃષિ ક્ષેત્ર તેમજ પશુપાલન અને મત્સ્યઉદ્યોગના સંલગ્ન ક્ષેત્રોને આવરી લેતો ફ્રેમવર્ક દસ્તાવેજ.
- કૃષિ વિજ્ઞાન અને ટેકનોલોજી, બાગાયત, સંકલિત ખેતી પ્રણાલીઓ અને સૂક્ષ્મ સિંચાઈમાં પ્રગતિના ક્ષેત્રમાં સહયોગ.

### ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કરાર

- માનવ અને સામાજિક-આર્થિક વિકાસ લક્ષ્યોને આગળ વધારવા માટે જરૂરી જ્ઞાન અને નવીન પ્રણાલીઓનું નિર્માણ કરવા માટે સંયુક્ત રીતે સંશોધન હાથ ધરવાનો નિર્ણય.

### શ્રી અન્ન (મિલેટ) ખેતી અને કૃષિમાં સહકારના અમલીકરણ માટેનો કાર્યક્રમ

- શ્રીઅન્નના ઉત્પાદન, સંશોધન અને સંવર્ધનને આગળ વધારવા માટે ભારતની વૈજ્ઞાનિક કુશળતા અને ઓમાનની અનુકૂળ કૃષિ-જલવાયુની પરિસ્થિતિઓનો લાભ લેવા માટે સહકાર માટે માળખાની સ્થાપના.

### દરિયાઈ સહયોગ પર સંયુક્ત વિઝન દસ્તાવેજનો સ્વીકાર

- પ્રાદેશિક દરિયાઈ સુરક્ષા, દરિયાઈ અર્થતંત્ર અને દરિયાઈ સંસાધનોના સતત ઉપયોગના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવો.



## ભારત-ઓમાનનું સહિયારું ભવિષ્ય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મસ્કતમાં ભારત-ઓમાન બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું હતું, જેમાં ઉર્જા, કૃષિ, લોજિસ્ટિક્સ, માળખાગત સુવિધા, ઉત્પાદન, આરોગ્યસંભાળ, નાણાકીય સેવાઓ, ગ્રીન ગ્રોથ, શિક્ષણ અને કનેક્ટિવિટી ક્ષેત્રોના બંને દેશોના અગ્રણી વ્યાપારી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ માંડવીથી મસ્કત સુધી બંને દેશો વચ્ચે સદીઓ જૂના દરિયાઈ વેપાર સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો, જે આજે જીવંત વાણિજ્યિક આદાનપ્રદાનનો આધાર બનાવે છે. પ્રધાનમંત્રી મોદીએ ભારત અને ઓમાન વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી (CEPA) ની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ કરવા માટે વ્યાપારી નેતાઓને હાકલ કરી હતી, જેને તેમણે ભારત-ઓમાનના સહિયારા ભવિષ્ય માટે બ્લુપ્રિન્ટ તરીકે વર્ણવ્યું હતું. ભારત નીતિગત સુધારાઓ, સુશાસન અને રોકાણકારોના વિશ્વાસ દ્વારા સંચાલિત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માર્ગે છે. પ્રધાનમંત્રી મોદીએ ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે ભારત-ઓમાન કૃષિ ઈનોવેશન હબ અને ભારત-ઓમાન ઈનોવેશન બ્રિજ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ ફક્ત વિચારો નથી, પરંતુ રોકાણ, નવીનતા અને સાથે મળીને ભવિષ્યનું નિર્માણ કરવા માટે આમંત્રણ છે.




## ભારત-ઓમાન સંબંધોના કેન્દ્રમાં રહ્યું જ્ઞાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મસ્કતમાં ભારતીય સમુદાયને સંબોધિત કર્યું. તેમણે કહ્યું કે ઓમાનમાં સ્થાયી થયેલા ભારતના વિવિધ ભાગોના લોકોને મળીને તેમને ખૂબ આનંદ થયો. વિવિધતા એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે, એક મૂલ્ય જે તેમને કોઈપણ સમાજમાં સરળતાથી એકીકૃત થવામાં મદદ કરે છે જેનો તેઓ ભાગ બને છે. ભારત અને ઓમાન વચ્ચેના સદીઓ જૂના સંબંધોને ડાયસ્પોરા દ્વારા સખત મહેનત અને એકતા દ્વારા આગળ વધારવામાં આવી રહ્યા છે. 'જ્ઞાન' ભારત-ઓમાન સંબંધોના હૃદયમાં રહ્યું છે, તેમણે ભારતીય શાળાઓને 50 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા. ભારતીય સમુદાયને સંબોધતા, પીએમ મોદીએ વિદ્યાર્થીઓને ઈસરો (ISRO)ના 'યુવિકા' (YUVIKA) કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું, જે ફક્ત યુવાનો માટે છે.



प्रधानमंत्री का पूरा कार्यक्रम देखने के लिए QR कोड स्कैन करें।





# ગરીબ દર્દીઓના દેવદૂત

***પોતાના જીવનકાળ દરમિયાન લાખો લોકોની સારવાર કરનાર ડૉ. મુનીશ્વર ચંદ્ર ડાવરે મોંઘવારીના આ યુગમાં પણ માત્ર 20 રૂપિયાની નજીવી ફી લીધી. આ જ કારણ છે કે મધ્યપ્રદેશના લોકો નિવૃત્ત સૈન્ય જવાન ડૉ. મુનીશ્વર ચંદ્ર ડાવરને ગરીબો માટે દેવદૂતનું સ્વરૂપ માનતા હતા. ગરીબોના મસીહા તરીકે જાણીતા, મુનીશ્વર ચંદ્ર ડાવરને સમાજ પ્રત્યેની તેમની નિઃસ્વાર્થ સેવા અને ચિકિત્સા માટે વર્ષ 2023 માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. તેમની જાહેર સેવાની ભાવના લોકોને આપતી રહેશે પ્રેરણા...***

**જન્મ: 16 જાન્યુઆરી, 1946 ▪ મૃત્યુ: 4 જુલાઈ, 2025**

લોકોની સેવાને પોતાના જીવનનો ઉદ્દેશ બનાવનાર મુનીશ્વર ચંદ્ર ડાવરનો જન્મ 16 જાન્યુઆરી, 1946ના રોજ અખંડ ભારતમાં થયો હતો, જે હવે પાકિસ્તાનનો ભાગ છે. ભાગલા પછી તેમનો પરિવાર ભારતમાં રહેવા આવી ગયો. 1967માં, તેમણે જબલપુરથી તબીબી ડિગ્રી મેળવી અને લોકોની સેવા કરવાનું શરૂ કર્યું. બાદમાં તેઓ ભારતીય સેનામાં જોડાયા અને 1971 ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન લગભગ એક વર્ષ સુધી ત્યાં સેવા આપી. બાંગ્લાદેશમાં તેમની પોસ્ટિંગ દરમિયાન, તેમણે ઘણા ઘાયલ સૈનિકોની સારવાર કરી. યુદ્ધ સમાપ્ત થયા પછી, તેમણે સ્વાસ્થ્યના કારણોસર સમયથી વહેલી નિવૃત્તિ લીધી અને 1972માં, તેમણે માનવતાની સેવા કરવાનું નક્કી કર્યું અને જબલપુરમાં પોતાનું ક્લિનિક ખોલ્યું. તેમણે માત્ર 2 રૂપિયાની ફીથી દર્દીઓની સારવાર શરૂ કરી અને લગભગ પાંચ દાયકા સુધી સારવાર માટે સમર્પિત રહ્યા.

પોતાના એક શિક્ષક પાસેથી મળેલા બોધપાઠને ડૉ. ડાવરે જીવનભરનો મંત્ર બનાવ્યો. તેમના શિક્ષકે તેમને કહ્યું હતું કે તબીબી વ્યવસાય લોકોની સેવા કરવા માટે છે, તેમનું લોહી ચૂસવા માટે નહીં. આ શબ્દોએ તેમના જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમની ગુણવત્તાયુક્ત અને સસ્તી સારવારને કારણે તેમના ક્લિનિકમાં લોકોની ભીડ લાગેલી રહેતી. તેમનો ઉદ્દેશ માત્ર લોકોની સેવા કરવાનો હતો. સેવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા એટલી હતી કે તેઓ 50 વર્ષ સુધી દર્દીઓની સારવાર કરતા રહ્યા. શરૂઆતમાં, તેઓ ફક્ત 2 રૂપિયા લેતા હતા, જે પછીથી વધીને 5, 10, 15 અને 20 રૂપિયા થયા. સસ્તી સારવારના પ્રતીક તરીકે ગણાતા, ડૉ. ડાવરે ડ્રગ્સ મુક્તિ માટે પણ ઝુંબેશ ચલાવી હતી અને સામાજિક મુદ્દાઓ પ્રત્યે ખૂબ ચિંતિત હતા.

વર્ષ 2023માં જ્યારે ડૉ. ડાવરને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા, ત્યારે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમને અનેક અન્ય સન્માનોથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જબલપુરની મુલાકાત દરમિયાન ડૉ. ડાવરને વ્યક્તિગત રીતે મળ્યા હતા. તેમણે તેમના સ્વાસ્થ્ય અને સુખાકારી વિશે પૂછપરછ કરી હતી. પીએમ મોદીએ જણાવ્યું હતું કે જબલપુર અને આસપાસના વિસ્તારોના ઘણા લોકો ગરીબો અને વંચિતોની સારવાર માટેના તેમના પ્રયાસોની પ્રશંસા કરે છે. એપ્રિલ 2024માં, જે.પી. નડ્ડા પણ ડૉ. ડાવરને તેમના ઘરે મળવા ગયા હતા. સેવા, સમર્પણ અને કરુણાના પ્રતિક, ડૉ. ડાવરનું 4 જુલાઈ, 2025 ના રોજ અવસાન થઈ ગયું. ▪

# વિશ્વ પુસ્તક મેળો 2026

## ભારતીય સૈન્ય ઈતિહાસ : શૌર્ય અને પ્રજ્ઞા @ 75 પર આધારિત

આ વર્ષે, પુસ્તક મેળો "ભારતીય સેનાનો ઈતિહાસઃ બહાદુરી અને પ્રજ્ઞા @75" શીર્ષક સાથે ભારતીય સેનાના રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનને સમર્પિત છે. ઓપરેશન સિંદૂરમાં ભારત દ્વારા બહાદુરી દર્શાવ્યા પછી, આ ઘટના અનોખી છે. 1972 માં શરૂ થયેલો, આ મેળો વૈશ્વિક સાહિત્યિક કેલેન્ડરમાં એક મહત્વપૂર્ણ ઘટના બની ગયો છે, જે પુસ્તકો અને વાચકો વચ્ચેના અંતરને દૂર કરે છે. વિવિધ વય જૂથોના પ્રકાશકો, લેખકો, સંશોધકો અને વાચકો એક છત નીચે ભેગા થાય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, પુસ્તક મેળો ફક્ત પુસ્તકોના બજારથી ભારતીય જ્ઞાનનું પ્રદર્શન કરતા વૈશ્વિક પ્લેટફોર્મ, વિચાર અને સંવાદને સમાવતો આવ્યો છે.

આ વર્ષે વિશ્વ પુસ્તક મેળાનું 53મું સંસ્કરણ 10 જાન્યુઆરીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થયું હતું અને 18 જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. શિક્ષણ મંત્રાલયના નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા આયોજિત, વિશ્વ પુસ્તક મેળામાં 600 થી વધુ કાર્યક્રમોમાં 1,000 વક્તાઓ ભાગ લઈ રહ્યા છે. તેમાં 35 દેશોનું પ્રતિનિધિત્વ કરતા 1,000 થી વધુ પ્રકાશકો ભાગ લઈ રહ્યા છે. આ વર્ષનો પુસ્તક મેળો નૌકાદળ, સેના અને વાયુસેનાને સામૂહિક રીતે માત્ર ભારતની સંરક્ષણ રેખા તરીકે જ નહીં પરંતુ રાષ્ટ્રની એકતાના સ્તંભ તરીકે પણ પ્રદર્શિત કરી રહ્યો છે. તેમાં ભારતીય સેનાના ઈતિહાસ, સુરક્ષા અને વ્યૂહરચના પર 500 પુસ્તકોનો સમાવેશ થાય છે, જે સેવારત અને નિવૃત્ત અધિકારીઓ દ્વારા લખાયેલા છે.



*જ્યારે નાગરિકો વાંચે છે, ત્યારે રાષ્ટ્ર પ્રગતિ કરે છે.*

***-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***




### પીએમ-યુવા લેખક માર્ગદર્શન યોજનાના ત્રીજા તબક્કામાં 43 યુવા લેખકોની પસંદગી

શિક્ષણ મંત્રાલય હેઠળ નેશનલ બુક ટ્રસ્ટ (NBT), ભારત દ્વારા અમલમાં મુકવામાં આવેલી પ્રધાનમંત્રી યુવા લેખક માર્ગદર્શન યોજના-તૃતીય હેઠળ 33 યુવા લેખકોની પસંદગી કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ઉગતા લેખકોને ઓળખવાનો અને તેમને તેમના પુસ્તકો પ્રકાશિત કરવા માટે તાલીમની તકો, સંપાદકીય સહાય અને શિષ્યવૃત્તિ પૂરી પાડવાનો છે. આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર, યુવા લેખકોને તેમના લેખન અને વિચારો દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા પ્રેરણા આપશે. આ તબક્કામાં, 22 સત્તાવાર ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં તેમના પુસ્તક પ્રસ્તાવોના આધારે 30 વર્ષથી ઓછી ઉંમરના 43 યુવા લેખકોની રાષ્ટ્રીય સ્તરે પસંદગી કરવામાં આવી છે. 43 ઉગતા લેખકોમાંથી, 19 મહિલાઓ અને 24 પુરુષો છે. તેમના પુસ્તક પ્રસ્તાવોને છ મહિના માટે પ્રખ્યાત વિદ્વાનોના માર્ગદર્શન હેઠળ પુસ્તકોના રૂપમાં વિકસાવવામાં આવશે. દરેક પસંદ કરાયેલ લેખકને દર મહિને 50 હજાર ની શિષ્યવૃત્તિ અને પ્રકાશિત પુસ્તક પર 10 ટકાની આજીવન રોયલ્ટી મળશે.



Narendra Modi
@narendramodi

ICMR यानि इंडियन काउंसिल ऑफ मेडिकल रिसर्च की हाल ही की एक रिपोर्ट बताती है कि निमोनिया और UTI जैसी बीमारियों में Antibiotic दवाएं कमजोर साबित हो रही हैं। इसका एक बड़ा कारण बिना सोचे-समझे इनका सेवन है। इसलिए मेरा आग्रह है कि Doctors की सलाह के बिना Antibiotics दवाएं ना लें।

#MannKiBaat



Rajnath Singh

A Proud Moment celebrating India's deep maritime heritage as INSV Kaundinya, #IndianNavy's Sailing Vessel, built using the Ancient Indian Stitched Ship technique, embarks on a historic voyage from Porbandar (Gujarat) to Muscat, Oman, carrying a powerful message of heritage,craftsmanship and enduring friendship.



Amit Shah
@AmitShah

भारतीय भाषाओं के सम्मान की दिशा में एक और बड़ा कदम!

हमारे संविधान का संथाली भाषा में प्रकाशन किया जाना, संथाली समाज के साथ ही पूरे देश के लिए गौरव की बात है। अलचिकि लिपि में प्रकाशित यह संविधान जनजातीय समाज तक हमारे संविधान के आदर्शों और मूल्यों को और भी स्पष्ट रूप में पहुँचाएगा तथा हमारे संविधान निर्माताओं का स्वप्न साकार करेगा।
इस ऐतिहासिक कार्य के लिए मोदी जी का हार्दिक आभार।



Nitin Gadkari
@nitin_gadkari

Under the visionary leadership of PM Shri @narendramodi Ji, the #IndiaOmanCEPA marks a major milestone in India's trade journey 🇮🇳🤝 🇴🇲

Enhanced market access will boost Indian exports across plastics, furniture, engineering goods, pharmaceuticals, medical devices & automobiles.



Piyush Goyal

"Ideate in India, Innovate in India, Make in India & Make for the World" – PM @NarendraModi ji

The Trade Marks Act, 1999, has been a key pillar in protecting the interests of innovators & creators for 26 years. Along with that, the Modi Government's sincere efforts to foster the innovation ecosystem have strengthened the country's position in the global Intellectual Property (IP) landscape, promoting innovation-led growth that benefits not just India, but the world.



Ashwini Vaishnaw
@AshwiniVaishnaw

From finished products to components;
production is growing. Exports are rising. Global players are confident. Indian companies are competitive. Jobs are being created.
This is 'Make in India' impact story!

## पहली समुद्री यात्रा पर ओमान रवाना हुआ नौसेना का इंजन रहित जहाज कौण्डिन्य

**नई दिल्ली/पोरबंदर।** नौसेना का इंजन रहित पारंपरिक समुद्री जहाज आईएनएसवी कौण्डिन्य सोमवार को अपनी पहली अंतरराष्ट्रीय यात्रा पर पोरबंदर से ओमान के मस्कट के लिए रवाना हुआ। पश्चिमी नौसेना कमान के वाइस एडमिरल कृष्णा स्वामीनाथन ने इसे हरी झंडी दिखाकर रवाना किया।

इस दौरान भारत में ओमान के राजदूत ईसा सालेह अल शिबानी भी मुख्य अतिथि के तौर पर मौजूद थे। यह जहाज लकड़ी के तख्तों को लोहे की कीलों से जोड़ने के बजाय नारियल के रेशों से सिलकर लगभग 1500 साल पुरानी स्टिच्ड शिप तकनीक से बनाया गया है। बिना इंजन वाला कौण्डिन्य पूरी तरह हवा और पालों की सहायता से समुद्र में आगे बढ़ेगा। यह तकनीक भारतीय नाविकों की प्राचीन पारंपरिक विधियों पर आधारित है। कौण्डिन्य लगभग 19.6 मीटर लंबा और 6.5 मीटर चौड़ा है। इस पर 17 सदस्यीय दल सवार है, जिसमें 4 अधिकारी और 13 नौसैनिक शामिल हैं। जहाज की कमान कमांडर विकास शेरोन संभालेंगे, जबकि कमांडर वाई हेमंत कुमार इस अभियान के मुखिया होंगे। यह यात्रा भारत के पश्चिमी तट को ओमान से जोड़ने वाले प्राचीन समुद्री मार्ग से होगी। नौसेना के मुताबिक, इसका उद्देश्य केवल नौवहन नहीं, बल्कि भारत और ओमान के बीच साझा समुद्री विरासत, सांस्कृतिक आदान-प्रदान और द्विपक्षीय संबंधों को मजबूती देना है। कौण्डिन्य अरब सागर पार करते हुए लगभग 1,400 किलोमीटर की दूरी तय कर मस्कट पहुंचेगा। ब्यूरो



19.6 मीटर लंबा और 6.5 मीटर चौड़ा है कौण्डिन्य

### हवा व पालों की सहायता से समुद्र में आगे बढ़ेगा जहाज, समुद्री धरोहर के पुनर्जीवन पर पीएम ने जताई खुशी

**समुद्री परंपराओं को पुनर्जीवित करने का प्रयास : पीएम मोदी**

कौण्डिन्य की रवानगी पर प्रधानमंत्री नरेंद्र मोदी ने खुशी जाहिर करते हुए सोशल मीडिया पोस्ट में इसके डिजाइनरों, कारीगरों और नौसेना को उनके प्रयासों के लिए बधाई दी। पीएम ने लिखा, प्राचीन भारतीय जहाज सिलाई तकनीक से निर्मित कौण्डिन्य भारत की समृद्ध समुद्री परंपराओं को दर्शाता है। यह यात्रा भारत की समुद्री परंपराओं को पुनर्जीवित करने का प्रयास है।

## विकसित भारत के लिए विनिर्माण को प्रोत्साहन दें सभी राज्य : पीएम मोदी

### मुख्य सचिवों के सम्मेलन में प्रधानमंत्री बोले-देश में दुनिया के अनाज का कटोरा बनने की क्षमता

अमर उजाला ब्यूरो

**नई दिल्ली।** प्रधानमंत्री नरेंद्र मोदी ने देश को विकसित और वैश्विक सेवा क्षेत्र की महाशक्ति बनाने के लिए राज्यों से विनिर्माण को प्रोत्साहित करने और व्यापार सुगमता बढ़ाने का आह्वान किया। दिल्ली में राज्यों के मुख्य सचिवों के 5वें राष्ट्रीय सम्मेलन को संबोधित करते हुए पीएम मोदी ने कहा, भारत में पूरे विश्व के लिए अनाज का कटोरा बनने की क्षमता है और देश को उच्च मूल्य वाली कृषि, बागवानी, पशुपालन, दुग्ध उत्पादन और मत्स्य पालन की ओर बढ़ना चाहिए और प्रमुख खाद्य निर्यातक बनना चाहिए। उन्होंने कहा, यह सम्मेलन ऐसे समय हो रहा है जब भारत अगली पीढ़ी के सुधारों का गवाह बन रहा है।

पीएम मोदी ने कहा, भारत सुधार एक्सप्रेस में सवार हो चुका है और इसका प्राथमिक इंजन देश की युवा आबादी है। इसीलिए सरकार का प्रयास इस आबादी को सशक्त बनाना है। पीएम मोदी ने खुद सोशल मीडिया पर कई पोस्ट साझा कर इस सम्मेलन में शामिल होने की जानकारी दी। उन्होंने कहा, सम्मेलन में मैंने राज्यों से विनिर्माण को प्रोत्साहित करने, व्यापार सुगमता बढ़ाने और सेवा क्षेत्र को मजबूत करने का आह्वान किया। आइए हम भारत को वैश्विक सेवा क्षेत्र का महाशक्ति बनाने का लक्ष्य रखें।



**मेड इन इंडिया लेबल को गुणवत्ता का पर्याय बनाएं**

पीएम मोदी ने कहा, आइए, मेड इन इंडिया लेबल को गुणवत्ता का पर्याय बनाने और शून्य प्रभाव, शून्य दोष के प्रति अपनी प्रतिबद्धता को मजबूत करने की दिशा में काम करें। सम्मेलन के दौरान कौशल विकास, उच्च शिक्षा, युवा सशक्तिकरण और खेल जैसे विषयों, लोगों के जीवन में सकारात्मक बदलाव लाने के लिए नवीनतम तकनीक को एकीकृत करने पर भी बात हुई।

**केंद्र-राज्य की साझेदारी होगी मजबूत :** यह सम्मेलन राष्ट्रीय विकास प्राथमिकताओं पर रचनात्मक और सतत संवाद के माध्यम से केंद्र-राज्य साझेदारी को मजबूत करने की दिशा में मील का महत्वपूर्ण पत्थर है। बैठक में प्रधानमंत्री के प्रधान सचिव पीके मिश्रा और शक्तिकांत दास, कैबिनेट सचिव टीवी सोमनाथन, नीति आयोग के सदस्य, सभी राज्यों और केंद्र शासित प्रदेशों के मुख्य सचिव और संबंधित क्षेत्र के विशेषज्ञ उपस्थित थे।

**सहकारी संघवाद से प्रेरित है सम्मेलन**

प्रधानमंत्री के सहकारी संघवाद के दृष्टिकोण पर आधारित यह सम्मेलन केंद्र और राज्यों के सहयोग से भारत की मानव पूंजी क्षमता को अधिकतम स्तर तक पहुंचाने और समावेशी, भविष्य के लिए तैयार विकास को गति देने हेतु एक एकीकृत कार्ययोजना तैयार करने का मंच है। इसका आयोजन पिछले चार वर्षों से प्रतिवर्ष किया जा रहा है। पहला सम्मेलन जून, 2022 में धर्मशाला में आयोजित किया गया था, जिसके बाद जनवरी, 2023, दिसंबर, 2023 और दिसंबर, 2024 में नई दिल्ली में सम्मेलन आयोजित किए गए।

**कैसे करें काम, पीएम ने समझाया**

26 दिसंबर से शुरू हुए तीन दिवसीय सम्मेलन का विषय विकसित भारत के लिए मानव पूंजी था। पीएम मोदी ने कहा, मैंने इस बात पर अपने विचार साझा किए कि केंद्र और राज्य मिलकर भारत को आत्मनिर्भर बनाने, गरीबों को सशक्त बनाने और विकसित भारत के सपने को साकार करने के लिए कैसे काम कर सकते हैं। हमने जो कुछ भी किया, उसमें गुणवत्ता के महत्व पर जोर दिया। शासन में गुणवत्ता। वितरण में गुणवत्ता। विनिर्माण में गुणवत्ता।

## पीएम के सवाल पर ज्योति बोलीं-यहां तक पापा के ही प्रण से पहुंची



राष्ट्रपति मुर्मु से प्रधानमंत्री राष्ट्रीय बाल पुरस्कार प्राप्त करती ज्योति • पीआइबी

**जासं, सिरसा :** राष्ट्रपति द्रौपदी मुर्मु के हाथों प्रधानमंत्री राष्ट्रीय बाल पुरस्कार ग्रहण करते समय 17 वर्षीय ज्योति की आंखों में आत्मविश्वास, शब्दों में कृतज्ञता साफ झलक रही थी। नई दिल्ली के भारत मंडपम में संवाद के दौरान पीएम मोदी ने जब पूछा- क्या पापा ने खेलने में सपोर्ट किया तो ज्योति का उत्तर केवल निजी अनुभव नहीं, बल्कि सामाजिक रूढ़ियों पर सधा

## अर्जुन ने नंबर-1 कार्लसन को हराया, बनाई संयुक्त बढ़त

### विश्व ब्लिट्ज शतरंज : 11 दौर में जीतीं आठ बाजियां

**दोहा।** शीर्ष भारतीय ग्रैंडमास्टर अर्जुन एरिगैसी ने मजबूत एंडगेम तकनीक और त्वरित गणना के दम पर मौजूदा चैंपियन मैग्नस कार्लसन और नोदिरबेक अब्दुसत्तोरोव को परास्त कर दिया। अर्जुन फिडे विश्व ब्लिट्ज चैंपियनशिप के 11 दौर के बाद नौ अंकों के साथ संयुक्त रूप से शीर्ष स्थान पर हैं।



रविवार को अपना छठा विश्व रैपिड खिताब जीतने वाले विश्व नंबर एक कार्लसन अपने नौवें विश्व ब्लिट्ज खिताब जीतने का लक्ष्य लेकर उतरे हैं। संयुक्त रूप से शीर्ष पर एरिगेसी और फ्रांसीसी मैक्सिम वाचियर लाग्रेव के पीछे डैनियल डुबोव, अमेरिकी फैबियानो कारुआना और चीन के यू यांगयी हैं। इन सभी के 8.5 अंक हैं। कार्लसन, खिताब के प्रबल दावेदार अलीरेजा फिरोजा और भारत के एस नारायणन सहित आठ खिलाड़ी आठ अंकों के साथ छठे स्थान पर हैं। विश्व चैंपियन डी गुकेश और प्रगनानंदा 7.5 अंक लेकर 21 खिलाड़ियों के साथ 14वें स्थान पर हैं। अर्जुन ने 11 दौर में 8 जीत दर्ज कीं। उन्होंने दो ड्रॉ खेले और एक में हार मिली। उन्होंने नौवें दौर में कार्लसन को काले मोहरों से हराया। एजेंसी

### मोदी ने हंपी और अर्जुन के समर्पण को सराहा

**नई दिल्ली।** प्रधानमंत्री नरेंद्र मोदी ने फिडे विश्व रैपिड चैंपियनशिप के महिला और ओपन वर्ग में कांस्य पदक जीतने पर भारतीय शतरंज दिग्गज कोनेरू हंपी और अर्जुन एरिगेसी को बधाई दी। पीएम ने सोमवार को हंपी और अर्जुन के समर्पण और कड़ी मेहनत की सराहना की। हंपी गत चैंपियन के रूप में उतरी थीं। वह रविवार को संपन्न टूर्नामेंट में 8.5 अंक लेकर विजेता गोर्याचकीना और चीन की झू जिनेर के साथ संयुक्त बढ़त पर थीं, लेकिन टाईब्रेक नियमों के कारण उन्हें कांस्य से संतोष करना पड़ा। मोदी ने सोशल मीडिया पर लिखा, फिडे विश्व रैपिड शतरंज में शानदार प्रदर्शन करते हुए महिला वर्ग में कांस्य पदक जीतने वाली कोनेरू हंपी को हार्दिक बधाई। खेल के प्रति उनका समर्पण सराहनीय है। ओपन वर्ग में अर्जुन ने कांस्य जीता। वह मैग्नस कार्लसन और रूस के व्लादिस्लाव आर्टेमिएव के बाद तीसरे स्थान पर रहे थे। मोदी ने सोशल मीडिया पर लिखा, विश्व रैपिड शतरंज के ओपन वर्ग में कांस्य जीतने पर अर्जुन एरिगेसी पर गर्व है। उनका दृढ़ संकल्प सराहनीय है। एजेंसी



## पीएम ने मन की बात में जताई थी चिंता

## एंटीबायोटिक केवल डॉक्टर की सलाह पर ही लें: एम्स निदेशक

भास्कर न्यूज़ | नई दिल्ली

प्रधानमंत्री नरेंद्र मोदी ने मन की बात के 129वें एपिसोड में एंटीमाइक्रोबियल रेजिस्टेंस (एएमआर) यानी एंटीबायोटिक दवाओं के बेवजह इस्तेमाल पर चिंता जताई। प्रधानमंत्री के संदेश के बाद एम्स डायरेक्टर डॉ. एम श्रीनिवास ने एंटीबायोटिक के सही इस्तेमाल को लेकर अहम सलाह दी है।

एम्स निदेशक डॉ. एम श्रीनिवास ने कहा, यह बेहद जरूरी है कि एंटीबायोटिक सिर्फ डॉक्टर के परामर्श पर ही ली जाए। आमतौर पर अधिकांश संक्रमण वायरल होते हैं और एंटीबायोटिक वायरस पर काम नहीं करती हैं। एंटीबायोटिक केवल सेकेंडरी बैक्टीरियल इंफेक्शन में ही असरदार होती हैं। वायरस और बैक्टीरिया अलग-अलग होते हैं, इसलिए वायरल बीमारियों के लिए एंटीवायरल दवाएं इस्तेमाल की जाती हैं, न कि एंटीबायोटिक। स्वास्थ्य विशेषज्ञों के मुताबिक, बिना जरूरत और बिना डॉक्टर की सलाह के एंटीबायोटिक लेने से एंटीमाइक्रोबियल रेजिस्टेंस तेजी से बढ़ रहा है। इसका मतलब है कि भविष्य में वही दवाएं असर करना बंद कर सकती हैं, जो आज जान बचा रही हैं। डॉ. श्रीनिवास ने कहा, अगर लोग हर बुखार, सर्दी या खांसी में खुद से एंटीबायोटिक लेना बंद नहीं करेंगे, तो आने वाले समय में गंभीर संक्रमण का इलाज और मुश्किल हो जाएगा।

## ऑपरेशन सिंदूर देश का गर्व बना, दुनिया को दिखाई ताकत : मोदी

### मन की बात : प्रधानमंत्री ने 2025 की उपलब्धियों का किया जिक्र, कहा-युवा शक्ति के कारण पूरी दुनिया को हमसे बड़ी उम्मीदें



नए संकल्पों के साथ आगे बढ़ेंगे

दुबई में कन्नड़ भाषा सिखाने वाले परिवारों को सराहा

## પ્રયત્નોને મજબૂતી...

# 100 ની આસપાસ રામસર સાઈટ

**પર્યાવરણીય સંરક્ષણમાં ભારતે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. રાજસ્થાનના અલવરમાં સિલીસેઢ તળાવ અને છત્તીસગઢના બિલાસપુરમાં કોપરા જળાશયને આંતરરાષ્ટ્રીય મહત્વની આદ્રભૂમિ એટલે કે રામસર સ્થળ જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટેના ભારતના પ્રયાસોની પ્રતિબદ્ધતા અને શક્તિને પ્રતિબિંબિત કરે છે. સમૃદ્ધ જૈવ વિવિધતા, જળ સંસાધનોનું રક્ષણ, જળવાયુ સંરક્ષણ અને સ્થાયી આજીવિકા સુનિશ્ચિત કરવા માટેના રાષ્ટ્રના સામૂહિક પ્રયાસોની આ છે એક પ્રશંસનીય સિદ્ધિ...**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારત જૈવ વિવિધતા અને અમૃત વારસા સંરક્ષણના ક્ષેત્રમાં ઝડપી પ્રગતિ કરી રહ્યું છે, જેમાં રામસર સાઈટ્સની સંખ્યા હવે 100 ની નજીક પહોંચી ગઈ છે.

### ભારતમાં હવે રામસર સાઈટ્સની સંખ્યા

**26** 2014

**269%** નો વધારો

**96** 2025

**દેશમાં રામસર સાઈટ્સ દ્વારા આવરી લેવામાં આવેલો વિસ્તાર**

**13.61** લાખ હેક્ટરથી વધુ છે 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં.



કોપરા જળાશય (બિલાસપુર, છત્તીસગઢ)



સિલીસેઢ તળાવ (અલવર, રાજસ્થાન)


ન્યૂ ઈન્ડિયા સમાચાર પાક્ષિક

આરએનઆઇ, DELHIN/2020/78812, 1-15 નવેમ્બર, 2025

આએનઆઈ: DELHIN/2020/78812, દિલ્હી પોસ્ટલ લાયસન્સ નંબર-DL (S)- 1/3550/2023-25 ડબલ્યુપીપી સંખ્યા- U(S) 98/2023-25, posting of BPC, Market Road, New Delhi-110001 on 26-30 Advance fortnightly (પ્રકાશન તારીખ- 27 જાન્યુઆરી, 2025, કુલ પાના-68)

મુખ્ય સંપાદક: ધીરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

પ્રકાશક અને મુદ્રક: યોગેશ કુમાર બાવેજા, મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો

રૂમ નં-278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 થી પ્રકાશિત

મુદ્રણ - ઈન્ફિનિટી એડવર્ટાઈઝીંગ સર્વિસિસ પ્રા.લિ, એફબીડી વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, એનએચ - 1 ફરીદાબાદ - 121003